



# આદિવાસી ઉત્કર્ષ





ગુજરાત સરકાર

**ગુજરાતના લાખો આદિવાસી ભાઈઓ અને બહેનોના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષની ઉજવણી કરતો**



# ૯મી ઓગસ્ટ
# આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ

## મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ સમાજ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો


- વનબંધુ કલ્યાણ યોજના: આદિજાતિ વિકાસ માટે કુલ રૂ.૧,૦૦,૯૫૬ કરોડની ફાળવણી
- પેસા એક્ટની જોગવાઈઓનો સઘન અમલ: આદિજાતિ સમાજને જંગલની જળ-જમીન અને ગૌણ વનપેદાશોના એકત્રીકરણના ગૌણ ખનીજ અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ
- ગુણવત્તાસભર શિક્ષણ માટે નવી ૧૯ એકલવ્ય શાળાઓમાં ઉમેરો થતા કુલ ૧૧૭ એકલવ્ય શાળાઓ: ૩૨,૯૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ તથા ૨૪ નવી સરકારી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી
- મેડિકલ/એન્જિનિયરીંગ અભ્યાસ માટે આદિજાતિના ૭,૧૧૯ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગ: ચાલુ વર્ષમાં ૧,૦૩૮ વિદ્યાર્થીઓ મેડિકલ/એન્જિનિયરીંગ પ્રવેશ માટે પાત્ર
- આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પૂરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની રાજપીપળા ખાતે સ્થાપના કરી છે
- આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ રાજપીપળા નજીક ગરૂડેશ્વર ખાતે ૨૫ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે
- સમરસ હોસ્ટેલ: નવ શહેરોમાં ૧૨,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- વન અધિકાર અધિનિયમ હેઠળ વ્યક્તિગત દાવા, સામૂહિક દાવા અને માળખાકિય સુવિધા માટે ૧૩ લાખ એકર કરતા વધુ જંગલની જમીન ફાળવણી
- આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ નિમિત્તે એકલવ્ય મોડલ શાળાઓ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણનો વ્યાપ વધારવા આદિવાસી વિસ્તારમાં નવ શાળાઓ અને એક સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ઈ-લોકાર્પણ/ઈ-ભૂમિપૂજન

**નિર્ણાયક નેતા,**
**મજબૂત સરકાર**

**આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ**

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.

# આદિવાસી ઉત્કર્ષ





| | | |
|---|---|---|
| પ્રકાશક | : | માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| પ્રોસેસિંગ અને મુદ્રણ | : | સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ |
| પ્રકાશન વર્ષ | : | ૨૦૨૦-૨૧ |


આ પુસ્તિકામાં આદિજાતિ વિભાગની યોજનાઓની સરળ જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. યોજનાઓના અર્થઘટન, અમલ, ફેરફાર અને નાણાકીય મંજૂરીની બાબતો માટે સરકારશ્રીના વખતો વખતના ઠરાવ, હુકમો અને પરિપત્રો જ આધારભૂત ગણાશે અને યોજનાઓના અર્થઘટનમાં તે જ નિર્ણાયક રહેશે. તેમજ આ યોજનાઓની વધુ વિગતો માટે જે તે વિભાગ કે કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

# સંદેશો

આપણી ભવ્ય સંસ્કૃતિ અતિ પ્રાચીન અને વિશ્વ વિખ્યાત છે. વિવિધતામાં એકતાનું દર્શન કરાવતી સાંસ્કૃતિક વિરાસત આપણી ધરતી પર ફૂલીફાલી છે. વિશેષ અને અનોખા રીતિ-રિવાજો અને પરંપરાઓના જતન સાથે આદિજાતિના વિકાસ માટે સંવેદનશીલ સરકારે બીડું ઝડપ્યું છે.

વિકાસનો પર્યાય બની ગયેલા ગુજરાતે શોષિતો, પીડિતો, વંચિતો તેમજ આદિજાતિના હિત માટે અનેક સંવેદનાસભર નિર્ણયો લઈને તેઓને વિકાસની મુખ્યધારામાં લાવવાના પ્રયાસો આદર્યા છે. આદિજાતિના શિક્ષણ, આરોગ્ય, પાણી, વીજળીથી લઈને તમામ પ્રકારની સુવિધાઓ આપવા અને તેઓનો સર્વાંગી ઉત્કર્ષ કરવા માટે ઉત્તરોત્તર જોગવાઈઓ પણ કરવામાં આવી રહી છે. છેવાડાનો માનવી પણ સુખ, સુવિધા કે સમૃદ્ધિથી વંચિત ન રહી જાય તેની કાળજી રાખવામાં આવી રહી છે.

આદિવાસી સમાજ માટે ઉપયોગી અને સર્વગ્રાહી બાબતોના સમાવેશ સાથે રાજ્યના માહિતી ખાતા દ્વારા "આદિવાસી ઉત્કર્ષ" પુસ્તિકાનું પ્રકાશન આવકાર્ય છે. પુસ્તિકા સર્વે લાભાર્થીઓ માટે ઉપકારક બની રહે એવી શુભેચ્છા પાઠવું છું.



વિજયભાઈ રૂપાણી
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



# સંદેશો

આદિવાસીની મહેનતુ, ખંતીલા અને નિખાલસ હોવાની ઓળખ વ્યાપક જનમાનસના હૃદયમાં અંકિત થયેલી છે. સ્વભાવે શાંતિપ્રિય અને મિતભાષી આદિવાસી ભાઈ-બહેનો ખપ પૂરતો જ વનપેદાશોનો ઉપયોગ કરી કુદરત સાથે સાયુજ્ય સાધી આદિકાળથી જીવન નિર્વાહ કરતા આવ્યા છે.

આદિવાસીઓમાં રહેલી નૈસર્ગિક તિરંદાજી, વન્ય પેદાશોમાંથી રોજીંદી જીવન જરૂરીયાતની વસ્તુઓ તૈયાર કરવા જેવી અનેક કુશળતાઓને પારખી, આ કૌશલ્યોને ઉચ્ચસ્તરે પહોંચાડી આદિવાસી સમાજની આધુનિક ઓળખ બનાવવાની દિશામાં ગુજરાત રાજ્યે પહેલ કરી છે. આદિજાતિ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે આદર્શ નિવાસી શાળા, એકલવ્ય શાળા, શિષ્યવૃતિ, ગણવેશ સહાય, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન જેવી અનેક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. માનવ ગરિમા યોજના તેમજ વિવિધ રોજગારલક્ષી તાલીમ અને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા લોન સહાય જેવા આયોજનના કારણે આર્થિક સદ્ધરતા તરફ ગુજરાતના આદિવાસી આગળ વધી રહ્યા છે. કુંવરબાઈનું મામેરુ તેમજ સાત ફેરા સમૂહલગ્ન યોજના દ્વારા આદિજાતિના સામાજિક ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર સતત નિષ્ઠાવાન પ્રયત્નો કરતી રહી છે.

અનુસૂચિત જનજાતિના સર્વગ્રાહી વિકાસ માટે ગુજરાત સરકારની અનેકવિધ યોજનાઓ તથા વિગતોને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાના પ્રયાસના ભાગરૂપે માહિતી ખાતા દ્વારા **'આદિવાસી ઉત્કર્ષ'** પુસ્તિકાના પ્રકાશન કાર્યનું કામ હાથ ધરાયું છે જે આવકાર્ય અને પ્રશંસનીય ગણાય. આદિવાસી ભાઈ-બહેનો તેમજ વિદ્યાર્થીવર્ગ આ પુસ્તિકામાં સમાવિષ્ટ માહિતી વડે સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર થાય અને તેનો મહત્તમ ઉપયોગ કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

**ગણપતસિંહ વસાવા**
**મંત્રી, આદિજાતિ વિકાસ,**
**વન અને પર્યાવરણ**

# સંદેશો



અનુસૂચિત જનજાતિના સર્વાંગીણ ઉત્કર્ષ માટે તેમને બદલાતા યુગના સામાજિક અને આર્થિક પ્રગતિના પ્રવાહમાં સંમિલિત કરવા માટે નવા મૌલિક અભિગમ અપનાવવાની આવશ્કતા છે.

રાજય સરકારના સતત અને સ્તુત્ય પ્રયાસોથી રાજયના છેવાડાના આદિવાસી ક્ષેત્ર સુધી રોજગારી, જાહેર સુખાકારી તેમજ વિવિધ સેવાઓ પહોંચાડીને ધાર્યા પરિણામો મેળવવામાં આવ્યા છે. આધુનિક શહેરોના નિર્માણ માટે પરસેવો પાડનાર આદિવાસી શ્રમજીવીને તેમના વતનમાં પાકા રસ્તા, શાળાના ઓરડા અને અન્ય પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સરકારની પહેલ કારગત નીવડી છે.

કોઈપણ સમાજનું પરિવર્તન આપો આપ થતું નથી. દાયકાઓના આયોજનબદ્ધ વિકાસલક્ષી પગલાં, ખંત, નિષ્ઠાપૂર્વકની સેવા તથા ધૈર્ય તેના પાયામાં હોય છે. કોઈપણ ક્ષેત્રના વિકાસ માટે નાણાકીય જોગવાઈ પાયાની જરૂરિયાત છે અને રાજય સરકારે આદિજાતિઓના સર્વાંગીણ ઉત્કર્ષ માટે ઉત્તરોત્તર નાણાકીય જોગવાઈ વધારી છે.

રાજય સરકારના માહિતી ખાતા દ્વારા આદિવાસી સમાજ માટે ઉપયોગી બની રહે એવી સર્વગ્રાહી બાબતોનો સમાવેશ કરી **"આદિવાસી ઉત્કર્ષ"** પુસ્તિકાનું પ્રકાશન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જે પ્રસંશનીય છે. પ્રસ્તુત પુસ્તિકા વધુમાં વધુ લોકોને વિકાસની દિશામાં આગળ વધવા રાહ ચીંધી પોતાનો ઉદ્દેશ સાર્થક કરે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

**રમણલાલ પાટકર**
**રાજ્ય મંત્રી, વન અને**
**આદિજાતિ વિભાગ**



# સંદેશો

સતત વીસ વર્ષથી ચાલી આવતી ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના સુફળ આદિવાસી જિલ્લાઓમાં દેખાઇ રહ્યાં છે. સમગ્ર રાષ્ટ્રમાં નોંધનીય અને પરિણામલક્ષી વિકાસ કૂચ એ કંઈ ત્વરિત લીધેલાં નિર્ણયોનું પરિણામ નથી, પરંતુ દૂરંદેશી અને સર્વાંગી વિકાસની શુભ ભાવનાનું પરિણામ છે. સર્વસમાવેશક વિકાસને વરેલું ગુજરાત આખા હિન્દુસ્તાનમાં આદિવાસી વિકાસનું સર્વસ્પર્શી, સર્વગ્રાહી આયોજન અને તેના અમલ દ્વારા દેશનું પથદર્શક બન્યું છે.

દેશના વિવિધ રાજ્યોની સરખામણીમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા પછી ગુજરાતનો આદિવાસી વસ્તીમાં ચોથો ક્રમ આવે છે. આથી આદિવાસીઓના સશિક્તકરણ અને આર્થિક કલ્યાણ દ્વારા સમૂચા વિકાસને કેન્દ્રમાં રાખી છેલ્લાં ચાર વર્ષથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કુશળ નેતૃત્વમાં રાજ્ય સરકારે વિવિધ કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓનો અમલ પારદર્શક, લોકાભિમુખ અને સરળ બનાવવાના પરિણામે આદિવાસી વિસ્તારોમાં પાયાની પ્રાથમિક જરૂરિયાતો સરળતાથી પ્રાપ્ત થઈ છે. ગુજરાતના આદિવાસીઓ વધુ વિકસિત થયાં છે.

જો કોઈ સમાજનો સર્વાંગ સંપૂર્ણ વિકાસ સાધવો હોય તો શિક્ષણ એના પાયામાં છે. આદિવાસી પ્રજામાં કલા અને કૌશલ્યોનો ભંડાર પડેલો છે, આથી રાજ્ય સરકારે ગુણવત્તાસભર શિક્ષણ, કૌશલ્યવર્ધન સાથે રોજગારીની તકો સુલભ બનાવી તેઓને મુખ્યપ્રવાહ સાથે જોડ્યા છે. માહિતી વિભાગ દ્વારા આદિવાસીઓના સર્વાંગીણ વિકાસ માટે ઉપયોગી યોજનાકીય વિગતો તેમજ પ્રેરક બાબતોને સંકલિત કરી **'આદિવાસી ઉત્કર્ષ'** પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે તે આવકારદાયક પ્રયાસ છે. આ માહિતીસભર પુસ્તિકા સરકારની યોજનાઓની વિગતોને યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં વ્યાપક સફળતા મેળવી, પ્રકાશન કાર્યને સાર્થક કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

**અશ્વિનીકુમાર** (આઇ.એ.એસ.)
**સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ**



# સંદેશો

પ્રકૃતિના દરેક તત્ત્વ સાથે નિકટતાની અનુભૂતિ આદિજાતિ સભ્યતાનું જમા પાસું છે. આ નિકટતાને કારણે પ્રકૃતિનું સંરક્ષણ તેમના સ્વભાવમાં ઉતર્યું છે અને આદિવાસી સભ્યતાનું અનન્ય અંગ બની રહ્યું છે.

ગુજરાતમાં વસવાટ કરતા આદિવાસી સમાજમાં ભૌગોલિક વિસ્તારોને આધારે ઘણું વૈવિધ્ય જોવા મળે છે. ગુજરાતના ૧૪ જિલ્લાઓમાં બનાસકાંઠાથી વલસાડ સુધીની પૂર્વપટ્ટીના ભૂભાગમાં સદીઓથી આદિજાતિના લોકો વસવાટ કરે છે.

સરળ, નિર્દોષ અને પ્રકૃતિમિત્ર એવો ગુજરાતનો આદિજાતિ સમાજ સર્વાંગીણ અને નક્કર વિકાસ તરફ આગળ વધે તે દિશામાં ગુજરાતે સશક્ત નેતૃત્વ લીધું છે. આદિજાતિના વિદ્યાર્થીઓ આજે વિદેશમાં જઈ ઉચ્ચ અભ્યાસ કરતા થયા છે. સ્કૂલ જતા વિદ્યાર્થીઓ દૂધ સંજીવની યોજના દ્વારા સુપોષિત બન્યાં છે. આદિવાસી સ્ત્રી-પુરુષો વન-પેદાશો પર આધારિત વિવિધ બનાવટોના ઉત્પાદન અને વેચાણ થકી આર્થિક સશક્ત થઈ રહ્યા છે. આદિજાતિ સમાજના મહત્તમ લોકો ગુજરાતના વિકાસ યજ્ઞમાં યોગદાન આપે તે માટે શિક્ષણ, આર્થિક વિકાસ, આરોગ્ય, આવાસ, પીવાનું પાણી, રસ્તા અને વીજળી જેવી આંતર માળખાકીય સુવિધાઓ અને સેવાઓ સુદૃઢ આયોજન વડે પહોંચાડવામાં આવી રહી છે.

**'આદિવાસી ઉત્કર્ષ'** પુસ્તિકા આદિવાસી સમાજને વિવિધ યોજનાઓથી અવગત કરાવવાનું, તેમને પ્રેરણા આપવાનું જેવા અગત્યના કાર્ય કરશે. આર્થિક, સામાજિક, શૈક્ષણિક તેમજ આરોગ્યલક્ષી યોજનાઓના લાભથી આદિવાસી સમાજનો મોટો વર્ગ પ્રભાવિત થાય અને રાજ્યની વિકાસ યાત્રામાં વધુ યોગદાન આપતા થાય તેવી શુભેચ્છા પાઠવું છું.

**અશોક કાલરીયા**
**માહિતી નિયામક**

# સર્વગ્રાહી વિકાસ થકી ગુજરાતની વિકાસ યાત્રામાં સહભાગી થતા આદિજાતિ વિસ્તારો

વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર ભારતમાં કુલ ૧૦.૪૩ કરોડ આદિજાતિની વસતિ છે. જે કુલ વસતિના ૮.૬૧ ટકા જેટલી છે. તે સામે સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યની કુલ વસતિ ૬૦૪.૪૦ લાખ છે. આદિજાતિઓની વસતિ ૮૯.૧૭ લાખ છે.

ભારતમાં વસતા કુલ આદિવાસીઓમાં અડધાથી વધુ પ્રમાણમાં આદિવાસીઓ મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ઝારખંડ, ગુજરાત તથા મિઝોરમ જેવા ઈશાન ભારતનાં રાજ્યોમાં વસે છે. જો કે હરિયાણા, પંજાબ, દિલ્હી, પોંડીચેરી અને ચંડીગઢ સિવાયના દેશના બધાં રાજ્યોમાં વત્તાઓછા પ્રમાણમાં આદિવાસીઓ વસે છે. ભારતના બંધારણની પાંચમી અનુસૂચિમાં દેશના વિવિધ ભાગમાં વસતિ જાતિઓને “અનુસૂચિત જન જાતિનો” સત્તાવાર દરજ્જો આપવામાં આવ્યો છે.

આદિવાસીઓ દેશના દુર્ગમ, અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારોમાં અત્યંત છૂટાછવાયા વસેલા છે. જેમ કે, દેશમાં આદિવાસીઓની કુલ વસતિમાંથી લગભગ ૭૫ ટકા વસતિ મધ્ય ભારતમાં વસેલી છે. પરંતુ અહીંની કુલ વસતિમાં તેમનું પ્રમાણ માત્ર ૧૦ ટકા જેટલું છે. મુખ્યત્વે આ કારણે દેશના અન્ય વર્ગો અને આદિજાતિના લોકોનાં વિકાસ તથા જીવનધોરણમાં તફાવત ઊભો થયો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જનજાતિઓના વિકાસ માટે અને તેમને દેશનાં અન્ય વિકસિત વર્ગોની હરોળમાં લાવવા માટે સતત અને સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

આદિવાસીઓના પ્રમાણની રીતે ગુજરાત દેશભરમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. દેશમાં કુલ વસતિના ૮ ટકા જેટલી વસતિ આદિવાસીઓની છે. જ્યારે ગુજરાતમાં આ પ્રમાણ બમણું છે. વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં આદિવાસીઓની સંખ્યા ૮૯.૧૭ લાખ છે. જે રાજ્યની કુલ વસતિના ૧૪.૭૫ ટકા છે. ગુજરાતમાં ઉત્તરે અંબાજીથી દક્ષિણે ડાંગ સુધી, ૧૪ જિલ્લાઓના કુલ ૫૩ તાલુકાઓમાં આદિવાસીઓ પથરાયેલા છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં છૂટી છવાયી વસતિ આવેલી છે.

ભારતના બંધારણમાં દર્શાવ્યા અનુસાર ગુજરાતમાં જનજાતિનાં લોકોના સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે સુવ્યવસ્થિત આયોજન અનુસાર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં દેશનાં બહુઆયામી પ્રયાસો સાથે સુસંગત અને છતાં ગુજરાતની સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને તે અનુસાર ઘડવામાં આવેલી યોજનાઓ અનુસાર આદિજાતિઓનાં વિકાસને વેગ આપવામાં આવી રહ્યો છે.

ગુજરાતમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોની વિકાસ યોજનાઓમાં, આદિજાતિઓની જરૂરીયાતો તરફ વિશેષ ધ્યાન આપી શકાય તે માટે વર્ષ ૧૯૭૪ થી આદિવાસી પેટા યોજનાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. જે અનુસાર શિક્ષણ, વીજળી, પાણી વગેરે માટેના જે તે વિભાગો દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિકાસ યોજનાઓમાં ખાસ આદિવાસીઓ પર કેન્દ્રિત હોય તેવી આદિજાતિ પેટા યોજના તૈયાર કરવામાં આવે છે. જેનું નિયમન અને દેખરેખ રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે.



# ગુજરાતના આદિવાસી પરિવારોમાં સુખાકારી લાવતી વનબંધુ કલ્યાણ યોજના

ગુજરાત સરકારે એક હિંમતભર્યુ અને અભૂતપૂર્વ પગલું લઇ આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે મુખ્યમંત્રીનાં ૧૦ મુદ્દા કાર્યક્રમની જાહેરાત કરી હતી. સંકલિત આદિજાતિ વિસ્તારો, રાજ્યના અન્ય વિસ્તારોને સમકક્ષ આવે અને આદિજાતિ તાલુકાઓ મુખ્ય પ્રવાહમાં આવવા હરણફાળ ભરે, તેવા ઉમદા ઉદ્દેશ્ય સાથે આ જાહેરાત કરવામાં આવી હતી. જેથી, આદિજાતિ વિસ્તારોમાં કાયમી ધોરણે ગરીબીનું નિવારણ થાય તેમજ સંકલિત આદિજાતિ પેટા વિસ્તારોમાં આંતરમાળખાકીય સવલતો ઊભી થાય.



**મુખ્યમંત્રીનો ૧૦ મુદ્દા કાર્યક્રમ (વનબંધુ કલ્યાણ યોજના) ગુણવત્તાલક્ષી કાર્યક્રમ છે. જેમાં નીચેના ૧૦ મુદ્દાઓનો સમાવેશ થાય છે :**

**૧. પાંચ લાખ કુટુંબો માટે ગુણવત્તાયુક્ત રોજગારી.**

**૨. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર.**

**૩. આદિજાતિ વિસ્તારોનો વેગવંતો આર્થિક વિકાસ.**

**૪. સૌને માટે આરોગ્ય.**

**૫. સૌને માટે ઘર.**

**૬. સૌને માટે પીવાનું પાણી.**

**૭. સિંચાઇ.**

**૮. બારમાસી રસ્તાઓ.**

**૯. સાર્વત્રિક વીજળીકરણ.**

**૧૦. શહેરી વિસ્તાર વિકાસ.**

# આદિજાતિના સર્વાંગીણ વિકાસ માટે 'ગુજરાત પેટર્ન'નું નક્કર આયોજન

રાજ્યમાં આદિજાતિ વિકાસના પ્રયાસોને વધુ અસરકારક અને વેગવંતા બનાવવા માટે ગુજરાત સરકારે "ગુજરાત પેટર્ન''ની યોજના અમલી બનાવી છે. આ પેટર્નની મુખ્ય ખાસિયતો આ મુજબ છે.

- સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરીયાત અનુસારનું આયોજન
- સત્તાનું છેક તાલુકા-ગામ સ્તર સુધીનું વિકેન્દ્રિકરણ
- વિકાસની પ્રકિયામાં લોકભાગીદારી
- વહીવટમાં પારદર્શિતા

આદિજાતિ પેટા યોજનામાં રાજ્ય સરકારના દરેક વિભાગ તરફથી આદિજાતિની વસતિની ટકાવારીના પ્રમાણમાં ભંડોળ ફાળવાય છે. તેમ ગુજરાત પેટર્ન હેઠળ, દરેક સદરમાંથી સંકલિત આદિજાતિ વિસ્તારમાં વસતા તથા તેની બહાર વસતા આદિવાસીઓ માટે રાજ્ય સરકારના બજેટમાં વિકેન્દ્રિત આયોજન માટે નાણાં ફાળવવામાં આવે છે. જેના આધારે આદિજાતિ વિભાગ દ્વારા આદિજાતિના સર્વાંગીણ વિકાસ માટે વિવિધ પ્રકારે આયોજન અને અમલ કરવામાં આવે છે.

ગુજરાત પેટર્ન હેઠળ આદિજાતિનાં તાલુકાઓમાં તાલુકા સ્તરે તાલુકા આદિવાસી વિકાસ સમિતિ અને આદિજાતિના જિલ્લાઓમાં જિલ્લા સ્તરે આદિજાતિ વિકાસ મંડળની રચના કરવામાં આવેલી છે. આ બંને સમિતિ કે મંડળમાં જે તે વિસ્તારના ચૂંટાયેલા










લોકપ્રતિનિધિઓ, વિવિધ સરકારી અધિકારીઓ, અગ્રગણ્ય નાગરિકો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓનાં કાર્યકરો સામેલ હોય છે. આદિજાતિ વિસ્તારમાંના ગામોમાં યોજાતી ગ્રામસભાઓમાં વ્યક્ત થતી લોક લાગણી તથા સરકાર દ્વારા કરવામાં આવેલી નાણાકીય ફાળવણીને ધ્યાનમાં લઈને સૌથી પહેલા તાલુકા સ્તરે વિકાસના કાર્યોનું આયોજન કરવામાં આવે છે અને પછી તેને જિલ્લા સ્તરે મંજૂરી અર્થે મોકલવામાં આવે છે.



ગુજરાત પેટર્ન હેઠળ ૯૦ ટકા રકમના કામોનું આયોજન જિલ્લા આદિવાસી વિકાસ મંડળ દ્વારા કરવામાં આવે છે. આ મંડળમાં આ તમામ યોજનાઓનું આયોજન કરી તેના અમલ પર દેખરેખ, નિયંત્રણ, મૂલ્યાંકન અને સમીક્ષા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં ગુજરાત પેટર્ન હેઠળ રૂ. ૪૨૨.૯૨ કરોડની જોગવાઈ સામે રૂ. ૪૨૧.૯૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ વર્ષ દરમિયાન રૂ. ૪૨૧.૬૬ કરોડનો વિકાસલક્ષી ખર્ચ થયો છે અને ગ્રાન્ટ સામે પૂર્ણ થયેલાં કામો ૩૯૫૦ છે. આદિજાતિ વિસ્તારોમાં જિલ્લાનાં વિકાસને ધ્યાને લઈને વિવિધ પ્રકારના કુલ ૩૯૫૦ કામો પૂર્ણ કરેલાં છે. આ યોજના સત્તાના સંપૂર્ણ વિકેન્દ્રિકરણના ઉત્તમ ઉદાહરણ સમી છે. ગુજરાત પેટર્ન હેઠળની કુલ જોગવાઈની ૧૦ ટકા રકમની યોજનાઓ મંજૂર કરવાનાં અધિકારો રાજ્ય કક્ષાનાં સ્તરે રાખવામાં આવ્યા છે. આ ૧૦ ટકાના કામોનું આયોજન, અમલીકરણ, સમીક્ષા, મૂલ્યાંકન કરવા રાજ્યકક્ષાએ મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અધ્યક્ષપદે રાજ્યકક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. જુદા-જુદા વિભાગોમાંથી આવેલી દરખાસ્તો ઉપર આ સમિતિમાં ચર્ચા કરી અંતિમ નિર્ણય લેવામાં આવે છે.

સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરીયાત આધારિત આયોજન, છેક પાયાના સ્તરે અમલ અને દેખરેખ એ ગુજરાત પેટર્નની વિશેષતા છે.

સ્થાનિક સ્થિતિને અનુરૂપ સંકલિત અને સંતુલિત આદિજાતિ વિકાસ માટેની આ આગવી ગુજરાત પેટર્ન અનન્ય પરિણામો લાવી રહી છે.

# પરંપરાને જાળવી વિકાસને આવકારતી ગુજરાતની આદિવાસી સભ્યતા

વર્ષ ૧૯૭૭-૭૮થી ભારત સરકાર દ્વારા આ ખાસ કેન્દ્રિય સહાય યોજના અમલમાં છે. દેશના જુદા-જુદા રાજ્યોમાં વસતા આદિજાતિના લોકોનાં સંતુલિત વિકાસ માટે, ભારત સરકાર રાજ્યોને સહાય કરે છે. વર્ષ ૨૦૦૪-૦૫ થી ભારત સરકારનાં આદિજાતિ કલ્યાણ મંત્રાલયના પરિપત્ર અનુસાર, સમાન પરિસ્થિતિ અને જરૂરિયાતો ધરાવતાં ગામડાનાં ક્લસ્ટર રચીને તેમના સુગ્રથિત વિકાસ માટે પ્રયાસો કરવામાં આવે છે. આવી યોજનાઓ માટે ભારત સરકાર તરફથી ૧૦૦ ટકા સહાય મળે છે. ક્લસ્ટર વિસ્તારમાં મહદ્અંશે જમીન અને જળ આધારિત તેમજ વ્યક્તિલક્ષી આર્થિક ઉત્કર્ષની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારો અને મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા પર ખાસ ભાર મૂકવામાં આવે છે. ક્લસ્ટર આધારિત વિકાસના કામ થતાં હોવાથી, ખાસ કરીને આર્થિક ઉત્કર્ષની યોજનાઓમાં જે તે ક્લસ્ટરના લાભાર્થીઓને એકબીજાનો ટેકો મળી રહે છે અને તેઓ વધુ ઝડપથી ગતિ કરી શકે છે. દર વર્ષે નવા ક્લસ્ટર્સનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં વ્યક્તિલક્ષી આર્થિક ઉપાર્જનમાં વધારો થાય, તેવી તાલીમ સહિતની યોજનાઓ હાથ ધરવામાં આવે છે. જેથી સ્થાનિક કક્ષાએ રોજગારી ઊભી થાય.

આ યોજનાઓનો અમલ જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદાર દ્વારા કરવામાં આવે છે. ક્લસ્ટરના ગામોની તેમજ તેમાં અમલમાં મૂકવામાં આવનાર કામ/યોજનાઓની પસંદગી જિલ્લાની માર્ગદર્શન સમિતિ દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૪-૦૫થી કેન્દ્ર સરકારે તેની સહાય જે તે વિભાગ દ્વારા અમલીકરણ કરવામાં આવતી યોજનાઓમાં ન ફાળવતાં, આદિજાતિ પેટા યોજના હેઠળ પ્રાયોજના વહીવટદારોને ફાળવવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ જોગવાઇ રૂા. ૯૩૧૧.૩૩ લાખ સામે ભારત સરકાર તરફથી રૂા. ૮૯૭૫.૫૫ લાખની ગ્રાન્ટ મળી હતી અને રૂા. ૮૯૬૧.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો, જે ૯૬.૩૦ ટકા સિધ્ધી દર્શાવે છે.

**ખાસ કેન્દ્રિય સહાય યોજના હેઠળ સમાન સ્થિતિ અને જરૂરીયાતો ધરાવતાં ગામોના ક્લસ્ટર રચીને, આર્થિક ઉત્કર્ષ પર ભાર સાથે તેમના સામૂહિક અને સંતુલિત વિકાસના પ્રયાસો કરવામાં આવે છે. તેમજ હાલમાં સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના વિસ્તારને ધ્યાનમાં લઈને ફંડ ફાળવવામાં આવે છે.**

ખાસ કેન્દ્રિય સહાયની મદદથી કરવામાં આવતી પ્રવૃત્તિઓ હેઠળ ફક્ત ગરીબી રેખા હેઠળ આવતી આદિજાતિ વસતિને આવરી લેવામાં આવે છે. જેમાં સામાજિક, આર્થિક સ્તર ઘટક/જિલ્લા/રાજ્યની અન્ય વસતિના સામાજિક, આર્થિક સ્તર સુધી લાવવાની







બાબત પર ખાસ ભાર મૂકવામાં આવે છે. આમ, વનમાં આવેલા ગામોમાં રહેતી અને સૌથી વધુ ઉપેક્ષિત આદિજાતિઓનાં વિકાસને અગ્રતા આપવામાં આવે છે તેમજ સ્થાનિક આદિજાતિઓ માટે જરૂરીયાતો પર આધારિત રોજગાર-સહ આવકનું નિર્માણ કરવા માટેની યોજનાઓને અગ્રતા આપવામાં આવે છે. ઉપરાંત, આદિજાતિ મહિલાઓને લગતા પ્રશ્નો કેન્દ્રમાં રાખીને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ તૈયાર કરવામાં આવે છે. જેમાં ઓછામાં ઓછી ૩૦ ટકા મહિલા લાભાર્થીઓને આવરી લેવાય તેવી ખાસ કાળજી લેવામાં આવે છે.

ખાસ કેન્દ્રિય સહાય હેઠળ, કેન્દ્ર સરકારની સૂચનાઓને ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબની નમૂનારૂપ યોજનાઓનું ઘડતર થાય તે જોવામાં આવે છે.

## કૃષિ વૈવિધ્યકરણ યોજના

- કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લાભાર્થીઓને અમલીકરણ એજન્સી મારફતે બિયારણ, ખાતર અને વાવણી અંગેની તાલીમ આપવામાં આવે છે. જેથી ખેડૂતો વાવણી સમયે સારું ઉત્પાદન મેળવી શકે અને આજીવિકા મેળવી, આવક ઊભી કરી શકે.
- વિવિધ શાકભાજીનાં હાઈબ્રીડ બિયારણ જેવા કે કારેલા, ભીંડા, ટામેટા, દૂધી અને રિંગણ તેમજ મકાઈના બિયારણ અને ખાતરની કીટ તથા સંબંધિત તાલીમ આપવામાં આવે છે.
- કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટ હેઠળ ૭૭૫૩૭ લાભાર્થીને આવરી લીધા છે અને આ પ્રોજેક્ટ માટે રૂ. ૧૨૬૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે, જે પૈકી રૂ. ૧૨૬૧ લાખનો ખર્ચ થયો છે.



## મંડપ (વેલાવાળા શાકભાજી) માટેની સાધન સહાય યોજના

- રાજ્ય સરકાર દ્વારા હાલમાં આદિવાસી વિસ્તારોમાં આદિજાતિ ખેડૂતો દ્વારા લેવામાં આવતા પાકો પૈકી વેલાવાળા પાકો, જેમાં ખાસ કરીને શાકભાજીના પાકોનું સવિશેષ વાવેતર થાય છે. તેના ઉત્પાદન અને ગુણવત્તા માટેના મૂલ્યવર્ધન હેતુસર આદિજાતિનાં ખેડૂતને વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા માટે ઉપયોગી સાધન સહાય યોજના અમલમાં છે.
- વેલાવાળા પાકો માટે ૧૦ ગુંઠા જમીનમાં મંડપ તૈયાર કરવા માટે જરૂરી સાધન સામગ્રી આ યોજના હેઠળ આપવામાં આવે છે.
- વન અધિકાર અધિનિયમ ધારા હેઠળ જમીન ખેડાણનાં અધિકાર પત્રો ધરાવતા ખેડૂતો, મહિલા ખેડૂત ખાતેદાર, આદિમજૂથનાં ખાતેદાર અને ખેતી તથા પિયતની સુવિધા ધરાવતા ખેડૂતોને લાભ આપવામાં આવે છે.
- મંડપ પ્રોજેક્ટ હેઠળ ૩૨૭ લાભાર્થીઓને આવરી લીધા છે, રૂ. ૫૦ લાખની ફાળવણી સામે રૂ. ૫૦ લાખનો ખર્ચ થયો છે.

## વાડી પ્રોજેક્ટ

- લાભાર્થી ખેડૂતોને ફળાઉ રોપાઓ ઉછેર અંગેની તાલીમ આપવી.
- વિવિધ ફળાઉ ઝાડના રોપા જેવા કે બોર, લીંબુ, જામફળ, કેરી તથા તેના ઉછેર અંગેનું તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવે છે.
- બીપીએલ ૦-૨૦ સ્કોર ધરાવતા આદિજાતિ ખેડૂતો, ૦-૦.૫ એકર કે તેથી વધુ એકર જમીન ધરાવતા, વન અધિકાર અધિનિયમ હેઠળ આવતા ખેડૂતોને આ યોજના અંતર્ગત લાભ આપવામાં આવે છે.
- વાડી પ્રોજેક્ટ હેઠળ ૩૭૩ હેક્ટર જમીનને આવરી




લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, રૂ. ૨૦૦ લાખની નાણાકીય જોગવાઇ પ્રમાણે રૂ. ૨૦૦ લાખનો ખર્ચ કરી ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

## ટીસ્યુ કલ્ચર (બનાના)


- આ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોને કેળાની ખેતી માટે કેળનાં રોપા અને ઉત્પાદનની તાલીમ અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. આ પ્રોજેક્ટનો સમયગાળો ત્રણ વર્ષનો છે અને વર્ષ ૨૦૧૬-૧૭થી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.
  પ્રોજેક્ટ હેઠળ ૩૪૪ એકર જમીનને આવરી લેવાના લક્ષ્યાંક સામે રૂ.૨૦૦ લાખની નાણાકીય જોગવાઇ કરવામાં આવી છે. જેની સામે રૂ. ૨૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## ટીસ્યુ કલ્ચર (સુગરકેન)

- આ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોને શેરડીની ખેતી માટે શેરડીના રોપાઓ, જરૂરી તાલીમ આપવામાં આવે છે. આ પ્રોજેક્ટનો સમયગાળો બે વર્ષનો છે અને વર્ષ ૨૦૧૬-૧૭ થી આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.
- પ્રોજેક્ટ હેઠળ ૪૮૫ એકર જમીનને આવરી લેવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, રૂ. ૨૦૦ લાખની નાણાકીય જોગવાઇ સામે રૂ. ૨૦૦ લાખનો ખર્ચ કરાયો છે.

## ટીસ્યુ કલ્ચર (પોમગ્રેનટ)

- આ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોને દાડમની ખેતી માટે દાડમના રોપાઓ, ઉત્પાદનની જરૂરી તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવે છે. જેથી ખેડૂતો વધારે ઉત્પાદન મેળવી, આવક બમણી કરી આજીવિકામાં સુધારો કરી શકે. પ્રોજેક્ટનો સમયગાળો ત્રણ વર્ષનો છે અને વર્ષ ૨૦૧૯-૨૦માં આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.




- આ યોજનાનો સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં અમલ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ ૭૯ લાભાર્થીને આવરી લેવામાં આવ્યા છે. રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૫૦ લાખનો ખર્ચ થયો છે.

## વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર

- આ યોજના અંતર્ગત આદિજાતિ જિલ્લાઓમાં જે શાકભાજીનું ઉત્પાદન થાય તેની સામે ખેડૂતોને સારા ભાવ મળી રહે તેમજ ગરીબી રેખામાંથી બહાર નીકળી શકે, તે માટે આ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ થી અમલમાં મૂકવામાં આવી છે.
- ૯૮ વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડિંગ સેન્ટર જિલ્લા લેવલે કાર્યરત છે.
- આ યોજના હેઠળ કુલ ૯૦ વેજીટેબલ કલેક્શન સેન્ટરના વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૯ દરમિયાન MOU કરવામાં આવ્યા છે.

## સંકલિત પશુધન વિકાસ પ્રોજેક્ટ

- સંકલિત પશુધન વિકાસ પ્રોજેક્ટ બાઈફ સંસ્થા દ્વારા સુરત, વલસાડ, તાપી અને ડાંગમાં અમલ કરવામાં આવ્યો છે. તે અંતર્ગત ૧૩૬૨૫નો લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં આવ્યો છે. રૂ. ૨૦૪ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૨૦૪ લાખનો ખર્ચ થયો છે.

## સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ (IDDP)

- સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાનાં હેતુથી અમલ કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત લાભાર્થી આદિવાસી કુટુંબને બે દૂધાળાં પશુ અને અન્ય સાધન સહાય આપવામાં આવે છે.
- આ કાર્યક્રમ હેઠળ ૨૨૯૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, તેમજ રૂ. ૪૦૦ લાખની નાણાકીય જોગવાઇ સામે રૂ. ૨૦૧૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

- ગુજરાત રાજ્યના તમામ આદિજાતિ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮થી કાર્યક્રમોની નીતિ નક્કી કરી તેનું અમલીકરણ કરવામાં આવે છે.
- આ પ્રોગ્રામ હેઠળ ૭૭૫૮ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો છે તેમજ રૂ. ૭૦૦ લાખની નાણાકીય જોગવાઇની સામે રૂ. ૭૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## ઉદવહન સિંચાઇ યોજના (D-SAG)

- આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ ખેડૂતો શિયાળુ, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણ ઋતુઓમાં પાક લેતા થાય. પાણીનો સંગ્રહ કરી, ચેકડેમ ઉભા કરી તે પાણીનો ખેતીના પાકો માટે ઉપયોગ કરી ખેડૂતોની આજીવિકામાં સુધારો કરવો તથા આદિજાતિ વિસ્તારમાં ખેતી માટે સિંચાઇ સેવા પૂરી પાડવી.
- આ પ્રોજેક્ટ માટે રૂ. ૨૦૦ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૨૦૦ લાખનો ખર્ચ થયો છે.



## વેટરનરી સર્વિસ

- આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં રહેતા પશુપાલકોના પશુ તંદુરસ્ત અને વધુ દુધાળાં બને, સારી ઓલાદના પશુઓ ઉછેરી શકાય તથા પશુપાલકોની આવકમાં વધારો થાય અને જીવનદર ઊંચો આવે તે હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- પ્રાયોજના વહીવટદાર દ્વારા આ યોજનાનો અમલીકરણ કરવામાં આવે છે. આ યોજનાનો સાબરકાંઠા, ડાંગ અને વલસાડ જિલ્લામાં અમલ કરવામાં આવ્યો છે.
- ૩ મોબાઈલ વેટરનરી વાન કાર્યરત છે અને તે અંતર્ગત રૂ. ૬૬ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૬૬ લાખનો ખર્ચ થયેલો છે.

## વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર (COTD)

- કાર્યક્રમોની નીતિ નક્કી કરી, તેનું અમલીકરણ ગુજરાત રાજ્યનાં તમામ આદિજાતિ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ થી કરવામાં આવે છે.
- આ પ્રોગ્રામ હેઠળ ૯૮૫ તાલીમાર્થીને તાલીમ આપવામાં આવી છે તેમજ રૂ. ૭૯૩.૫૫ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૭૭૯.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## રીકરીંગ કોસ્ટ ફોર જી.એલ.આર.એસ.

- ગુજરાત રાજ્યમાં કુલ ૪૩ જી.એલ.આર.એસ. આવેલી છે અને તેમાં ૧૫૯૦૫ વિદ્યાર્થિનીઓને લાભ આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯-૨૦માં જી.એલ.આર.એસ. માટે રીકરીંગ કોસ્ટ અન્વયે રૂ. ૩૪૯૧.૮૪ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૩૪૯૧.૮૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## ઉદવહન સિંચાઇ યોજના (દાહોદ)

- આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ ખેડૂતો શિયાળુ, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણ ઋતુઓમાં પાક લેતા થાય. પાણીનો સંગ્રહ કરી, ચેકડેમ ઉભા કરી તે પાણીનો ખેતીના પાકો માટે ઉપયોગ કરી ખેડૂતોની આજીવિકામાં સુધારો કરવો તથા આદિજાતિ વિસ્તારમાં ખેતી માટે સિંચાઇ સેવા પૂરી પાડવામાં આવે છે.
- આ પ્રોજેક્ટ માટે રૂ. ૨૧૯.૧૬ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૨૧૯.૧૬ લાખનો ખર્ચ થયો છે.

## દાહોદના રોડનું બાંધકામ

- આદિજાતિ વિસ્તારમાં પ્રાથમિક સુવિધા મળી રહે, પરિવહન માટે સરળતાથી એક ગામથી બીજા ગામ જઈ શકાય તથા ખેડૂતો, વેપારીઓ વગેરે માટે માળખાકીય સુવિધા મળી રહે.
- આ પ્રોજેક્ટ હેઠળ રૂ. ૪૦૦ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૪૦૦ લાખનો ખર્ચ થયો છે.

## નવો ચેકડેમ ટાંક ગામ ખાતે (દાહોદ)

- આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ ખેડૂતો શિયાળુ, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણ ઋતુઓમાં પાક લેતા થાય. પાણીનો સંગ્રહ કરી, ચેકડેમ ઉભા કરી તે પાણીનો ખેતીના પાકો માટે ઉપયોગ કરી ખેડૂતોની આજીવિકામાં સુધારો કરવો તથા આદિજાતિ વિસ્તારમાં ખેતી માટે સિંચાઇ સેવા પૂરી પાડવી.
- આ પ્રોજેક્ટ હેઠળ રૂ. ૪૦ લાખની ગ્રાન્ટ ફાળવણી સામે રૂ. ૪૦ લાખનો ખર્ચ થયેલો છે.



# વનમાં આવેલા અંતરિયાળ આદિવાસી ગામડાંઓના વિકાસને અગ્રીમતા

રાજ્ય સરકારોની વિવિધ યોજનાઓમાં જેનો સમાવેશ થઇ શકતો ન હોય, પરંતુ આદિજાતિઓનાં સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે જરૂરી હોય, તેવી યોજનાઓ માટે કેન્દ્ર સરકાર દ્વારા બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ રાજ્ય સરકારોને સહાય કરવાની જોગવાઇ છે. પહેલાં રાજ્યમાં સંબંધિત વિભાગને આ યોજનાઓ સોંપવામાં આવી હતી, પરંતુ તા.૨/૫/૦૩ના રોજથી સંકલિત આદિજાતિ વિકાસ યોજના હેઠળ મૂકીને તેનો અમલ કરવામાં આવે છે.

રાજ્યના અન્ય વિસ્તારોની સરખામણીએ આદિજાતિ વિસ્તારોમાં આંતરમાળખાકીય સગવડો ઉપલબ્ધ કરવાનો અને હાલની સુવિધાઓમાં સુધાર લાવવાનો આ જોગવાઇ પાછળ મુખ્ય આશય છે. સુવિધા ઉપલબ્ધ થવાથી કે તેમાં સુધાર આવવાથી આદિજાતિ વિકાસની પ્રક્રિયા વેગવાન બને, સ્વરોજગારીની તકો ઊભી થાય, આવક વૃધ્ધિ થાય, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક વિકાસ યોજનાઓના અમલ દ્વારા લોકોના જીવન ધોરણમાં સુધારો થાય, તેવું ધ્યેય આ જોગવાઇમાં છે. આ પ્રકારની જોગવાઇઓમાં લોકભાગીદારીને પ્રોત્સાહન આપીને આદિજાતિ વિસ્તારની સ્થાનિક જરૂરીયાતો મુજબ શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણીની સુવિધા, વીજળીકરણ, સિંચાઇ સુવિધા, રસ્તા અને પુલો, કૃષિ, પશુપાલન, રમત ગમત, ફૂડ પ્રોસેસિંગ, માનવ સંશાધન વિકાસ, તાંત્રિક શિક્ષણ, ભેજ અને જમીન સંરક્ષણ-વ્યવસ્થાપન વગેરે બાબતો યોજનામાં આવરી લઇ વિકાસના કામોનું આયોજન કરવામાં આવે છે.

રાજ્યના વાર્ષિક વિકાસ કાર્યક્રમોમાં છેલ્લા ત્રણ વર્ષમાં ટી.એ.એસ.પી.ની જોગવાઇના સરેરાશ ૭૫ ટકાથી વધુ રકમનો ખર્ચ થયો હોય, તેવા રાજ્યોને કલમ ૨૭૫ (૧) હેઠળ ઇનોવેટીવ ૧૦ ટકા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ગુજરાતને આવી ગ્રાન્ટ મળી છે અને ગુજરાત તેનો પણ આદિજાતિ વિકાસમાં પૂરો ઉપયોગ કરે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં આ યોજના હેઠળ રૂ. ૧૪૯૬૩.૮૮ લાખની જોગવાઇ કરવામાં આવી છે.





# આદિજાતિ કલ્યાણ યોજનાઓ

## શૈક્ષણિક યોજનાઓ

શિક્ષણ સક્ષમ સમાજ રચનાનો પાયો છે. આ પાયો મજબૂત હોય તો તેનાં આધાર પર વિકાસનાં અન્ય સોપાનો સિધ્ધ કરવા સરળ બની જાય છે.

આ જ હેતુથી અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓને માટે ગુજરાત સરકાર તથા ભારત સરકાર તરફથી જુદી જુદી શૈક્ષણિક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આદિવાસી પ્રજાજનો વિકાસમાં ફાળો આપે, વિકાસની પ્રક્રિયામાં સહયોગી બને અને તેમનો આર્થિક ઉત્કર્ષ સધાય, આદિજાતિ પ્રજામાં શિક્ષણનું પ્રમાણ વધે તથા બાળકોમાં નાનપણથી સારા સંસ્કારોનું સિંચન થાય અને આદિવાસી લોકો અન્ય લોકોની હરોળમાં ઊભા રહી શકે, તે આશયથી વિવિધ શૈક્ષણિક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ દિશામાં કરવામાં આવતાં સંનિષ્ઠ પ્રયાસોની વિગતો અહીં આપવામાં આવી છે. શિક્ષણના ક્ષેત્રે આમૂલ પરિવર્તનો દ્વારા આદિજાતિ વિકાસનો પાયો અત્યંત મજબૂત કરવાના સઘન પ્રયાસો કરવામાં આવ્યા.











# વિવિધ શૈક્ષણિક યોજનાઓ

| અ.નં. | યોજનાની ટૂંકી વિગત | થયેલ કામગીરીની વિગત |
|---|---|---|
| ૧ | **યોજનાનું નામ :-** પ્રિ.એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક વિકાસ માટે આર્થિક સહાય<br>**પાત્રતાનું ધોરણ :-** પ્રાથમિક શાળામાં ધોરણ - ૧ થી ૧૦માં અભ્યાસ કરતા આદિજાતિનાં વિદ્યાર્થીઓ ગત વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા હોય તેઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થાય છે.<br>**આવકનું ધોરણ :-** આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવે છે.<br>**શિષ્યવૃત્તિના દર :-** શિષ્યવૃત્તિના દરો (રૂ.) (વાર્ષિક)<br>**ધોરણ** — **કુમાર** — **કન્યા**<br>૧ થી ૫ — ૫૦૦ — ૫૦૦<br>૬ થી ૮ — ૫૦૦ — ૭૫૦<br>૯ થી ૧૦ (રૂ.૨ લાખથી વધુ આવક) — ૭૫૦ — ૭૫૦<br>**અતિ પછાત**<br>**ધોરણ** — **કુમાર** — **કન્યા**<br>૧ થી ૮ — ૭૫૦ — ૭૫૦<br>૯ થી ૧૦ — ૧૦૦૦ — ૧૦૦૦ | શિષ્યવૃત્તિ પેટે રૂ. ૬૯૮૭.૩૮ લાખનો ખર્ચ થયેલો છે. કુલ ૧૨,૨૨,૩૯૧ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. |
| ૨ | **યોજનાનું નામ :-** વધુ આવકવાળી બહેનોને રાજ્ય શિષ્યવૃત્તિ<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક વિકાસ માટે રાજ્ય શિષ્યવૃત્તિ<br>**પાત્રતાનું ધોરણ:-** આવક મર્યાદાના કારણે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવવાપાત્ર થતી ન હોય, તેવી વધુ આવક ધરાવતી કન્યાઓને રાજ્ય શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>**આવકનું ધોરણ :-** આવક મર્યાદાના કારણે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવવાપાત્ર થતી ન હોય, તેવી વધુ આવક ધરાવતી કન્યાઓને રાજ્ય શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.<br>**શિષ્યવૃત્તિનું ધોરણ :-**<br>**ગૃપ** — **હોસ્ટેલર** — **ડેસ્કોલર**<br>૧ — રૂ. ૧૨૦૦/- — રૂ. ૫૫૦/-<br>૨ — રૂ. ૮૨૦/- — રૂ. ૫૩૦/-<br>૩ — રૂ. ૫૭૦/- — રૂ. ૩૦૦/-<br>૪ — રૂ. ૩૮૦/- — રૂ. ૨૩૦/-<br>ઉપરાંત નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ફીની રકમ પણ ચૂકવવામાં આવે છે. | શિષ્યવૃત્તિ પેટે રૂ. ૪૪૯૮.૫૭ લાખનો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦માં થયો છે. કુલ ૬૧૭૮ વિદ્યાર્થિનીઓને લાભ આપવામાં આવ્યો છે. |

| | | |
|---|---|---|
| ૩ | **યોજનાનું નામ :-** **પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભોજનબીલ સહાય**<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક વિકાસ માટે સહાય<br>**પાત્રતાનું ધોરણ :-** કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને જ આ લાભ મળવાપાત્ર થાય છે.<br>**આવકનું ધોરણ :-** ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની રૂ. ૪,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા ધરાવતા વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે.<br>**ભોજન બીલ સહાયનું ધોરણ :-** માસિક રૂ. ૧૨૦૦/- લેખે ભોજનબીલ સહાય ચૂકવવામાં આવે છે. | ભોજન બીલ સહાય પેટે વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૨૩૯૮.૯૨ લાખનો ખર્ચ થયો. કુલ ૨૦,૨૦૮ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. |
| ૪ | **યોજનાનું નામ :-** **અનુ.જનજાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે ગણવેશ સહાયની યોજના**<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક ઉત્કર્ષ માટે ગણવેશ સહાય<br>**પાત્રતાનું ધોરણ :-** આદિજાતિ કુટુંબોના ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા અનુ. જનજાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર હોય છે.<br>**આવકનું ધોરણ :-** આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય<br>**સહાયનું ધોરણ :-** ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતા અનુ. જનજાતિનાં બાળકોને ત્રણ જોડી ગણવેશ પેટે વાર્ષિક રૂ. ૬૦૦/- ની સહાય ચૂકવવામાં આવે છે. | શિષ્યવૃત્તિ પેટે રૂ. ૭૧૬૯.૫૦ લાખનો ખર્ચ કરી કુલ ૧૨,૧૬,૩૦૯ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. |
| ૫. | **યોજનાનું નામ :-** **ટેકનિકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિ**<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક વિકાસ માટે આર્થિક સહાય<br>**પાત્રતાનું ધોરણ :-** રાજ્યની સરકારી/સરકાર માન્ય ખાનગી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/કેન્દ્રોમાં તાલીમ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે.<br>**આવકનું ધોરણ :-** ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૧,૫૦,૦૦૦/- નક્કી કરવામાં આવી છે.<br>**સહાયનું ધોરણ-દર:-**<br>(૧) આઇ.ટી.આઇ. રૂ. ૪૦૦/- માસિક<br>(૨) ધંધાકીય એક વર્ષનાં કોર્ષ માટે રૂ. ૧૨૫/- માસિક | રૂ. ૩૭૭.૩૩ લાખનો ખર્ચ કરી કુલ ૧૧,૦૪૯ વિદ્યાર્થીઓને લાભ અપાયો છે. |






| | | |
|---|---|---|
| ૬ | **યોજનાનું નામ :-** **વિદ્યા સાધના યોજના**<br>**યોજનાનો હેતુ :-** ધો. ૯ માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની કન્યાઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવાના હેતુથી સાયકલ ભેટ આપવાની યોજના<br>**પાત્રતાનું ધોરણ :-**<br>(૧) ધો. ૯ માં અભ્યાસ કરતી અનુ.જનજાતિની કન્યાઓને સાયકલ ભેટ આપવામાં આવે છે.<br>(૨) અંતર મર્યાદાના બાધ વિના રહેઠાણના સ્થળથી અન્ય ગામ/શહેર/સ્થળે હવે ધો. ૯ માં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી કન્યાઓને વર્ષ ૨૦૧૩-૧૪ થી સાયકલ ભેટ આપવામાં આવે છે.<br>**આવકનું ધોરણ :-** ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- વાર્ષિક આવક ધરાવતા પરિવારની બાળાઓને લાભ મળવાપાત્ર રહેશે.<br>**સહાયનું ધોરણ :-** પાત્રતા તથા આવકનું ધોરણ ધરાવતી કન્યાઓને સાયકલ ભેટ આપવામાં આવે છે. | રૂ. ૧૭૫૦.૯૫ લાખનો ખર્ચ કરી ૪૬,૯૯૨ વિદ્યાર્થિનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |
| ૭ | **યોજનાનું નામ :-** **અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓ માટે બુકબેંક યોજના**<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક વિકાસ માટે આર્થિક સહાય<br>**પાત્રતાનું ધોરણ :-** પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમો જેવા કે, મૅડિકલ, એન્જિનિયરિંગ, ટેકનિકલ, વેટરનરી અને એગ્રિકલ્ચર જેવી વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતા હોવા જોઈએ.<br>**આવકનું ધોરણ :-** વાર્ષિક રૂ. ૨,૫૦,૦૦૦ સુધી આવક ધરાવતા વિદ્યાર્થીઓને લાભ મળવાપાત્ર થાય છે.<br>**સહાયનું ધોરણ :-** અભ્યાસક્રમ અનુસાર માંગણી મુજબ પુસ્તકો પૂરા પાડવામાં આવે છે. | કુલ રૂ. ૧૨.૩૧ લાખનો ખર્ચ કરી, ૬ બુકબેંકોને આવરી લેવામાં આવી છે. |
| ૮ | **યોજનાનું નામ :-** **મેડિકલ, એન્જિનિયરિંગ તથા ટેકનિકલ ડિપ્લોમા અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સાધનો ખરીદવા સહાય**<br>**પાત્રતાનું ધોરણ :-** મેડીકલ, એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આ યોજના હેઠળ સહાય મળવાપાત્ર થાય છે.<br>**આવકનું ધોરણ :-** વાર્ષિક રૂ. ૨,૫૦,૦૦૦/- સુધી આવક ધરાવતા વિદ્યાર્થીઓને લાભ મળવાપાત્ર.<br>**સહાયનું ધોરણ :-** વાર્ષિક રૂ. મેડિકલ - ૧૦૦૦૦/-<br>એન્જિનિયરિંગ - ૫૦૦૦/-<br>ડિપ્લોમા - ૩૦૦૦/- | રૂ. ૬૭.૧૭ લાખનો ખર્ચ કરી ૧,૯૯૧ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. |

| | | |
|---|---|---|
| ૯ | **યોજનાનું નામ :-** **ધો. ૧૦ અને ૧૨માં રાજ્યકક્ષાએ માર્ચની પરીક્ષામાં અનુ.જનજાતિનાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવાની યોજના**<br>**યોજનાનો હેતુ :-** અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓને શૈક્ષિણક ઉત્કર્ષ માટે પ્રોત્સાહન મળે તે માટે<br>**પાત્રતાનું ધોરણ :-**<br>(૧) ધો. ૧૦ ની બોર્ડની પરીક્ષામાં રાજ્ય કક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમે આવનાર અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ મળવાપાત્ર થશે.<br>(૨) ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષામાં રાજ્ય કક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમે આવનાર અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ મળવાપાત્ર થશે.<br>**આવકનું ધોરણ :-** આ યોજનામાં કોઇ આવક મર્યાદા રાખવામાં આવી નથી.<br>**સહાયનું ધોરણ :-** | રૂ. ૨૦.૧૪ લાખનો ખર્ચ કરી ૩૪૭ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા છે. |

| ઈનામનો ક્રમાંક | ધોરણ-૧૦ માં | ધોરણ-૧૨માં (દરેક પ્રવાહમાં) |
|---|---|---|
| પ્રથમ | રૂ. ૩૧૦૦૦/- | રૂ. ૩૧૦૦૦/- |
| બીજું | રૂ. ૨૧૦૦૦/- | રૂ. ૨૧૦૦૦/- |
| ત્રીજુ | રૂ. ૧૧૦૦૦/- | રૂ. ૧૧૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૧૦ | **યોજનાનું નામ :-** **ધો.૧૧ અને ૧૨ માં વિજ્ઞાન અને વિજ્ઞાન પ્રવાહ સિવાય તથા મૅડિકલ અને એન્જિનિયરિંગ, પોલિટેકનિક, ગુજકેટ, જી.સેટ, પી.એમ.ટી, પીઈટી, સ્લેટ અને નેટની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે આદિજાતિનાં વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય**<br>**યોજનાનો હેતુ :-** અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓ ખાનગી ટ્યુશન સહાયની યોજનાનો લાભ લઇ, ધો.૧૧ અને ૧૨ માં વિજ્ઞાન અને વિજ્ઞાન પ્રવાહ સિવાય તથા મૅડિકલ અને એન્જિનિયરિંગ, પોલિટેકનિક, ગુજકેટ, જી.સેટ, પી.એમ.ટી, પીઈટી, સ્લેટ અને નેટની પરીક્ષામાં સફળતા મેળવી ઉચ્ચત્તમ કારકીર્દી બનાવી શકે .<br>**પાત્રતાનું ધોરણ :-**<br>(૧) ધો.૧૦ ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને ૬૦% કે તેથી વધુ ગુણ સાથે પાસ કરી હોય, તેમને આવી સહાય ધો.૧૧-૧૨ માટે મળવાપાત્ર થશે.<br>(૨) ધો.૧૧ અનુવર્તી વર્ષમાં નિષ્ફળતા મેળવનાર વિદ્યાર્થીને બીજી વખત આવી સહાય મળવાપાત્ર થશે નહિ.<br>(૩) ખાનગી ટ્યુશન ક્લાસમાં અથવા ખાનગી શિક્ષક પાસે ટ્યુશન લીધા અંગેની પાકી પાવતી રજૂ કરવાની હોય છે.<br>**આવકનું ધોરણ :-** આ યોજના હેઠળ વાલીની વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂ. ૪,૫૦,૦૦૦/- રાખવામાં આવ્યું છે.<br>**સહાયનું ધોરણ :-** રૂ.૧૫૦૦૦/-ની મર્યાદામાં ખરેખર ખર્ચ જેટલી રકમ | રૂ. ૧૩૨.૦૮ લાખનો ખર્ચ કરી ૯૬૬ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. |

| | | |
|---|---|---|
| ૧૧ | **યોજનાનું નામ :-** **ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક વિકાસ માટે સહાય<br>**પાત્રતાનું ધોરણ :-** એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અનુ. જનજાતિનાં વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય છે.<br>**આવકનું ધોરણ :-** વાર્ષિક રૂ. ૨,૫૦,૦૦૦/-ની આવક મર્યાદા ધ્યાને લેવાની રહેશે.<br>**શિષ્યવૃત્તિના દર :-**<br>**ગૃપ** — **હોસ્ટેલર** — **ડેસ્કોલર**<br>૧ — રૂ. ૧૨૦૦/- — રૂ. ૫૫૦/-<br>૨ — રૂ. ૮૨૦/- — રૂ. ૫૩૦/-<br>૩ — રૂ. ૫૭૦/- — રૂ. ૩૦૦/-<br>૪ — રૂ. ૩૮૦/- — રૂ. ૨૩૦/- | રૂ. ૨૨૫૪૪.૮૭ લાખનો ખર્ચ કરી ૧,૨૫,૦૩૯ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય આપવામાં આવી છે. |
| ૧૨ | **યોજનાનું નામ :-** **ભારત સરકારની પ્રિ.મેટ્રિક શિષ્યવૃત્તિ**<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક વિકાસ માટે આર્થિક સહાય<br>**પાત્રતાનું ધોરણ :-** પ્રાથમિક શાળામાં ધોરણ-૯ થી ૧૦માં અભ્યાસ કરતા આદિજાતિનાં વિદ્યાર્થીઓ ગત વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા હોય, તેઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થાય છે.<br>**આવકનું ધોરણ :-** વાર્ષિક રૂ. ૨/- લાખની આવક ધરાવતા પિતા/વાલીના બાળકોને લાભ મળવાપાત્ર છે.<br>**શિષ્યવૃત્તિના દર :-** ધોરણ-૯ અને ૧૦ માટે હોસ્ટેલરને રૂ. ૪૫૦૦/- તથા ડેસ્કોલરને રૂ. ૨૨૫૦/- વાર્ષિક આપવામાં આવે છે. | રૂ. ૪૪૮૧.૭૯ લાખનો ખર્ચ કરી ૧,૬૧,૬૩૫ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય આપવામાં આવી છે. |



| | | |
|---|---|---|
| ૧૩ | **યોજનાનું નામ :-** **અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓને વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ઉત્તમકક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે "ટેલેન્ટપુલ સ્કૂલ વાઉચર" યોજના**<br>**યોજનાનો હેતુ :-** અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવીને અન્ય સમાજની હરોળમાં બરોબરી કરી શકે અને તેઓ પૂરા આત્મ- વિશ્વાસથી ઊભા રહી શકે, તેવા બનાવવા ટેલેન્ટપુલ સ્કૂલનું નિર્માણ કરવાની યોજના<br>**પાત્રતાનાં ધોરણો :-** અનુ.જનજાતિનાં ધોરણ-૫ માં પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થીઓની ઇ.એમ.આર.એસ દ્વારા પ્રવેશ પરીક્ષા ગોઠવીને તેમાં વધુ ગુણ મેળવીને મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને ટેલેન્ટપુલ યોજના હેઠળ પસંદ કરેલી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવે છે.<br>**આવકનું ધોરણ :-**<br>(૧) જે વાલીની વાર્ષિક આવક રૂ. ૨ લાખ સુધીની હોય તેમનાં બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.<br>(૨) જે વાલીની વાર્ષિક આવક રૂ. ૨ લાખ થી ૩ લાખ સુધીની હોય અને તેઓ આ યોજનામાં જોડાવા માંગતા હોય, તો તેઓએ આ યોજનામાં થનારા ખર્ચની ૫૦% રકમ પોતે ભોગવવાની રહેશે.<br>**સહાયના ધોરણો :-** ટેલેન્ટપુલ યોજના હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ને રૂ. ૬૦,૦૦૦/- કેશ વાઉચર તરીકે ચૂકવવામાં આવે છે. જો શાળાની ફી તે કરતા ઓછી હોય, તો બાકીની રકમ વિદ્યાર્થીને છાત્ર શિષ્યવૃત્તિ તરીકે ચૂકવવાની રહે છે. જયારે રૂ. ૬૦,૦૦૦/- કરતા વધુ ફી હોય, તો તે વાલીએ ભોગવવાની રહે છે. જ્યારે ટેલેન્ટપુલ સ્કૂલ વાઉચર યોજના હેઠળ અતિશ્રેષ્ઠ શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને શાળાની ફી અથવા રૂ. ૮૦,૦૦૦/- બેમાંથી જે ઓછું હોય, તે કેશ વાઉચર તરીકે ચૂકવવામાં આવે છે. જ્યારે રૂ. ૮૦,૦૦૦/- કરતા વધુ ફી હોય તો તે વાલીએ ભોગવવાની રહે છે. | રૂ. ૮૨૪.૪૦ લાખનો ખર્ચ કરી ૧,૨૬૨ વિદ્યાર્થીઓને TPS યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. |
| ૧૪ | **યોજનાનું નામ :-** **અપગ્રેડેશન ઓફ મેરીટ ફોર એસ.ટી. સ્ટુડન્ટસ**<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક ક્ષેત્રે ગુણવત્તાનું ધોરણ ઊંચુ લાવવા માટે<br>**પાત્રતાનું ધોરણ :-** ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતા અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓને લાભ મળવાપાત્ર છે.<br>**આવકનું ધોરણ :-** આ યોજનામાં આવક મર્યાદાનું કોઇ ધોરણ રાખવામાં આવ્યું નથી.<br>**સહાયનું ધોરણ:-** (૧) લોજીંગ બોર્ડીંગ ચાર્જ વિદ્યાર્થી દીઠ રૂ. ૭૦૦૦/-<br>(૨) પોકેટમની રૂ. ૨,૦૦૦/-<br>(૩) પુસ્તક-સ્ટેશનરી રૂ. ૨,૫૦૦/-<br>(૪) નિષ્ણાતોને માનદ વેતન રૂ. ૮,૦૦૦/-<br>(૫) ખોડખાંપણવાળાને રૂ. ૧,૦૦૦ x ૧૦ (માસ) | રૂ. ૦.૨૦ લાખનો ખર્ચ કરી ૩૯ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. |

| | | |
|---|---|---|
| ૧૫ | **યોજનાનું નામ :- ધો. ૧૨ પાસ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ટેબ્લેટ આપવાની યોજના**<br>**યોજનાનો હેતુ :-** શૈક્ષણિક વિકાસ માટે તાલીમ<br>**પાત્રતાનું ધોરણ:-** ધો. ૧૨ માં ૭૦ % ટકાથી વધુ માર્કસ મેળવનાર અનુ. જનજાતિનાં વિદ્યાર્થીઓ.<br>**આવકનું ધોરણ:-** આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય<br>**સહાયનું ધોરણ :-** ટેબ્લેટ આપવામાં આવે છે.<br>**ટેબ્લેટ મેળવવા કોને અરજી કરવી :-** જે તે જિલ્લાના મદદનીશ કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ), આદિજાતિ વિકાસ અધિકારી. | રૂ. ૪.૨૨ લાખનો ખર્ચ કરી ૪૨૨ વિદ્યાર્થીઓને ટેબલેટ સહાય આપવામાં આવી છે. |
| ૧૬ | **યોજનાનું નામ :- યુ.પી.એસ.સી.માં ભરતી પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન સહાયની યોજના**<br>**યોજનાનો હેતુ :-** ઉજ્જવળ કારકિર્દી બનાવી ઉચ્ચાકક્ષાની નોકરી મેળવવાની તકો પ્રાપ્ત કરવાનો<br>**પાત્રતાનું ધોરણ:** (૧) યુ.પી.એસ.સી.ની પ્રારંભિક પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તેમજ મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓ<br>(૨) આ યોજનામાં વિદ્યાર્થી એક જ વર્ષમાં બેવડો લાભ મેળવી શકશે નહિં.<br>(૩) આ યોજનાનો વધુમાં વધુ ત્રણવાર લાભ મેળવી શકશે.<br>**આવકનું ધોરણ:-** આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય<br>**સહાયનું ધોરણ :-**<br><table><tr><th></th><th>કુમાર</th><th>કન્યા</th></tr><tr><td>પ્રારંભિક પરીક્ષા પાસ કર્યેથી</td><td>રૂ. ૨૫,૦૦૦/-</td><td>રૂ. ૩૦,૦૦૦/-</td></tr><tr><td>મુખ્ય પરીક્ષા પાસ કર્યેથી</td><td>રૂ. ૨૫,૦૦૦/-</td><td>રૂ. ૩૦,૦૦૦/-</td></tr><tr><td>આખરી પસંદગી થયેથી</td><td>રૂ. ૫૧,૦૦૦/-</td><td>રૂ. ૬૧,૦૦૦/-</td></tr></table>**સહાય મેળવવા કોને અરજી કરવી :-** વિદ્યાર્થી જે જિલ્લાનો હોય તે જિલ્લાના, જિલ્લા મદદનીશ કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ), આદિજાતિ વિકાસ અધિકારી. | રૂ. ૩.૭૦ લાખનો ખર્ચ કરી કુલ ૩૪ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. |
| ૧૭ | **યોજનાનું નામ : બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના**<br>**યોજનાનો હેતુ :-** રાજપીપળા સ્થિત આ યુનિવર્સિટીની સ્થાપનાનો મુખ્ય હેતુ રાજ્યના આદિજાતિ સમુદાયના વિદ્યાર્થીઓને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પુરૂં પાડવા, રોજગારક્ષમ ટેકનિકલ ડિપ્લોમા, સર્ટીફીકેટ કોર્સ, જેમાં આદિજાતિ વિસ્તારના રોજગાર ક્ષેત્રોને કાર્યક્ષમ બનાવવા ડેરી અને ડેરી આધારિત ઉદ્યોગ, કૃષિ-વન આધારિત કુશળતાઓનો વિકાસ, વિજ્ઞાન, ટેકનિકલ, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં વિભાગો શરૂ કરવામાં આવ્યા છે. આ યુનિવર્સિટી સવિશેષપણે આદિજાતિ સમુદાયના પરંપરાગત કલા-કૌશલ્યના સંવર્ધન અને જાળવણી ઉત્પાદનને બજારક્ષમ બનાવવાની તાલીમનું પ્લેટફોર્મ પુરૂં પાડશે. આ ઉપરાંત વનપેદાશો, વન ઔષધિઓને લગતાં વિશેષ અભ્યાસક્રમોનું સંવહન કરશે. યુનિવર્સિટી ઉપરનાં ક્ષેત્રોમાં અભ્યાસ તાલીમ અને સંશોધનનાં ક્ષેત્રે ઉચ્ચ સુવિધાયુકત અભ્યાસક્રમોની તકો પૂરી પાડશે. | બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના નિર્માણ માટે રૂ. ૨૨૦૦ લાખ યુનિવર્સિટીને ફાળવવામાં આવ્યા છે. |

## આદિજાતિ વર્ગનાં છાત્રાલયોને સહાયક ગ્રાન્ટ યોજના

પ્રાથમિક શિક્ષણ લીધા પછી માધ્યમિક શાળાની સગવડ નહીં મળતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દેતાં હોય છે. આમ ન બને તે માટે માધ્યમિક શાળાઓની સગવડ છે, તેવા સ્થળોએ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગ્રાન્ટ-ઈન-એઈડના ધોરણે ચાલતાં છાત્રાલયોને નિયત થયા મુજબનાં ધોરણે આ યોજના હેઠળ વિવિધ પ્રકારની સહાય ચૂકવવામાં આવે છે.

હાલમાં ગ્રાન્ટ-ઈન-એઈડના ધોરણે ૯૧૦ છાત્રાલયો કાર્યરત છે. જેમાં ૪૮,૪૧૦ વિદ્યાર્થીઓ લાભ લે છે. અહેવાલ હેઠળનાં વર્ષ દરમિયાન આ યોજના હેઠળ કુલ રૂ. ૮૨૦૪.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## આદિવાસી વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોના મકાન બાંધકામ માટે અનુદાન

છાત્રાલયોના મકાન બાંધકામ માટે અનુદાન આપવામાં આવે છે. કુમાર છાત્રાલયો માટે થયેલા ખરેખર ખર્ચનો ૭૫ ટકા પ્રમાણે તથા કન્યા છાત્રાલય માટે થયેલા ખરેખર ખર્ચના ૯૦ ટકા પ્રમાણે અથવા રૂા. ૪ લાખ એ બેમાંથી જે ઓછી હોય તે રકમ અનુદાન રૂપે આપવામાં આવે છે.

## કુમાર અને કન્યાઓ માટે સરકારી છાત્રાલયોનો વિકાસ અને નિભાવ

રાજ્યના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ માટે કુલ-૧૬૫ છાત્રાલયો સક્રિય છે, જેમાં ૧૬,૮૪૦ વિદ્યાર્થીઓ લાભ લે છે. આ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે. આ યોજના હેઠળ રૂ. ૧૨૦૬૩.૮૯ લાખનો ખર્ચ થયો છે.

## સમરસ છાત્રાલયો અને જુદા જુદા ક્ષેત્રમાં નોકરી કરતી અનુસૂચિત જનજાતિની બહેનો માટે વર્કિંગ વિમેન હોસ્ટેલ

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિનાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ મોટા શહેરોમાં રહીને અભ્યાસ કરી શકે અને સમાજના અન્ય વર્ગના વિદ્યાર્થીઓની સાથે હરોળમાં ઊભા રહી શકે તેવા શુભ આશયથી સંપૂર્ણ સુવિધા સહિતના અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, ભુજ, જામનગર અને સાબરકાંઠા ખાતે સમરસ છાત્રાલયો કાર્યરત છે અને વર્ષ-૧૯૯૭-૯૮ થી સુરત ખાતે તથા વર્ષ-૧૯૯૮-૯૯ થી વડોદરા



ખાતે વર્કિંગ વિમેન હોસ્ટેલ કાર્યરત છે. આ હોસ્ટેલમાં રહેતી બહેનોને રહેવાની સુવિધા વિના મૂલ્યે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન રૂ. ૨૨૧૪.૫૦ લાખનો ખર્ચ થયો છે.

## કુમાર અને કન્યાઓ માટેના સરકારી છાત્રાલયોના મકાન બાંધકામની યોજના

સરકારી છાત્રાલયોની મંજૂરી મળતાં તે તાત્કાલિક શરૂ કરવા માટે ભાડાના મકાનનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ ક્રમશઃ નાણાકીય જોગવાઇ કરીને છાત્રાલય બાંધકામ હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન રૂ. ૧૫૭૭૪.૩૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## આદર્શ નિવાસી શાળા

અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે તથા વિદ્યાર્થીઓના મા-બાપ/વાલીની આર્થિક સ્થિતિ નબળી હોવાથી સારૂ શિક્ષણ નહિ મેળવી શકતા અથવા અધવચ્ચેથી અભ્યાસ પડતો મૂકવાની પરિસ્થિતિમાં તેજસ્વી/મેધાવી અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે રહેવાની/જમવાની તથા ભણવાની વ્યવસ્થા સાથે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવી શકે અને પોતાની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ બનાવી અન્ય સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઊભા રહી શકે, તેવા આશયથી આદર્શ નિવાસી શાળાઓની યોજના કાર્યરત કરવામાં આવી છે.

- આદિજાતિના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ સાથે ભોજન અને આવાસની સુવિધા માટેની રાજ્યમાં ૫૦ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. જે પૈકી ૨૫ કુમાર અને ૨૧ કન્યા શાળાઓ તથા ૪ મિશ્ર શાળા (કુમાર/કન્યા) કાર્યરત છે. જે પૈકી ધોરણ-૧૧-૧૨ (વિજ્ઞાનપ્રવાહ) કુમાર-૧૮ અને કન્યા-૧૪ એમ કુલ-૩૨ શાળાઓ કાર્યરત છે.
- વર્ષ ૨૦૧૯-૨૦માં ૫૦ આદર્શ નિવાસી શાળાઓમાં માધ્યમિક વિભાગ (ધો. ૯-૧૦)માં કુલ- ૭,૦૦૦ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ ધો.૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહમાં કુલ-૨,૬૪૦ મળી કુલ-૯૪૬૦ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. જે પૈકી ૨૫ કુમાર નિવાસી શાળાઓમાં ધોરણ-૯ થી ૧૦ માં ૩,૬૩૦ અને ધોરણ-૧૧ થી ૧૨ કુમારમાં ૮૬૪ મળી કુલ-૪,૪૯૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમજ ૨૧ કન્યા નિવાસી શાળામાં ધોરણ-૯ થી ૧૦માં ૨,૯૮૭ અને ધોરણ-૧૧ થી ૧૨માં ૮૬૪ વિદ્યાર્થિનીઓ મળી કુલ-૩,૮૫૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમજ ૪ મિશ્ર શાળાઓમાં ૨૪૩ કુમાર/કન્યા અભ્યાસ કરે છે.
- શિક્ષણ તથા રહેવાની અને પૌષ્ટિક ગુણવત્તાયુક્ત ભોજનની સગવડ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓને ગણવેશ, બુટમોજા, સાબુ, તેલ, પુસ્તકો, સ્ટેશનરી વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ૫૦ આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૩૭ પોતાના સરકારી મકાનમાં કાર્યરત છે. (જેમાં ૧૦ શાળાઓ સંયુક્તપણે સરકારી મકાનમાં ચાલે છે) ૩ આદર્શ નિવાસી શાળાઓ માટે ભાડાના મકાનોમાં વ્યવસ્થા કરવામાં આવી છે.
- આદર્શ નિવાસી શાળાઓમાં સારા-ઊંચા-ગુણવત્તા સભર પરિણામ આવે તે માટે શાળાના શૈક્ષણિક કાર્ય બાદ તેમજ ઉનાળુ વેકેશન દરમિયાન કોચિંગ વર્ગો લેવામાં આવે છે.

## આશ્રમ શાળા

આશ્રમશાળા ૧ થી ૮ ધોરણની રહેણાંક વ્યવસ્થાવાળી પ્રાથમિક શાળા છે. સામાન્ય રીતે આશ્રમશાળાઓ જંગલમાં ઊંડાણના ભાગમાં સ્થાપવામાં આવે છે. તેમાં ભણતા બાળકોને જમવાની, રહેવાની સગવડો અને ગણવેશ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આમ પાયાની જરૂરીયાત સંતોષાતી હોઇ, તેઓ શિક્ષણ સરળતાથી લઇ શકે છે. છાત્ર જીવન સમૃધ્ધ બને તે માટે, બુનિયાદી શિક્ષણની વિવિધ પાયાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. શિક્ષણના સાનિધ્યમાં જીવન ઘડતર અને ચરિત્ર ઘડતરનું કાર્ય સંસ્થામાં થાય છે. રાજ્યમાં આવી કુલ-૪૩૩ આશ્રમશાળાઓ, ૧૩૪ ઉત્તરબુનિયાદી

આશ્રમશાળાઓ અને ૨૮ ઉચ્ચતર બુનિયાદી આશ્રમ શાળાઓમાં શિક્ષણનું કાર્ય કરે છે.

આશ્રમશાળામાં ૮ ધોરણનું શિક્ષણ પૂરું કરીને વિદ્યાર્થીઓ પોતાનું માધ્યમિક શિક્ષણ ચાલુ રાખે, તે માટે ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી છે. આ સંસ્થામાં ઉદ્યોગ તરીકે કૃષિ અને ગોપાલન જેવા વિષયો ભણાવવામાં આવે છે.

રાજ્યની ૪૩૩ જેટલી અનુ.જનજાતિની આશ્રમશાળાઓ, ૧૩૪ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ તથા ૨૮ ઉચ્ચયત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં અનુક્રમે ૬૮,૭૭૬, ૧૩,૬૪૫ અને ૨૫૬૧ વિદ્યાર્થીઓ તેમજ ક્રમિક વર્ગ વિકાસની ૬૨ આશ્રમશાળાઓમાં ૬૯૨૮ મળીને કુલ આશરે ૮૪,૯૭૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ છે.

આદિજાતિ વિસ્તાર પેટાયોજના હેઠળની આશ્રમશાળાઓ તથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના નિભાવ માટે વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ. ૩૨૦૪૨.૮૬ લાખની (પ્લાન+નોનપ્લાન) જોગવાઈ કરવામાં આવી હતી. જેની સામે રૂ. ૨૮૬૦૬.૯૯ લાખનો (પ્લાન) ખર્ચ થયો છે.

## દૂધ સંજીવની યોજના

ધો.૧ થી ૮ ની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં વિટામીન, પ્રોટીન, કેલ્શિયમ અને ક્ષાર તત્વોની ઉણપ હોય છે. આવા બાળકોને નાની વયે પોષણક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો આવા તત્વોની ખામી દૂર કરી શકાય અને બાળકોના શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ થાય અને તેઓનાં આરોગ્યમાં સુધારો થાય તે હેતુસર દૂધ સંજીવની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના હેઠળ બાળકદીઠ ૨૦૦ મીલી. ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે. જેનો ભાવ રૂ. ૭.૫૦ નિયત કરવામાં આવેલો છે. સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૦૬/૦૨/૨૦૨૦નાં ઠરાવથી રૂા. ૧.૫૦નો વધારો કરી પાઉચદીઠ રૂા. ૯ નિયત કરવામાં આવ્યો છે. આ યોજનાનો અમલ પ્રાયોજના વહીવટદારશ્રી દ્વારા કરવામાં આવે છે. આ યોજનાનો અમલ અઠવાડિયાના ૫ દિવસ અને વર્ષના



૧૦ માસ એટલે કે વાર્ષિક ૨૦૦ દિવસ સુધી કરવામાં આવી છે. આ યોજના તા.૯/૨/૨૦૦૭ ના રોજ દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં શરૂ કરવામાં આવી. ત્યારબાદ વર્ષ ૨૦૦૮-૦૯ થી સંતરામપુર, ઝાલોદ, ક્વાંટ, ઉચ્છલ અને ડેડિયાપાડા તાલુકાઓમાં મળી કુલ ૭ તાલુકાઓમાં અમલ શરૂ કરવામાં આવ્યો છે.

આમ, આ યોજનાની સફળતાના પરિણામે અને તેની અસરકારકતા જોતાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તેનો વ્યાપ વધારીને વધુ બીજા (૧) ઘોઘંબા (૨) લીમખેડા (૩) છોટાઉદેપુર (૪) નિઝર (૫) ઝઘડિયા (૬) વાલીયા (૭) નેત્રંગ (૮) વઘઈ (૯) સુબીર (૧૦) આહવા (૧૧) વિજયનગર (૧૨) ઉમરપાડા (૧૩) ધરમપુર (૧૪) કપરાડા (૧૫) ફતેપુરા (૧૬) સાગબારા (૧૭) ખેડબ્રહ્મા (૧૮) માંગરોળ અને (૧૯) ઉમરગામ એમ કુલ ૧૯ તાલુકાઓનો સમાવેશ કરી કુલ ૨૬ તાલુકાઓમાં આ યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં (૧) પોશીના અને (૨) વાંસદા તાલુકાનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૬-૧૭માં નવા ૨૧ તાલુકાઓનો દૂધસંજીવની યોજનામાં સમાવેશ થતાં કુલ ૪૯ તાલુકાઓમાં આ યોજના કાર્યરત છે. તેમજ વર્ષ ૨૦૧૭-૧૮માં નવા ત્રણ તાલુકા ગરૂડેશ્વર, ડોલવણ અને બોડેલીનો સમાવેશ કરવામાં આવ્યો. આમ રાજ્યના કુલ ૫૧ (બોડેલી સિવાય) તાલુકાના અંદાજિત ૧૨૦૮૯૬૮ બાળકોને આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦થી કુલ ૫૨ (બાવન) તાલુકામાં આ યોજના અમલમાં છે અને રૂ. ૧૪૩૨૬.૪૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને તેટલા જ લાખનો ખર્ચો થયો છે.

દૂધ સંજીવની યોજનાનો અમલ થવાથી શાળાના બાળકોના સ્વાસ્થ્ય ઉપર શું શું અસરો જોવા મળી છે કે ફાયદા થયા છે? તે બાબતે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ પાસેથી અભ્યાસ કરાવવામાં આવેલો. જેના તારણો નીચે મુજબ છે :

(૧) શાળાઓમાં બાળકોના ડ્રોપ આઉટ દરમાં ઘટાડો જોવા મળ્યો છે.
(૨) અધવચ્ચેથી શાળા છોડી જતાં બાળકોનું પ્રમાણ પણ ઘટ્યુ છે.
(૩) બાળકોની હાજરીમાં નિયમિતતા વધી છે.
(૪) બાળકોના સ્વાસ્થ્ય અને આરોગ્યમાં સુધારો જોવા મળ્યો છે.
(૫) ખાસ કરીને દ્રષ્ટિમાં ઘણો સુધારો જોવા મળ્યો છે.




# ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ

આ નિગમ સંપૂર્ણ રીતે રાજ્ય સરકાર દ્વારા ચાલે છે. જેનું ધ્યેય અનુ.જનજાતિની વ્યક્તિઓનું આર્થિક સ્તર ઊંચુ લાવવાનું છે. આ નિગમ આદિજાતિ સહકારી મંડળીના સભ્યોને આર્થિક સહાય આપે છે. વિવિધ શૈક્ષણિક વ્યવસાયિક પ્રવૃત્તિ માટે લોન સહાય યોજના હેઠળ જોગવાઇ રૂ. ૩૦૦૦ લાખ અને ખર્ચ રૂ. ૧૯૨૫.૫૭ લાખ થયો છે.

## મુખ્ય મંત્રી નાહરી કેન્દ્ર યોજના

આદિજાતિ વિસ્તારના મહિલા જૂથોને રોજગારી પૂરી પાડવા વર્ષ ૨૦૧૭-૧૮ થી અમલમાં આવેલી મુખ્ય મંત્રીશ્રીની નાહરી કેન્દ્ર યોજના માટે વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ. ૬૦ લાખની જોગવાઇ થઇ. જેની સામે માર્ચ-૨૦૨૦ સુધીમાં રૂ. ૬૦ લાખનો ખર્ચ થયો છે.

## માનવ ગરિમા યોજના

માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીની કુલ કિટ્સના સાધનોની સંખ્યા અને કિંમત જુદા જુદા ટ્રેડ મુજબ નક્કી કરવામાં આવી છે. આવક મર્યાદા વાર્ષિક રૂ. ૧,૨૦,૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર માટે અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- કરવામાં આવી છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષમાં રૂ. ૧૫૦૦ લાખની નાણાકીય જોગવાઇ કરવામાં આવી હતી, જેમાં ખેતમજૂરોને સાધન સહાય યોજનાની જોગવાઈનો પણ સમાવેશ થયેલો છે. જેની સામે માર્ચ ૨૦૨૦માં રૂ. ૭૭૨.૩૨ લાખ નો ખર્ચ થયેલો છે અને સિધ્ધિ ૮૨૩૭ છે. ખેત મજુરોને સાધન સહાય યોજના અંતર્ગત રૂા. ૯.૯૯ લાખનો ખર્ચ થયેલો છે અને સિધ્ધિ ૧૩૩૨ છે.





# ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ

### વ્યક્તિગત ધોરણે મકાન સહાય

વ્યક્તિગત ધોરણે મકાન સહાય માટે સરદાર આવાસ યોજના મુજબ રૂ. ૭૦,૦૦૦ સહાય આપવામાં આવતી હતી. રાજ્ય સરકાર દ્વારા આવાસદીઠ સહાયની રકમ રૂ. ૭૦,૦૦૦થી વધારી રૂ. ૧,૨૦,૦૦૦ કરવામાં આવી છે. આ યોજનામાં બી.પી.એલ યાદીમાં સમાવેશ થયેલ ૦-૧ સ્કોર ધરાવતા લાભાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. ત્યારબાદ ૦-૧૬ સ્કોર પૂર્ણ થયેથી ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતા લાભાર્થીઓને મકાન સહાયનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ. ૮૨૭.૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી, જેની સામે માર્ચ ૨૦૨૦ અંતિત રૂ. ૮૩૦.૪૪ લાખનો ખર્ચ થયો છે.

### હળપતિ ગૃહ નિર્માણ યોજના

હળપતિ આવાસ માટે ૨૦૧૯-૨૦ માં રૂ. ૩૩૬૩.૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી, જેની સામે ૨૮૧૨ આવાસોનું બાંધકામ પૂર્ણ કરી ૧૦૦ ટકા કામગીરી કરવામાં આવી છે.

# નિઃશુલ્ક તબીબી સહાય

આ તબીબી સહાયની યોજના હેઠળ સામાન્ય બીમારી માટે રૂ.૧૫૦/-, ક્ષય જેવા દર્દી માટે મહિને રૂ.૫૦૦/- દર્દ મટે ત્યાં સુધી, પ્રસૂતિના ગંભીર કેસ માટે રૂ.૫૦૦/-, રક્તપિત્ત માટે માસિક રૂ.૪૦૦/- દર્દ મટે ત્યાં સુધી સહાય આપવામાં આવે છે અને કેન્સર જેવા જીવલેણ બીમારી માટે માસિક રૂ.૧૦૦૦/- દર્દ મટે ત્યાં સુધી સહાય આપવામાં આવે છે. આદિજાતિ સમાજના સીકલસેલ એનીમિયાનો ભોગ બનેલા દર્દીઓને તબીબી સારવાર તથા પૌષ્ટિક આહારના ખર્ચમાં સહાય રૂપ થવા માસિક રૂ.૫૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ. ૧૦૧૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જેની સામે રૂ. ૫૩૬.૪૬ લાખનો ખર્ચ થયેલો છે.

### કુંવરબાઈના મામેરાની યોજના/ સાતફેરા સમૂહ લગ્ન

આદિજાતિની પુખ્તવયની કન્યાને લગ્ન પ્રસંગે કુંવરબાઈના મામેરાની યોજના અંતર્ગત રૂ. ૧૦,૦૦૦/- સુધીની નાણાકીય સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૪-૧૫ થી કુટુંબદીઠ મહત્તમ બે કન્યાઓને આ સહાયનો લાભ મળવાપાત્ર થાય છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ. ૧૦૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી, જ્યારે ૨૦૧૯-૨૦ માં રૂ. ૧૦૮૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### ઘેર ઘેર પીવાના પાણીની યોજના

ગુજરાતની આદિજાતિ વિસ્તારની આદિજાતિની વસતિ ડુંગરાળ પ્રદેશમાં છુટાછવાયા ફળિયારૂપે વસે છે, ત્યાં પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી પહોંચાડવું સંભવ થતું નથી. તેથી આવા છુટાછવાયા રહેતા આદિવાસી કુટુંબોને પીવાનું પાણી મિની પાઈપલાઈન યોજના દ્વારા મળે અને આદિવાસી વિસ્તારની મહિલાઓને ઘર આંગણે પીવાના પાણીની વ્યવસ્થા મળે, તે માટે આ યોજના અમલમાં આવી.

વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ. ૪૧૬.૧૮ લાખની જોગવાઈ સામે રૂ. ૪૭૫ લાખનો ખર્ચ થયો છે.

### હાટ બજારની યોજના

અનુસૂચિત જનજાતિના લોકો પોતાના ઉત્પાદનો/ પેદાશોનું વેચાણ સામાન્યતઃ પરંપરાગત રીતે અને સ્થાનિક લોકોએ નક્કી કર્યા મુજબના દિવસોમાં જાહેર માર્ગોમાં બેસીને કરતા હોય છે. તેઓની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે શેડ કે દુકાન જેવું ઉભું કરી શકતા નથી. દૂર-દૂરથી આવતા આદિવાસીઓ પોતાનો માલ વેચવા સારૂ કોઇ ચોક્કસ જગ્યા ન હોવાના કારણે, રસ્તા ઉપર વાહનોની અવર-જવર વચ્ચે શિયાળો, ઉનાળો, ચોમાસામાં પણ બેસીને વેચાણ કરી આવક મેળવતા હોય છે. આદિજાતિની સઘન વસતિ ધરાવતા તાલુકાઓ પૈકી દરેક તાલુકામાં હાટ શરૂ કરવાનું સરકારે ઠરાવેલ છે, જેથી અનુ.જનજાતિના લોકો પોતાના દ્વારા ઉત્પાદિત કરેલ ચીજવસ્તુઓનું વેચાણ તેમના નજીકના સ્થળે જ્યાં હાટ ભરાતા હોય ત્યાં કરી શકે.

ટ્રાયબલ હાટ બજારની યોજના માટે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ અંતર્ગત રૂ. ૮૦૦ લાખની જોગવાઇ સામે રૂ. ૮૦૦ લાખનો ખર્ચ થયેલો છે.

### કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલ

કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલ ૨૦૧૬-૧૭ થી અમલમાં છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં (૧) વડોદરા, જિ.વડોદરા (૨) સંતરામપુર, જિ.મહીસાગર (૩) વિજયનગર, જિ.સાબરકાંઠા (૪) દાંતા, જિ.બનાસકાંઠા (૫) ઉમરપાડા, જિ.સુરત - એમ ૦૫ કલ્ચરલ કમ કોમ્યુનિટી હોલ મંજૂર કરવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ અંતર્ગત રૂ. ૪૪૩.૦૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### આદિમજૂથનો વિકાસ

આદિજાતિ વિકાસ કાર્યક્રમમાં આદિમજૂથ માટે વિકાસ ઉત્કર્ષ યોજનાઓ જે તે વિસ્તારના પ્રાયોજના વહીવટદાર દ્વારા હાથ ધરવામાં આવે છે, જ્યારે

પ્રાયોજના વિસ્તાર બહારના જિલ્લાઓ અમદાવાદ, સુરેન્દ્રનગરમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (વિકાસ) તથા ગીર-સોમનાથમાં પ્રોજેક્ટ અધિકારી, તાલાલા દ્વારા આવી વિકાસ યોજનાઓ હાથ ધરવામાં આવે છે.

ગુજરાત સરકારે આદિમજૂથના વિકાસ તથા તેના પર દેખરેખ રાખવા માટે રાજ્ય સ્તરે નિયામક, આદિમજૂથ તથા જિલ્લા સ્તરે પ્રાયોજના અધિકારીની જગ્યાઓ ઊભી કરાઇ છે.


આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર , અમદાવાદે વર્ષ ૨૦૧૪-૧૫ માં સર્વે કરી અહેવાલ રજૂ કર્યો છે. તે મુજબ આદિમજૂથ જાતિની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જાતિ | વસ્તી | વસવાટના જિલ્લા |
|---|---|---|---|
| ૧ | કોટવાળીયા | ૨૩૮૧૧ | ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, ડાંગ |
| ૨ | કોલધા | ૪૭૬૮૬ | સુરત, નવસારી, વલસાડ, ડાંગ |
| ૩ | કાથોડી | ૧૫૬૪૬ | સાબરકાંઠા, નર્મદા, સુરત, નવસારી, ડાંગ |
| ૪ | સીદી | ૧૦૯૯૯ | ભાવનગર, રાજકોટ, જુનાગઢ, જામનગર, અમરેલી, પોરબંદર |
| ૫ | પઢાર | ૨૬૭૩૯ | અમદાવાદ, સુરેન્દ્ર નગર |
| | **કુલ** | **૧૨૪૮૮૧** | |

આદિમજૂથોની જાતિઓને અન્ય આદિવાસી વસ્તીને સમાજની મુખ્યધારામાં જોડવા તેમના ચોક્કસ વિકાસના ક્ષેત્ર નક્કી કરીને પશુપાલન, વાડી યોજના, મત્સ્ય ઉદ્યોગ, કૌશલ્ય તાલીમ, ઈકો ટુરીઝમ જેવી આર્થિક-વ્યવસાયલક્ષી પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ થાય, તે માટે કન્ઝરવેશન કમ ડેવલપમેન્ટલ પ્લાન, ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો છે. જેમાં સાત મુખ્ય બાબતોને લઇ આદિમજૂથ માટેના વિકાસનું આયોજન કરવામાં આવ્યું છે, આ સિવાય રાજ્ય સરકાર દ્વારા આદિમજૂથ છ પાયાની સુવિધા યોજના, આદિમજૂથના યુવક - યુવતિઓને કલા કૌશલ્યની તાલીમ આપવાની યોજના અને હળપતિ છ પાયાની સુવિધા યોજનાનો સમાવેશ થાય છે. આ યોજના અંર્તગત આવાસ, રસ્તા, પાણી, શિક્ષણ, વીજળી અને આજીવિકાના લાભ આપવામાં આવે છે.

### યોજનાના ઉદ્દેશો

૧. ૧૦૦% સાક્ષરતા
૨. આગામી પાંચ વર્ષમાં આવક બમણી કરવામાં પ્રત્યેક કુટુંબનો સમાવેશ
૩. મોબાઇલ વાન સહિતની શહેર વિસ્તાર જેવી આરોગ્યની સુવિધા
૪. ઘરવિહોણા તમામ કુટુંબોને આવાસ ફાળવણી
૫. તમામ કુટુંબોને વીજળીકરણની સુવિધા
૬. તમામ કુટુંબોને પાઇપલાઇનથી પીવાના પાણીની સુવિધા
૭. આદિમજૂથની તમામ વસાહતોને રસ્તાઓથી જોડવા





## બોર્ડર વિલેજ યોજના

આદિજાતિના દુર્ગમ સરહદી વિસ્તારના ૪૦૧ છેવાડાના ગામોમાં પાયાની સુવિધાઓ જેવી કે રસ્તા, આવાસ, આરોગ્ય, સિંચાઇ પીવાનું પાણી, વીજળી જોડાણ, પ્રાથમિક શાળા-શિક્ષણ, આંગણવાડીની ઉપલબ્ધતા થાય, તે માટે બોર્ડર વિલેજ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો વ્યાપ વધારીને આદિજાતિના દુર્ગમ સરહદી વિસ્તારના દરેક ગામોને અને તે ગામોના લક્ષિત કુટુંબોને નીચે મુજબની સુવિધાઓ પૂરી પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

» લક્ષિત કુટુંબોને મકાનની સુવિધા.

» આ ગામોને કાયમી ધોરણે પીવાના પાણીની સગવડ.

» દરેક ઘરનું વીજળીકરણ.

» શિક્ષણનો વ્યાપ વધે, દરેક બાળક શાળાએ જાય અને જે કુટુંબો સ્થળાંતર કરતા હોય તેવા બાળકોને આશ્રમશાળા, આદર્શ નિવાસી શાળા કે કન્યા નિવાસી શાળામાં દાખલા આપવામાં આવે તથા શિક્ષકો રહી શકે તે માટે ટ્રાન્ઝીટ હોસ્ટેલ, આશ્રમશાળા, સરકાર સંચાલિત પ્રાથમિક/માધ્યકમિક શાળા, આદર્શ નિવાસી શાળા, છાત્રાલયમાં જરૂરીયાત મુજબ મરામત/રીનોવેશનના કામો કરવા તેમજ આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવી.

» દરેક ગામને રસ્તાની સુવિધા અને જ્યાં મોટા ગામો હોય ત્યાં આંતરિક રસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

» પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર, કોટેજ હોસ્પિટલ, ડીસ્પેન્સરીમાં અદ્યતન આરોગ્ય સુવિધા પ્રાપ્ત થાય, તે માટે આંતરમાળખાકીય સવલતો, તબીબી સાધનો અને ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

» દરેક ગામમાં આજીવિકા સાધન માટે એક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવે અને શક્ય તેટલા ગરીબ પરીવારોને આવરી લેવામાં આવે છે.

» બોર્ડર વિલેજ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ હેઠળ સરહદી ગામોની યાદીમાં કુલ-૪૭૪ નો સમાવેશ કરવામાં આવ્યો છે.

» વર્ષ-૨૦૧૯-૨૦ દરમ્યાન કુલ રૂ. ૬૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવણીની સામે રૂ. ૬૪૯૩.૯૮ લાખ ખર્ચ અને ૮૫૯ કામો મંજૂર કરવામાં આવ્યા છે.



# નાગરિક એકમ (અત્યાચાર)

વર્ષ ૨૦૧૯-૨૦ના દરમ્યાન અનુસૂચિત જનજાતિનાં ઈસમોને અત્યાચારના
કિસ્સાઓમાં ચૂકવેલ નાણાંકીય સહાયની વિગત નીચે મુજબ છે

| અ.નં. | બનાવની વિગત | માર્ચ-૨૦૨૦ અંત સુધી થયેલ ખર્ચ | |
|---|---|---|---|
| | | વ્યક્તિ | ચૂકવેલ સહાય (રૂ. લાખ) |
| ૧ | કોઈપણ જાહેર સ્થળ પાસે ઉતારી પાડવાના ઉદ્દેશથી ઈરાદાપૂર્વક અપમાન કરવું/ધમકાવવું. કલમ-૩(૧) (આર) | ૪૪ | ૨૫.૧૯ |
| ૨ | કોઈપણ જાહેર સ્થળ પાસે જાતિનાં નામનો દૂર ઉપયોગ કરવો. કલમ-૩ (૧) (એસ) | ૧ | ૦.૭૫ |
| ૩ | અનુસૂચિત જાતિ અથવા અનુ. જનજાતિની મહિલાને ઈરાદાપૂર્વક સ્પર્શ કરવો, જાતિય પ્રકૃતિવાળા શબ્દપ્રયોગ કરવા અથવા તેવું કોઈ કૃત્ય કરવું, જ્યારે આ પ્રકારનો સ્પર્શ કરવાનું કૃત્ય જાતિય/ લૈગિંક પ્રકારનું તેમજ તેમની (મહિલાની) સંમતિ વગરનું હોય. કલમ-૩ (૧) (ડબલ્યુ) | ૬ | ૧૩.૬૯ |
| ૪ | ભારતિય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૫૪ (એ) [સંદર્ભ : એટ્રોસીટી એક્ટની કલમ-૩(૨)(૫)(એ)] જાતિય સતામણી અને તેની સજા. | ૧૫ | ૧૭.૫૦ |
| ૫ | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૫૪ (ડી) [સંદર્ભ : એટ્રોસીટી એક્ટની કલમ-૩(૨)(૫)(એ)] પીછો કરવો. | ૧ | ૧.૦૦ |
| ૬ | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૫૦૯ [સંદર્ભ : એટ્રોસીટી એક્ટની કલમ-૩(૨)(૫)(એ)] કોઈ સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી ઉચ્ચારેલો શબ્દ કે કરેલ ચેષ્ટા અથવા કૃત્ય. | ૧ | ૧.૫૦ |
| ૭ | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ અધિનિયમ હેઠળ ૧૦ વર્ષ કે તેથી વધુ સજા થવા પાત્ર ગુનો કરવા બાબત. કલમ-૩ (૨) | ૭ | ૧૪.૦૦ |
| ૮ | એટ્રોસીટી એક્ટની અનુસૂચિમાં વર્ણવાયેલ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ અધિનિયમ હેઠળ ગુનાઓ આચરવા બાબત. કલમ-૩ (૨) (૫-એ) તેમજ આ કાયદા હેઠળની અનુસૂચિ મુજબ. | ૩૯૬ | ૩૬૯.૦૦ |
| ૯ | (i) બળાત્કાર (ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૭૫) | ૩૨ | ૧૦૯.૪૩ |
| | (ii) સામૂહિક બળાત્કાર (ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૩૭૬ (ડી)) | | |
| ૧૦ | ખૂન/હત્યા અથવા મૃત્યુ | ૩૪ | ૨૦૨.૫૪ |
| ૧૧ | ઘરને બાળી નાખવું કે સંપુર્ણ નાશ કરવો | ૧ | ૧.૫૦ |
| | કુલ (રૂ. લાખ) | ૫૩૮ | ૭૫૬.૧૦ |

# વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત વન્ય સંપદા પર આદિવાસીઓના હક સુપરત

» અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને (વન અધિકારની માન્યતા આપવા) બાબત ધારો-૨૦૦૬ અને વન અધિકાર માન્યતા નિયમો-૨૦૦૮, તા. ૦૧/૦૧/૨૦૦૮ના રોજથી અમલમાં આવતા, ગુજરાત રાજ્યમાં આ કાયદાનું અમલીકરણ જાન્યુઆરી ૨૦૦૮ થી હાથ ધરવામાં આવ્યું છે.

» ગુજરાતમાં વન અધિકાર પહેલા કુલ ૩૪,૨૪૮ વ્યક્તિઓને ૫૧,૮૯૯ એકર વન જમીન આપવામાં આવી હતી.

» વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અમલમાં આવતા રાજ્યમાંથી કુલ ૧,૮૨,૮૬૯ વ્યક્તિગત દાવા અરજીઓ મળેલી, જે પૈકી ૮૮,૮૫૯ દાવા અરજીઓ મંજૂર કરી ૧,૩૯,૭૧૭ એકર વન જમીન અંગેના આદેશપત્રો આપવામાં આવેલા છે.

» રાજ્યમાં ૪,૬૫૯ સમુદાયિક દાવાઓ મંજૂર કરી ૧૧,૬૦,૮૫૭ એકર જમીન માન્ય કરવામાં આવી છે. તથા માળખાકીય સુવિધાની ૧,૨૭૪ દરખાસ્તો મંજૂર કરી ૧,૪૫૬ એકર જમીન મંજૂર કરવામાં આવી છે.

» માન્ય દાવા અરજીઓ પૈકી ૬૯,૩૪૭ લાભાર્થીઓની મહેસૂલી રેકર્ડમાં નોંધની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે, બાકીની કાર્યવાહી ગતિમાં છે.

» વન અધિકાર અધિનિયમ હેઠળના માન્ય પૈકી ૬૧,૨૭૩ લાભાર્થીઓની ૩૪,૭૩૨ હેક્ટર વન જમીનની માપણીની કાર્યવાહી પૂર્ણ થઇ છે, જ્યારે બાકીની કામગીરી પ્રગતિમાં છે.

» રૂ.૧૧૧૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. જેની સામે રૂ.૧૮૨૫.૮૦ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે.

» વન જમીન અંગેના દાવાઓના નિકાલ અંગે પૂરાવા તરીકે સેટેલાઇટ ઇમેજરીનો ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર મારફત ઉપયોગ કરવાનો SLMC બેઠકમાં નક્કી થતા પ્રાયોગિક ધોરણે હાલ નર્મદા જિલ્લામાં કામગીરી પ્રગતિમાં છે.

» રાજ્યકક્ષાની મોનીટરીંગ કમિટીની નિયમિત બેઠકો યોજી અમલીકરણ પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે. જે સંદર્ભે અત્યાર સુધી કુલ બાર બેઠકો મળી છે.

» વન અધિકાર અધિનિયમ હેઠળ મંજૂર થયેલ લાભાર્થીઓ માટે વિશેષ વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના અમલમાં મૂકી છે. જેમાં જમીનનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ, નાની સિંચાઇ તથા પીવાના પાણીના સ્ત્રોત, પાણીના સ્ત્રોત ઉપર પંપ અને મશીનરી, કૃષિક્ષેત્રે ટપક સિંચાઇ, વૈજ્ઞાનિક તેમજ આધુનિક પધ્ધતિથી ખેતી અંગેની તાલીમ આપવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા ૧૯૬ વન વસાહતી ગામોને મહેસૂલી ગામોમાં બદલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંગેની આગળની કાર્યવાહી પ્રગતિમાં છે.



## અનુસૂચિત જનજાતિની એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ

| અ.નં. | જિલ્લો | સ્થળ | તાલુકો | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | અંબાજી | દાંતા | ઇ.એમ.આર.એસ. અંબાજી, હિન્દુસ્તાન ફોર્ચ્યુન એન્જિનિયરિંગ કંપનીની બાજુમાં, મુ.જેતવાસ, પો. અંબાજી |
| ૨ | બનાસકાંઠા | જગાણા | પાલનપુર | ઇ.એમ.આર.એસ. જગાણા, અશોક લે-લેન્ડ શોરૂમની સામે, મહેસાણા પાલનપુર હાઇવે, મુ.પો.જગાણા |
| ૩ | સાબરકાંઠા | ચીખલી | ખેડબ્રહ્મા | ઇ.એમ.આર.એસ. પોશીના, મુ.પો.ચીખલી |
| ૪ | અરવલ્લી | શામળપુર | ભીલોડા | ઇ.એમ.આર.એસ. શામળાજી, દાળમીલ પાસે, ભિલોડા રોડ, મુ. શામળપુર, પો. સર્વોદય આશ્રમ |
| ૫ | પંચમહાલ | વેજલપુર | કાલોલ | ઇ.એમ.આર.એસ. વેજલપુર, જી.ઇ.બી. સબસ્ટેશનની બાજુમાં, વેજલપુર |
| ૬ | મહિસાગર | દિવડા | કડાણા | ઇ.એમ.આર.એસ. કડાણા, મુ.પો. દિવડા કોલોની |
| ૭ | દાહોદ | ખરેડી | દાહોદ | ઇ.એમ.આર.એસ. ખરેડી, જવાહર નવોદય વિદ્યાલય પાછળ, મેગા જી.આઇ.ડી.સી., ખરેડી |
| ૮ | દાહોદ | ધાનપુર | લુખડીયા | ઇ.એમ.આર.એસ. લુખડીયા, મુ. ધાનપુર |
| ૯ | છોટાઉદેપુર | પુનિયાવાંટ | છોટાઉદેપુર | ઇ.એમ.આર.એસ. પુનિયાવાંટ, મુ. પુનિયાવાંટ |
| ૧૦ | છોટાઉદેપુર | કવાંટ | કવાંટ | ઇ.એમ.આર.એસ કવાંટ, સૈડીવાસણ રોડ, તાલુકા વિકાસ કચેરીની પાછળ, કવાંટ |
| ૧૧ | છોટાઉદેપુર | લીન્ડા | નસવાડી | ઇ.એમ.આર.એસ. નસવાડી, મુ. લીન્ડા |
| ૧૨ | વડોદરા | વાઘોડીયા | વાઘોડીયા | ઇ.એમ.આર.એસ. વાઘોડીયા, મુની સેવા આશ્રમ ગોરજ, વિવેકાનંદ ઉત્તર બુનીયાદી વિદ્યાલય |
| ૧૩ | નર્મદા | ગોરા | ગરુડેશ્વર | ઇ.એમ.આર.એસ. નાંદોદ, મુ.ગોરા (કોલોની) |
| ૧૪ | નર્મદા | ગણસિંદા | તિલકવાડા | ઇ.એમ.આર.એસ. તિલકવાડા, મુ.ગણસિંદા |
| ૧૫ | નર્મદા | સાગબારા | સાગબારા | ઇ.એમ.આર.એસ. સાગબારા, આદર્શ નિવાસી શાળા, સાગબારા કેમ્પસ |
| ૧૬ | ભરૂચ | વાગલખોડ | વાલીયા | ઇ.એમ.આર.એસ. વાગલખોડ, મુ.વાગલખોડ |
| ૧૭ | સુરત | મોતા | બારડોલી | ઇ.એમ.આર.એસ. મોતા, જી.ઇ.બી.ના બાજુમાં, મુ. મોતા |
| ૧૮ | સુરત | મોતા | બારડોલી | ઇ.એમ.આર.એસ. માંડવી, જી.ઇ.બી.ના બાજુમાં, મુ. મોતા |
| ૧૯ | તાપી | ઇન્દુ | વ્યારા | ઇ.એમ.આર.એસ. ઇન્દુ, મુ.પો. ઇન્દુ |
| ૨૦ | તાપી | ઉકાઇ | સોનગઢ | ઇ.એમ.આર.એસ. ઉકાઇ, ૫૦૦ કવાટ્ર્સ, એસ.આર.પી. પરેડ ગ્રાઉન્ડ, ઉકાઇ ડેમ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | તાપી | ખોડદા | નિઝર | ઇ.એમ.આર.એસ. નિઝર-ખોડદા, મુ.ખોડદા, તા.નિઝર, જિ.તાપી |
| ૨૨ | નવસારી | બારતાડ | વાંસદા | ઇ.એમ.આર.એસ. બારતાડ, મુ.બારતાડ (ખાનપુર) |
| ૨૩ | ડાંગ | સાપુતારા | આહવા | ઇ.એમ.આર.એસ. સાપુતારા, હીલટોપ હોટેલના સામે, બી.આર.સી. ભવનના બાજુમાં, સનરાઇઝ પોઇન્ટ રોડ, સાપુતારા |
| ૨૪ | ડાંગ | આહવા | આહવા | ઇ.એમ.આર.એસ. આહવા, મિશન કમ્પાઉન્ડ, આઈ.ટી. આઈ.ના પાછળ, આહવા |
| ૨૫ | ડાંગ | ચીંચલી | આહવા | ઇ.એમ.આર.એસ. ચીંચલી, મુ. ચીંચલી |
| ૨૬ | ડાંગ | માલેગામ | આહવા | ઇ.એમ.આર.એસ. માલેગામ, ચેકપોસ્ટની સામે, મુ. માલેગામ |
| ૨૭ | ડાંગ | ગારખડી | સુબીર | ઇ.એમ.આર.એસ. ગારખડી, મુ. ગારખડી |
| ૨૮ | ડાંગ | મહાલ | સુબીર | ઇ.એમ.આર.એસ. મહાલ, મુ.પો. મહાલ |
| ૨૯ | ડાંગ | બારીપાડા | વઘઇ | ઇ.એમ.આર.એસ. બારીપાડા, મુ.બારીપાડા |
| ૩૦ | વલસાડ | ધરમપુર | ધરમપુર | ઇ.એમ.આર.એસ. ધરમપુર, મુ. માલનપાડા, સ્વામિનારાયણ સ્કૂલની સામે, બાવળી ફળિયા, ધરમપુર |
| ૩૧ | વલસાડ | કપરાડા | કપરાડા | ઇ.એમ.આર.એસ. કપરાડા, કાજુફળીયા, વાપી-નાસિક રોડ, મુ. કપરાડા |
| ૩૨ | વલસાડ | પારડી | પારડી | ઇ.એમ.આર.એસ. પારડી, વલ્લભ આશ્રમ શાળાના સામે, એડવાન્સ કુલીંગ ટાવરના પાછળ, જી.આઈ.ડી.સી., મુ.પો. પારડી |



## સૈનિક શાળાઓ

| અ.નં | જિલ્લો | સ્થળ | તાલુકો | સરનામું |
|---|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ખેરંચા | ભિલોડા | સૈનિક શાળા, (સુર્યા ફાઉન્ડેશન), ગામ-ખેરંચા, તા. ભિલોડા, જિ. અરવલ્લી |
| ૨ | સુરત | મોતા | બારડોલી | સૈનિક શાળા, બિલવાણ, જી.ઇ.બી.ના બાજુમાં, મુ. મોતા, તા.બારડોલી, જિ.સુરત |





## ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓનાં સરનામા

| ક્રમ | શાળાનો પ્રકાર | શાળાનું નામ | શાળાનું સરનામું |
|---|---|---|---|
| | | **બનાસકાંઠા** | |
| ૧ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. સરોત્રા | મામલતદાર કચેરીની પાછળ, અમીરગઢ, જિ.બનાસકાંઠા |
| ૨ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. જેથી | મામલતદાર કચેરીની પાછળ, અમીરગઢ, જિ.બનાસકાંઠા |
| ૩ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ગઢમહુડી | હિન્દુસ્તાન ફોર્ચ્યુન એન્જિનિયરિંગ કંપનીની બાજુમાં, મુ.જેતવાસ, પો. અંબાજી, તા.દાંતા, જિ.બનાસકાંઠા |
| ૪ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. રાણપુરઆંબા | હિન્દુસ્તાન ફોર્ચ્યુન એન્જિનિયરિંગ કંપનીની બાજુમાં, મુ.જેતવાસ, પો. અંબાજી, તા.દાંતા, જિ.બનાસકાંઠા |
| ૫ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. વિરમપુર | મામલતદાર કચેરીની પાછળ, અમીરગઢ, જિ.બનાસકાંઠા |
| | | **સાબરકાંઠા** | |
| ૬ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ખેડબ્રહ્મા-૧ | મુ.પો.આગીયા, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા |
| ૭ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. પોશીના | મુ.પો.ચીખલી, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા |

| | | | |
|---|---|---|---|
| ૮ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ખેડબ્રહ્મા-૨ | મુ.પો.આગીયા, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા |
| | **મહિસાગર** | | |
| ૯ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. સાલિયામુવાડી | મુ.પો.સાલિયામુવાડી, તા.કડાણા, જિ.મહીસાગર |
| ૧૦ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. કડાણા | મુ.પો. લીબોંલા, તા.કડાણા, જિ.મહીસાગર |
| ૧૧ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ખેરવા | મુ.ખેરવા, પો.જાનવડ, તા.સંતરામપુર, જિ.મહીસાગર |
| | **પંચમહાલ** | | |
| ૧૨ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ધોધંબા | જી.ઇ.બી. સબસ્ટેશનનાં બાજુમાં, વેજલપુર, તા.કલોલ, જિ.પંચમહાલ |
| ૧૩ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. નારૂકોટ | મુ. નારૂકોટ, તા.જાબુંઘોડા, જિ.પંચમહાલ |
| | **દાહોદ** | | |
| ૧૪ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ઉસરવાણ | પાંડવવન, હેલીપેડની બાજુમાં, તા. જિ.દાહોદ |
| ૧૫ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ખરેડી | મુ.ખરેડી, તા. જિ.દાહોદ |
| ૧૬ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. નાની ખજુરી | મુ.અંતેલા, બારીયા-લીમખેડા રોડ, તા.દેવગઢબારીયા, જિ.દાહોદ |
| | | | |
| ૧૭ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. મંડોર | મુ.ધાનપુર, તા.લુખડીયા, જિ.દાહોદ |
| ૧૮ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ફતેપુરા | મુ.બારીયાની હાથોડ, પો.ફતેપુરા, જિ.દાહોદ |
| ૧૯ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. નિમચ | મુ. મેડાફળીયા, પો.બોરાલીયા, તા.ગરબાડા, જિ.દાહોદ |
| ૨૦ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ગરાડીયા | જગદીશભાઇનાં મકાનમાં, પોસ્ટ ઓફીસ લાઇન, સાંઇબાબા મંદિરની બાજુમાં, મુ. સંજેલી, તા. સંજેલી, જિ.દાહોદ |
| ૨૧ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. નીનામાની વાવ | આઇ.ટી.આઇ.ની બાજુમાં, ધાનપુર રોડ, પલ્લી, લીમખેડા, જિ.દાહોદ |
| | **છોટાઉદેપુર** | | |
| ૨૨ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ખડકવાડા | મુ. પુનિયાવાંટ, તા. જિ.છોટાઉદેપુર |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. કીડીધોધાદેવ | મુ. પુનિયાવાંટ, તા. જિ.છોટાઉદેપુર |
| ૨૪ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. મલાજા | મુ. પુનિયાવાંટ, તા. જિ.છોટાઉદેપુર |
| ૨૫ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. છોડવાણી | મુ. ગોજારીયા, તા.કવાંટ, જિ.છોટાઉદેપુર |
| ૨૬ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. મોગરા | મુ. ગોજારીયા, તા.કવાંટ, જિ.છોટાઉદેપુર |
| ૨૭ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. સૈડીવાસણ | મુ. ગોજારીયા, તા.કવાંટ, જિ.છોટાઉદેપુર |
| ૨૮ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ધારસિમેલ | મુ. લીન્ડા, તા.નસવાડી, જિ.છોટાઉદેપુર |
| ૨૯ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ધુટીઆંબા | મુ. લીન્ડા, તા.નસવાડી, જિ.છોટાઉદેપુર |
| ૩૦ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. તણખલા | મુ.તણખલા, તા.નસવાડી, જિ.છોટાઉદેપુર |
| ૩૧ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. પિસાયતા | મુ. લીન્ડા, તા.નસવાડી, જિ.છોટાઉદેપુર |
| ૩૨ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ભીખાપુર | મુ. વડાતલાવ, તા.પાવીજેતપુર, જિ.છોટાઉદેપુર |
| ૩૩ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. મુવાડા | મુ. વડાતલાવ, તા.પાવીજેતપુર, જિ.છોટાઉદેપુર |
| ૩૪ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. સાલોજ | મુ. વડાતલાવ, તા.પાવીજેતપુર, જિ.છોટાઉદેપુર |
| | **નર્મદા** | | |
| ૩૫ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ડેડીયાપાડા | રાજવંત પેલેસ કમ્પાઉન્ડ, શીતળા માતાના મંદિર સામે, રાજપીપળા, જિ.નર્મદા |
| | **તાપી** | | |
| ૩૬ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ઉકાઇ | ૫૦૦ કવાટર્સ, એસ.આર.પી. પરેડ ગ્રાઉન્ડ, ઉકાઇ ડેમ, તા.સોનગઢ, જિ.તાપી |
| ૩૭ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. બાબરધાટ-૧ | મુ.પો.બાબરધાટ, તા.ઉચ્છલ, જિ.તાપી |
| ૩૮ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. બાબરધાટ-૨ | મુ.પો.બાબરધાટ, તા.ઉચ્છલ, જિ.તાપી |

| | | | |
|---|---|---|---|
| | **ડાંગ** | | |
| ૩૯ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. સાપુતારા | ટ્રાયબલ હાટ બિલ્ડીંગ, વાઘબારી રોડ, સાપુતારા, તા.આહવા, જિ.ડાંગ |
| | **વલસાડ** | | |
| ૪૦ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. કરચોંડ | ઓઝરપાડા, વોટર ક્લીનલીનેસ સેન્ટર, બારોલિયા રોડ, તા.ધરમપુર, જિ.વલસાડ |
| ૪૧ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. ધરમપુર | ઓઝરપાડા, વોટર ક્લીનલીનેસ સેન્ટર, બારોલિયા રોડ, તા.ધરમપુર, જિ.વલસાડ |
| ૪૨ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ.) | જી.એલ.આર.એસ. સુથારપાડા | ઈ.એમ.આર.એસ. કપરાડાની બાજુમાં કાજુફળીયા, વાપી- નાસિક રોડ, મુ.કપરાડા, જિ.વલસાડ |
| | **ગીર સોમનાથ** | | |
| ૪૩ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા (જી.એલ.આર.એસ) | જી.એલ.આર.એસ. તાલાલા | કેતન ઈન્ડસ્ટ્રીઝ કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ, તાલાલા, જિ.ગીર સોમનાથ |






# અનુસૂચિત જનજાતિઓ (આદિવાસી) ની યાદી


**(ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ લો, જસ્ટીસ એન્ડ કંપની અફેર્સના**
**૨૦મી સપ્ટેમ્બર, ૧૯૭૬ ના એક્ટ નં.૧૦૮ મુજબ)**



| અ.નં. | વિગત |
|---|---|
| ૧ | બરંડા |
| ૨ | બાવચા, બામચા |
| ૩ | ભરવાડ (આલેચ, ગીર અને બરડા જંગલના નેસ વિસ્તારમાં) |
| ૪ | ભીલ, ભીલ ગરાસીયા, ઢોલી ભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસીયા, મેવાસી ભીલ, રાવલ ભીલ, તડવી ભીલ, ભાગલીયા, ભીલાલા, પવાર, વસાવા, વસાવે |
| ૫ | ચારણ (આલેચ, બરડા અને ગીરના જંગલના નેસ વિસ્તારમાં) |
| ૬ | ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં) |
| ૭ | ચૌધરા |
| ૮ | ધાનકા, તડવી, તેતરીયા, વાલવી |
| ૯ * | ઢોડીયા, ઢોડી |
| ૧૦ | દુબળા, તલાવીયા, હળપતિ |
| ૧૧ | ગામિત, ગામટા, ગાવિત, માવચી, પડવી |
| ૧૨ | ગોન્ડા, રાજગોન્ડા |
| ૧૩ | કાથોડી, કાતકરી, ઢોર કાથોડી, ઢોર કાતકરી, સોની કાથોડી, સોની કાતકરી |
| ૧૪ | કોકણા, કોકણી, કુકણા |
| ૧૫ * | કોળી (કચ્છ જિલ્લામાં) રદ કરેલ છે. |
| ૧૬ | કોળી ઢોર, ટોકેરે કોળી, કોલચા, કોલઘા |
| ૧૭ | કણબી (ડાંગ જિલ્લામાં) |
| ૧૮ | નાયકડા, નાયકા, ચોલીવાલા નાયકા, કાપડીયા નાયકા, મોટા નાયકા, નાના નાયકા |
| ૧૯ | પઢાર |
| ૨૦ * | પારઘી (કચ્છ જિલ્લો) રદ કરેલ છે. |
| ૨૧ | પારઘી, અડવીચીચર, ફણસે, પારઘી (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયના) |
| ૨૨ | પટેલીયા |
| ૨૩ | પોમલા |
| ૨૪ | રબારી (આલેચ, બરડા અને ગીરના જંગલના નેસ વિસ્તારમાં ) |
| ૨૫ | રાઠવા |
| ૨૬ * | સીદી "સીદી બાદશા" (અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં) |
| ૨૭ * | વાઘરી (કચ્છ જિલ્લો) રદ કરેલ છે. |
| ૨૮ | વારલી (વાર્લી) |
| ૨૯ | વીટોળીયા, કોટવાળીયા, બરોડીયા |

# મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.) સરનામાં અને ટેલીફોન નંબરની વિગત

| ક્રમ | મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનું સ્થળ | કચેરીનું સરનામું | ટેલીફોન કોડ-ટેલીફોન નંબર |
|---|---|---|---|
| ૧ | વલસાડ | જિલ્લા સેવા સદન, તિથલ રોડ, વલસાડ | ૦૨૬૩૨-૨૪૭૪૫૬<br>૨૪૦૪૫૧(ફે) |
| ૨ | નવસારી | સી/બ્લોક, ત્રીજો માળ, બહુમાળી ભવન, જુના થાણા, નવસારી, જિ. નવસારી | ૦૨૬૩૭-૨૪૭૭૮૮<br>૨૪૭૭૮૮(ફે) |
| ૩ | સુરત | બહુમાળી ભવન, સી-બ્લોક, છઠ્ઠો માળ, નાનપુરા, જિ. સુરત | ૦૨૬૧-૨૪૭૬૧૮૧<br>૨૪૭૬૧૮૧(ફે) |
| ૪ | તાપી | જિલ્લા સેવા સદન, બ્લો.ક નં.-૪, પાનવાડી, મુ.વ્યારા, જિ.તાપી | ૦૨૬૨૬-૨૨૦૨૩૪ |
| ૫ | નર્મદા | સેન્ટ્રલ બિલ્ડીંગ, બહુમાળી મકાન, ત્રીજો માળ, રૂમ નં. ૫૪, રાજપીપળા, જિ. નર્મદા | ૦૨૬૪૦-૨૨૪૭૮૯ |
| ૬ | ભરૂચ | કલેક્ટર કચેરીના કંપાઉન્ડમાં, આદિજાતિ ભવન, કણબીવગા, જિ. ભરૂચ | ૦૨૬૪૨-૨૬૫૭૧૯<br>૨૪૦૬૦૨(ફે)<br>૨૪૧૯૫૩(ફે) |
| ૭ | વડોદરા | કુબેર ભવન, આઇ બ્લોક નં.-૭, સાતમો માળ, કોઠી રોડ, જિ. વડોદરા | ૦૨૬૫-૨૪૨૨૨૬૩ |
| ૮ | દાહોદ | આઇ.ટી.આઇ.ની બાજુમાં, ઝાલોદ રોડ, જિ. દાહોદ | ૦૨૬૭૩-૨૫૧૦૨૨<br>૨૬૧૩૦૦(ફે) |
| ૯ | ગોધરા | જિલ્લા સેવા સદન-૨, ભોંયતળિયે, પોસ્ટ ઓફીસની બાજુમાં, ગોધરા, જિ. પંચમહાલ | ૦૨૬૭૨-૨૪૯૦૭૭ |
| ૧૦ | હિંમતનગર | બહુમાળી મકાન, એ-બ્લોક, ત્રીજો માળ, હિંમતનગર, જિ. સાબરકાંઠા | ૦૨૭૭૨-૨૪૯૧૩૫ |
| ૧૧ | પાલનપુર | બહુમાળી મકાન, જોરાવર પેલેસ, જિલ્લા - પંચાયત પાસે, પાલનપુર | ૦૨૭૪૨-૨૬૦૦૯૮<br>૨૫૭૧૮૮(ફે)<br>૨૫૨૦૧૪(ફે) |
| ૧૨ | અમદાવાદ | બહુમાળી મકાન, બ્લોક નં. એ/૬ઠ્ઠો માળ, અપના બજાર, લાલદરવાજા, જિ. અમદાવાદ | ૦૭૯-૨૫૫૧૦૧૨૬ |
| ૧૩ | રાજકોટ | જિલ્લા સેવા સદન-૩, પ્રથમ માળ, ગવર્નમેન્ટ પ્રેસની બાજુમાં, જિ. રાજકોટ | ૦૨૮૧-૨૪૭૮૩૭૫ |



| | | | |
|---|---|---|---|
| ૧૪ | મહીસાગર (લુણાવાડા) | "બાવન પાટીદાર સમાજઘર", ચારકોસીયા નાકા પાસે, લુણાવાડા, જિ. મહીસાગર | ૦૨૬૭૨-૨૪૯૦૭૭ |
| ૧૫ | છોટાઉદેપુર | ૫/સી, જિલ્લા સેવા સદન, બીજો માળ, છોટાઉદેપુર | ૦૨૬૬૯-૨૩૨૫૪૪ |
| ૧૬ | અરવલ્લી (મોડાસા) | સીએસ-૨, બ્લોક-૧૪, જિલ્લા સેવા સદન, બીજો માળ, શામળાજી રોડ, મોડાસા, જિ.અરવલ્લી | ૦૨૭૭૪-૨૫૦૧૭૯ |
| ૧૭ | ડાંગ-આહવા | આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરી, જુની કલેક્ટર કચેરીના કંપાઉન્ડમાં, જિ. આહવા-ડાંગ | ૦૨૬૩૧-૨૨૧૦૧૯ |
| ૧૮ | કચ્છ-ભુજ | ૧૦૨, વૃંદાવન એપાર્ટમેન્ટ, હોટેલ આનંદોની બાજુમાં, કલ્પાનેશ્વર વાડી, કચ્છ મ્યુઝિયમની બાજુમાં, ભુજ, જિ. કચ્છ | ૦૨૮૩૨-૨૨૫૬૩૦<br>૨૫૦૪૩૦(ફે)<br>૨૫૦૩૫૫(ફે) |







## પ્રાયોજના વહીવટદારશ્રીઓની કચેરીનાં સરનામા અને ટેલિફોન નંબરની વિગત

| અ.નં. | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીનું સ્થળ | કચેરીનું સરનામું | ટેલીફોન કોડ-ટેલીફોન નંબર |
|---|---|---|---|
| ૧ | આહવા-ડાંગ | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, જિલ્લા પંચાયતની બાજુમાં, આહવા, જિ. ડાંગ-૩૯૪૭૩૧ | ૦૨૬૩૧-૨૨૦૨૬૮<br>૭૦૬૯૨૫૫૦૮૬ |
| ૨ | વલસાડ | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, વલસાડ, જિલ્લા સેવા સદન-૨, ત્રીજો માળ, વલસાડ-૩૯૬૦૦૧ | ૦૨૬૩૨-૨૫૦૬૦૧<br>૨૫૦૬૦૨ |
| ૩ | વાંસદા | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, મામલતદારની કચેરી સામે, વાંસદા, જિ. નવસારી | ૦૨૬૩૦-૨૨૨૨૬૫<br>૨૨૨૭૪૭/ ૨૨૨૨૫૮ |
| ૪ | માંડવી | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, માંડવી, જિ. સુરત | ૦૨૬૨૩-૨૨૧૦૮૬ |
| ૫ | સોનગઢ | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, જુના ચેકપોસ્ટ પાસે, સોનગઢ, જિ. તાપી | ૦૨૬૨૪-૨૨૨૧૪૮<br>૨૨૧૧૨૬ |
| ૬. | રાજપીપળા | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, લાલ ટાવર પાસે, રાજપીપળા, જિ. નર્મદા | ૦૨૬૪૦-૨૨૦૦૯૩<br>૨૨૨૪૩૬ |
| ૭ | ભરૂચ | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, આદિજાતિ ભવન, પ્રથમ માળ, ભરૂચ | ૦૨૬૪૨-૨૨૨૩૩૧ |
| ૮ | છોટાઉદેપુર | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, જિલ્લા સેવા સદનની બાજુમાં, જિ. છોટાઉદેપુર | ૦૨૬૬૯-૨૩૨૦૦૬<br>૨૩૩૦૦૬ |
| ૯ | દાહોદ | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, દાહોદ, ચાકલીયા રોડ, તાલુકા પંચાયત કચેરી પાસે, જિ. દાહોદ | ૦૨૬૭૩-૨૨૦૧૦૨<br>૨૨૧૪૫૦ |
| ૧૦ | ગોધરા | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, જિલ્લા સદન-૨, ગોધરા, જિ.પંચમહાલ | ૦૨૬૭૨-૨૫૨૫૪૫ |
| ૧૧ | ખેડબ્રહ્મા | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, લક્ષ્મીપુરા ચાર રસ્તા, ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા-૩૮૩૨૫૫ | ૦૨૭૭૫-૨૨૦૧૫૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | પાલનપુર | પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની બાજુમાં, જોરાવર પેલેસની બાજુમાં, પાલનપુર, જિ. બનાસકાંઠા-૩૮૫૦૦૧ | ૦૨૭૪૨-૨૫૭૧૮૮ |
| ૧૩ | મહીસાગર (લુણાવાડા) | પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, જિલ્લા સેવા સદન, બીજો માળ, લુણાવાડા, જિ. મહીસાગર | ૦૨૬૭૪-૨૫૧૧૭૮ |
| ૧૪ | અરવલ્લી (મોડાસા) | પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ યોજના, સી/૧૩, બીજો માળ, જિલ્લા સેવા સદન, મોડાસા, જિ. અરવલ્લી | ૦૨૭૭૪-૨૫૦૧૭૩ |
| ૧૫ | જુનાગઢ ગીર-સોમનાથ | પ્રાયોજના અધિકારી (આદિમજૂથ), મલ્ટીપર્પઝ બિલ્ડીંગ, ગલીયાવાડ રોડ, તાલાલા, જિ.ગીર-સોમનાથ | ૯૬૬૨૭૯૫૧૧૦<br>૦૨૮૭૭-૨૨૨૪૩૬ |

## આદિજાતિ વિકાસ અધિકારી (આશ્રમશાળા), વર્ગ-૨ ના કચેરીનાં સરનામા અને ટેલિફોન નંબરની વિગત

| ક્રમ | આદિજાતિ વિકાસ અધિકારીશ્રીની કચેરીનું સ્થળ | કચેરીનું સરનામું | ટેલીફોન કોડ-ટેલીફોન નંબર |
|---|---|---|---|
| ૧ | વલસાડ | જિલ્લા સેવા સદન, ચોથો માળ, વલસાડ | ૦૨૬૩૨-૨૪૦૪૫૧ |
| ૨ | સુરત | બહુમાળી ભવન, સી-બ્લોક, ૫-મો માળ, નાનપુરા, સુરત | ૦૨૬૧-૨૪૭૮૬૪૧ |
| ૩ | વ્યા રા, જિ.તાપી | જિલ્લા સેવા સદન, બ્લોક નં.-૪, પાનવાડી, વ્યારા, જિ.તાપી | ૦૨૬૪૦-૨૨૨૭૫૭ |
| ૪ | છોટાઉદેપુર | ડૉ. ભીમરાવ આંબેડકર કુમાર છાત્રાલયના મકાનમાં, સરકારી હોસ્પિટલના ક્વાર્ટસની સામે, છોટાઉદેપુર | ૦૨૬૬૯-૨૩૩૯૪૪ |
| ૫ | દાહોદ | પ્રાયોજના વહીવટદારની કચેરી, તાલુકા પંચાયતની સામે, દાહોદ | ૦૨૬૭૩-૨૨૩૩૫૭ |
| ૬ | ખેડબ્રહ્મા | તાલુકા સેવા સદન, રૂમ નં.૨૨૦-૨૨૧, પ્રથમ માળ, ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા | ૦૨૭૭૫-૨૨૧૨૨૬ |
| ૭ | ગાંધીનગર | સેકટર-૧૭, બ્લોક નં. ૪૫/૫, છ-ટાઈપ, ગાંધીનગર | ૦૭૯-૨૩૨૨૦૭૧૦ |
| ૮ | રાજપીપળા, જિ.નર્મદા | જિલ્લા સેવા સદન બિલ્ડીંગ, રૂમ નં.૧૪-૧૫, ગ્રાઉન્ડ ફલોર, રાજપીપળા, જિ.નર્મદા | ૦૨૬૨૬-૨૨૦૨૩૪ |



# પેસા એક્ટથી ખુલ્યો આદિવાસીઓનો વિકાસનો માર્ગ

ગુજરાત જે રીતે વિકાસનાં વિવિધ ક્ષેત્રોમાં દેશનાં અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ અને રોલ મોડેલ બન્યું છે, તેવું જ આદિવાસી વિકાસ ક્ષેત્ર પણ છે. ગુજરાતે આદિવાસીબંધુઓના વિકાસની દેશને અને અન્ય રાજ્યોને નવી દિશા બતાવી છે. ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસ માટે શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજના અને રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આદિવાસીઓના હિતમાં કરેલો પેસા એક્ટનો મોટો નિર્ણય આદિવાસી સમાજના વિકાસની સિમાચિહ્નરૂપ બાબત છે.

પેસા એક્ટના કારણે આદિવાસીઓના અને વનવાસી વિસ્તારોમાં આવતાં બે - પાંચ વર્ષમાં જ બહુ મોટું પરિવર્તન આવશે. પેસા એક્ટના ઐતિહાસિક નિર્ણયથી આદિવાસીઓના ભાવિમાં નવો પ્રકાશ પાથરશે. થોડીક ઝલક જોઈએ તો, ગૌણ વન પેદાશોના સંપૂર્ણ હક્ક વનવાસીઓને મળતા થયા છે. સાથે વચેટિયાઓની નાબૂદી, નફો સીધો આદિવાસીઓને મળતો થયો છે. પથ્થર - રેતી સહિતની ગૌણ ખનિજની લીઝ સહિતના સંપૂર્ણ અધિકારો આદિવાસીને મળતા થયા છે. ઊંચા વ્યાજ સાથેનું શોષણ અટકશે. ગામ તળાવોનો વહીવટ આદિવાસી સમાજને મળ્યો છે. ગ્રામ શ્રમિકોને લેબર કોન્ટ્રાક્ટરો સામે સુરક્ષા મળવાની સાથે આદિવાસી બાંધવોનાં આવાં સંખ્યાબંધ હિતોને આ એક્ટ રક્ષણ આપી રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આદિજાતિ વિસ્તારોની ગ્રામ પંચાયતો અને ગ્રામસભાઓને વિશેષ અધિકારો આપતા ગુજરાત રાજ્ય પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) અધિનિયમ હેઠળના પેસા (પંચાયત ઍક્સટેન્શન ટુ



ધી શેડ્યૂલ્ડ એરિયાઝ) નિયમો-૨૦૧૭ના અમલનો પ્રારંભ કરાવ્યો. પેસા નિયમોના અમલથી રાજ્યના ૫૩ જેટલા આદિજાતિ તાલુકાઓની ૨૫૮૪ ગ્રામ પંચાયતો હેઠળની ૪૫૦૩ ગ્રામસભાઓને ગૌણ વન પેદાશો અને ગૌણ ખનીજો સહિત વિકાસ માટેના નિર્ણયો સ્થાનિક કક્ષાએથી જ લેવાનો વિશેષ અધિકાર પ્રાપ્ત થઈ ગયો છે. પેસા કાયદાના કારણે ૧૪ જિલ્લા અને ૫૩ તાલુકાના ૪ હજાર કરતાં વધારે કામો થનારાં છે. જેના પરિણામે રાજ્યના ૯૦ લાખ આદિવાસીઓને સવિશેષ અધિકારો પ્રાપ્ત થયા છે.

પેસા દ્વારા ગ્રામસભા/પંચાયતને વિશેષાધિકાર અપાયા છે. જેમાં ગૌણ ખનીજોનો ઉપયોગ અને વેચાણ ઉપરાંત નફાના વિસ્તરણ અંગે નિર્ણય લેવાનો, ગૌણ ખનીજોથી મળતી આવકનો ઉપયોગ સ્થાનિક વિકાસ માટે કરવાનો, વન પેદાશોનો ઉપયોગ પોતાના વિસ્તાર માટે કરવાનો, જમીન મહેસૂલી કાયદાની કલમ ૭૩-એ અનુસાર મંજૂરી માટેના અધિકાર તેમજ જમીન સંપાદન બાબતે ગ્રામસભાના અનિવાર્ય પરામર્શનનો અધિકાર મળ્યો છે.

ગૌણ વન પેદાશોની સંપૂર્ણ માલિકી ગ્રામ પંચાયત અને આદિજાતિ સમાજને આપવામાં આવી છે. નર્મદા જિલ્લામાં શુલપાણેશ્વર અભયારણ્યમાં વાંસ પર જીવન નિર્વાહ ચલાવતા આદિમ જૂથ કોટવાળિયા તથા ડેડિયાપાડાના ૧૧૫ ગામોમાં વસતા લોકોએ સૂકા વાંસને કાપીને ૨૦ કરોડ રૂપિયાની આવક મેળવી છે. ફક્ત બે જ ગામોનો દાખલો લઈએ તો નાંદોદ તાલુકાનું જૂનારાજ (બે કરોડ) અને ડેડિયાપાડા તાલુકાનું ફુલસર (એક કરોડ) જેવા ગામોને ગૌણ વન પેદાશના લીધે પેસા એક્ટ કારણે લાભ થયો છે.

૨૦૧૯-૨૦ના વર્ષ દરમિયાન રાજ્યના કેટલાક ગૌણ ખનિજના બ્લોક ઈ-હરાજી માટે મૂકવામાં આવ્યા હતા. પેસા એક્ટ લાગુ હોય એ આદિવાસી વિસ્તારોમાં ૮૫ જેટલા બ્લોક મૂકવામાં આવ્યા છે. જે પૈકી કુલ ૬૨ બ્લોકમાં સફળ હરાજી થઈ છે. ૬૨ જેટલી રેતી અને બ્લેક ટ્રેપની લીઝ આદિવાસીઓને આપવામાં આવી છે. ગામ માટે અલાયદું સુરક્ષાદળ બનાવવાનો, ક્વોરી માટેની લીઝ સ્થાનિક આદિજાતિ અને સ્થાનિક નિવાસીઓને પ્રદાન કરવાનો, વ્યસનમુક્ત સમાજની રચના કરવા માટે નિર્ણયો લેવાનો, નાણાં ધીરનાર માટે શાહુકારોને લેવાપાત્ર વ્યાજનો દર નક્કી કરવાનો તેમજ સ્થાનિક તળાવના પાણીના ઉપયોગ અંગે તથા કાંસના સમારકામ અંગેના નિર્ણયો પણ ગ્રામસભાના જ અધિકારમાં હોવાથી હવે આવાં કામોમાં ઝડપ આવશે.

પેસા એક્ટથી આદિવાસીઓનું શોષણ કરતા ખાનગી શાહુકારોનો નાણાંની ધીરધાર માટે વ્યાજનો દર જાતે નક્કી કરવાનો અધિકાર સમાપ્ત થયો. શાહુકારો માટે લેવાપાત્ર વ્યાજનો દર ગ્રામસભા જ નક્કી કરશે, જેથી વ્યાજનો દર સૌને માટે સમાન રહેશે. સૌને એની જાણ કરાતા આદિવાસીઓનું શોષણ અટક્યું છે.

જાહેર સંસાધનોનો ઉપયોગ સ્થાનિક કક્ષાએ જ શ્રેષ્ઠ રીતે કરી શકાય એ માટેની સત્તા સ્થાનિક લોકતંત્રને જ આપે છે. કુદરતી સંસાધનોના ઉપયોગ અંગેનો નિર્ણય પણ સ્થાનિક તંત્રના હાથમાં આપવાથી આદિજાતિના લોકોની આવક વધશે, એમનું જીવનધોરણ સુધરશે અને આ કારણે તેમનું વિસ્થાપન પણ અટકશે. શાહુકારો, વેપારીઓના શોષણ સામે આદિજાતિને સંરક્ષણ મળી શકશે. આદિજાતિને પોતાના સાંસ્કૃતિક વારસા, રિવાજ, પરંપરાના જતન, સંવર્ધન માટે પ્રોત્સાહન મળશે. આ કારણે આદિજાતિ પોતાનું અસલ સ્વરૂપ, સંસ્કૃતિ અને વારસો સરળતાથી જાળવી શકશે.



**ગુજરાતનો આદિવાસી વિકાસની હરણફાળ ભરી વૈશ્વિક દ્વાર ખખડાવી રહ્યો છે...**

# ગુજરાતમાં આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસનો આલેખ પ્રસ્તુત કરતાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી

**આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા સાથે સાક્ષાત્કાર**

અંબાજીથી ઉમરગામ સુધી ૧૪ જિલ્લાઓમાં ૯૦ લાખ જેટલા આદિવાસી બાંધવોના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સમગ્રતયા વિકાસને કારણે આજે તેઓ વિકાસની મુખ્ય ધારામાં આવી દિવ્ય અને ભવ્ય ગુજરાતના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. ગુજરાતની પૂર્વ સરહદે વનરાજી અને વન્ય સંસ્કૃતિનું સંવર્ધન અને સંરક્ષણ આદિવાસી સમાજની મુખ્ય ભૂમિકા છે. રાજય સરકારે આદિવાસી નાગરિકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈને વનબંધુ કલ્યાણ યોજના અમલી બનાવી છે. આ યોજનાઓનાં અમલ અને નિર્ણાયક નેતૃત્વના કારણે આજે પૂર્વપટ્ટીનાં આદિવાસી ગામોમાં વિકાસની નવતર પરિભાષા અંકિત થઇ છે. પાણી, સિંચાઈ, વીજળી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ જેવી મૂળભૂત અને આંતરમાળખાકીય સુવિધાઓથી સમગ્ર વિસ્તાર વિકાસની નવી ઊંચાઇ હાંસલ કરી રહ્યો છે. આદિવાસીઓની પ્રવૃત્તિ અને પ્રકૃતિને ધ્યાનમાં રાખી આદિજાતિ વિસ્તારને વિકાસની હરોળમાં આગળ લાવવા રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ તમામ યોજના આદિવાસી સમાજનાં બાળકો, માતા, વિદ્યાર્થીઓ, યુવાનો સૌ કોઇનાં સર્વાંગી વિકાસ માટે અમલી બનાવવામાં આવી છે. આ સરકારે

આદિવાસીઓની ન માત્ર નિષ્ઠાપૂર્વક સંભાળ લીધી છે, સાથોસાથ સંતુલિત અને સાર્વત્રિક વિકાસના લક્ષ્ય સાથે સાચા અર્થમાં વિકાસનાં ફળો છેવાડાના આદિવાસી જન સુધી પહોંચાડવા કલ્યાણકારી યોજનાઓ પરિણામલક્ષીતા સાથે અમલમાં મૂકી છે. ગુજરાતમાં "જ્યાં નાગરિક ત્યાં સુવિધા"નાં મંત્રને ચરિતાર્થ કરવામાં આવ્યો છે. રાજ્યમાં છેલ્લા બે અઢી દાયકામાં વનબંધુઓનાં થયેલા અદ્ભૂત વિકાસ અંગેની જાણકારી મેળવવા આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહજી વસાવા સાથેનો સાક્ષાત્કાર પ્રસ્તુત છે....

**પ્રશ્ન : આદિવાસી નાગરિકો અને વિસ્તારમાં સમગ્રતયા બદલાવ આવ્યો છે ખરો ? આપ આ પરિવર્તનને કઈ રીતે જુઓ છો ?**

**જવાબ :** પહેલાં તો મારો સૌને આગ્રહ છે કે, રાજ્યનાં આદિજાતિ ગામડાઓની મુલાકાત લઈને ત્યાં છેલ્લા બે દાયકામાં ૩૬૦ ડિગ્રીએ થયેલા વિકાસને અનુભવો. થોડા જૂના સંદર્ભો અને આંકડાઓને આધારે વાતને જોવામાં આવે તો તે વધુ સ્પષ્ટ થશે. અલગ ગુજરાત રાજ્ય બન્યા બાદનાં ઘણાં વર્ષો સુધી આદિવાસીઓ માટેનું બજેટ ખૂબ ઓછું ફાળવવામાં આવતું હતું.

વર્ષ ૧૯૬૦ પછીની એ વખતની સરકારોએ ચાર દાયકામાં આદિજાતિના વિકાસ માટે રૂ. ૬૫૦૦ કરોડનો ખર્ચ કર્યો હતો જે અમારી દૃષ્ટિએ ખૂબ ઓછો હતો. ગુજરાતના ૧૪ જિલ્લામાં ૯૦ લાખથી વધુ આદિવાસી બાંધવોના વિકાસ માટે આ રકમ અપૂરતી હતી. તેનાથી આદિવાસીઓનો સમગ્રતયા વિકાસ શક્ય ન હતો. અમારી સરકારે છેલ્લા બે દાયકામાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે આર્થિક રીતે કોઈ કચાશ રાખી નથી. એટલે જ, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્યની શાસનધૂરા સંભાળી ત્યારે તેમણે આદિવાસીઓનાં સર્વાંગી વિકાસ માટે રૂ. ૧૫ હજાર કરોડની વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી. શ્રી નરેન્દ્રભાઈ મોદીને આદિવાસીઓના જીવન અને તેમની સ્થિતિ અંગે સુપેરે ખ્યાલ હતો. તેથી જ તેમણે વનબંધુ કલ્યાણ યોજના સાચા અર્થમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસનું ચાલકબળ બનાવીને તેનો નક્કર અમલ કર્યો. અને પછી તો વનબંધુઓના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે તેવી અદ્ભૂત ઘટનાનાં મંડાણ થયાં તેનાથી સૌ કોઈ બરાબર વાકેફ છે.

રાજ્યની પૂર્વપટ્ટીમાં વસતા ૯૦ લાખ આદિવાસી નાગરિકોના વિકાસ માટે આ વર્ષનાં બજેટમાં રૂ.૧૪,૫૬૭ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે, જે અગાઉના વર્ષ કરતા રૂ. ૧,૨૯૦ કરોડનો એટલે કે ૯.૭૧ % વધુ છે. આદિજાતિ વિભાગમાં રૂ. ૨૮૧ કરોડનો વધારો કરી, આ વર્ષે તે બજેટ રૂ.૨,૪૮૧ કરોડનું કરવામાં આવ્યું એટલે કે ગત વર્ષની સરખામણીમાં તેમાં પણ ૧૨.૭૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ પૂર્વપટ્ટીના વનબંધુઓનાં ગામડાઓમાં પાકા રોડ, શાળા, આંગણવાડીઓ, પાણી, વીજળીની સુવિધાઓ આવવા લાગી. બાળકો કુપોષણમાંથી બહાર આવવા લાગ્યા. પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ બનવા લાગ્યું. પહેલાં એક પણ આદિજાતિ વિસ્તારમાં વિજ્ઞાન શાળા ન હતી. આજે બધા જ આદિવાસી તાલુકામાં વિજ્ઞાનની શાળાઓ શરૂ થઈ. એકલવ્ય શાળાઓમાં આદિવાસી વિદ્યાર્થીઓનુ ટેલેન્ટ બહાર આવવા લાગ્યું. ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા તો આજે આદિવાસી સમાજ માટે આશીર્વાદરૂપ બની છે.

**પ્રશ્ન : કોઈ પણ વ્યક્તિ કે સમાજની સમૃદ્ધિ માટે તથા ભાવિ વિકાસ માટે શિક્ષણ મહત્ત્વનું છે. આદિવાસી બાંધવોની શૈક્ષણિક સ્થિતિ અંગે પ્રકાશ પાડશો ?**

**જવાબ :** ખૂબ સારો પ્રશ્ન છે. આની વિગતો આપું તો આપણા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નિર્ણાયક નેતૃત્વમાં આ સરકારે સૌથી વધુ ધ્યાન આદિવાસી સમાજના શિક્ષણ અને રોજગાર માટે આપ્યું છે. આદિવાસી ગામડાઓમાં શાળા શરૂ કરવામાં આવી છે, તેની સાથે શિક્ષકોની ઘટ ન રહે તેનું ચોકસાઈપૂર્વક ધ્યાન રાખવામાં આવે છે. પ્રત્યેક આદિવાસી બાળક પ્રાથમિક શિક્ષણ મેળવે તેની તકેદારી અમે લીધી છે. શિક્ષણ માટે સમાજમાં ખાસ્સી જાગૃતિ વધી છે. આજે

આદિવાસી બાળકો - યુવાનો ભણી ગણીને વિશ્વભરમાં ગુજરાતનો ડંકો વગાડી રહ્યાં છે. આદિવાસીઓનાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સર્વોત્તમ સુવિધા આપવાના અમારા નિર્ધારની પ્રતીતિ બજેટમાં પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.

આ સરકાર ધોરણ-૧૦ સુધીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપે છે. જેનો લાભ નવ લાખથી વધુ વિદ્યાર્થીઓને મળ્યો છે. તો ધોરણ-૯માં અભ્યાસ કરતી ૪૪ હજારથી વધુ વિદ્યાર્થિનીઓને શાળાએ સમયસર પહોંચી શકે એ માટે સાયકલ આપવામાં આવી છે. ૮.૮૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી છે. આની સાથે સાથે, મારે આપનું ધ્યાન એ તરફ પણ દોરવું જોઇએ કે, આદિજાતિ વિસ્તારોની શાળામાં ડ્રોપ આઉટ રેશિયો ઘટીને આજે માત્ર ૧.૯૭ ટકા થયો છે. આ કોઇ નાનીસૂની વાત નથી રાજ્ય સરકારની પરિણામલક્ષી અમલીકરણની આ મોટી ઉપલબ્ધિ ગણાવી શકાય. આદિવાસી મહિલાઓમાં શિક્ષણની ટકાવારી વર્ષ ૨૦૦૧માં ૩૬ ટકા હતી. ત્યાર બાદ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ શરૂ કર્યા જેના થકી આદિવાસી સમાજમાં શિક્ષણના દરમાં વધારો થયો. તેમાં ખાસ કરીને મહિલાઓમાં શિક્ષણની ટકાવારી વધીને ૫૩.૨૦ ટકા થઇ છે.

આદિજાતિ વિસ્તારોમાં અદ્યતન એવી એકલવ્ય નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી છે. આ શાળાઓમાં આદિજાતિ સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ, રહેવાની તથા જમવાની ઉત્તમ સવલત આપવામાં આવે છે. આ શાળાઓમાં આદિજાતિના બાળકોમાં પડેલી શક્તિઓને ઉજાગર કરવામાં આવે છે. અમારી રાજ્ય સરકારે ટેલેન્ટ પુલ યોજનામાં આદિજાતિ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે ખાનગી શાળાઓમાં આર્થિક સહાય પૂરી પાડી છે એ દિશામાં પણ આપનું ધ્યાન દોરવું છે. આશ્રમશાળાઓનાં માધ્યમથી વિદ્યાર્થીઓને તેમના ઘરની નજીક પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા મળતાં આદિવાસી વિદ્યાર્થીઓમાં શિક્ષણની ભૂખ ઊઘડી છે.

**પ્રશ્ન : આ તો થઇ પ્રાથમિક, માધ્યમિક શિક્ષણની સુવિધાની વાત પરંતુ ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે કેવી વ્યવસ્થા છે?**

**જવાબ :** આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે આદિવાસી વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે વિશ્વવિદ્યાલય શરૂ કરવાનો વિચાર કર્યો હતો. તેમની પ્રેરણાથી આજે નર્મદા જિલ્લાના રાજપીપળા નજીક વીર શહીદ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી કાર્યરત કરવામાં આવી છે. આ યુનિવર્સિટીમાં આદિવાસી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે તમામ પ્રકારની સુવિધા તેમજ રહેવા-જમવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ યુનિવર્સિટીમાં શિક્ષણની સાથે, વિદ્યાર્થીઓનો વ્યક્તિત્વ વિકાસ થાય અને દુનિયા સાથે કદમતાલ મિલાવી શકે તેવા સક્ષમ બનાવવાનો છે. ગોધરામાં ગોવિંદ ગુરુ વિશ્વવિદ્યાલય પણ કાર્યરત છે. ગુજરાત ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ૯૮ શાળાઓમાં ૩૨,૮૯૯ આદિવાસી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અને ૫૦ આદર્શ નિવાસી શાળાઓમાં ૯૬૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. મને





દૃઢ વિશ્વાસ છે કે, આગામી સમયમાં ગુજરાતનો આદિવાસી વિદ્યાર્થી સફળતાનાં શિખર ચોક્કસ સર કરવાનો છે.

**પ્રશ્ન : એક એવી માન્યતા છે કે, વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક રીતે સંકડામણ તથા રહેવા માટેની વ્યવસ્થાની સમસ્યાનો સામનો કરવો પડે છે, તેમના માટે કોઇ વિશેષ વ્યવસ્થા ખરી ?**

**જવાબ :** તમને જણાવતાં આનંદ થાય છે કે, આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવાની દિશામાં રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આદિજાતિ સમાજનાં વિદ્યાર્થીઓનાં અભ્યાસ માટેની તમામ જવાબદારી રાજ્ય સરકારે લીધી છે. વિદ્યાર્થીઓ શિક્ષણ લેવા પ્રોત્સાહિત થાય તે માટે શિષ્યવૃતિ આપવામાં આવે છે. જેમાં ધોરણ-૧૦ પછી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ આપવામાં આવે છે. જેનો રાજ્યનાં ૭૮,૩૩૦ આદિવાસી વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. તેવી જ રીતે, કોલેજના છાત્રાલયમાં રહેતા આદિવાસી વિદ્યાર્થીઓને દર મહિને ફૂડ બિલ આપવામાં આવે છે. રાજ્યના આદિજાતિ વિદ્યાર્થીઓને રાજ્યનાં મોટા શહેરોમાં રહેવા માટે સમરસ હોસ્ટેલ શરૂ કરીને ઉત્તમ સગવડ ઊભી કરવામાં આવી છે. આજે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, જામનગર અને ભૂજ શહેરોમાં સમરસ છાત્રાલયોમાં આદિવાસી વિદ્યાર્થીઓ આનંદપૂર્વક અભ્યાસ કરી રહ્યા છે. આ ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૧૬૪ સરકારી છાત્રાલયોમાં ૧૬,૬૪૫ વિદ્યાર્થીઓ રહીને અભ્યાસ કરે છે.

**પ્રશ્ન : એક પ્રશ્ન એ પણ છે કે, કેટલાંક વર્ષો પહેલાં રાજ્યની ટેકનિકલ કોલેજોમાં આદિજાતિ સમાજની બેઠકો ખાલી રહી જતી હતી. આજે પણ એવી જ પરિસ્થિતિ છે ?**

**જવાબ :** ના. બિલકુલ નહીં. આદિજાતિ સમાજના યુવાનને યોગ્ય તક મળે તો સમાજમાં સર્વોત્તમ યોગદાન આપવા એ હંમેશાં તત્પર હોય છે. થોડા વર્ષો પહેલાં એવી સ્થિતિ હતી કે, રાજ્યની ઈજનેરી, ડિપ્લોમા તથા ફાર્મસી જેવી કોલેજોમાં આદિજાતિ સમાજની બેઠકોની સંખ્યા ખાલી રહેતી હતી. તેનું કારણ આદિજાતિ વિસ્તારોમાં વિજ્ઞાનશાળાનો અભાવ. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમામ આદિજાતિ સમાજના તાલુકાઓમાં ધોરણ-૧૨ની વિજ્ઞાન શાળા શરૂ કરવાનો ક્રાંતિકારી નિર્ણય કરીને તેનો અમલ કર્યો. શિક્ષકોની ભરતી કરવામાં આવી, તેમજ તે શિક્ષકો ત્યાં રહી શકે તે માટે આવાસની સુવિધા પણ વિકસાવવામાં આવી. આ બધા પ્રયાસોના પરિણામ સ્વરૂપ આજે આદિજાતિ વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં ટેકનિકલ અને મેડિકલ કોલેજોમાં એડમિશન લઈ રહ્યા છે. વર્તમાન સ્થિતિની વાત કરું તો, એક સમયે રાજ્યની મેડિકલમાં અનામત બેઠકો પૈકી ૫૦ ટકા બેઠકો ખાલી રહેતી, હવે તો ૧૦૦ ટકા બેઠકો ભરાય જાય છે.

વર્ષ ૨૦૧૩માં અનુસુચિત જનજાતિની ૧૪૪ બેઠકો ખાલી હતી અને અગાઉના વર્ષોમાં પણ મોટી સંખ્યામાં સીટો ખાલી રહેતી હતી. ૨૦૧૩-૧૪ના વર્ષથી ગુજકેટની પરીક્ષા માટે ખાસ તાલીમ આપવાની યોજના અમલમાં મૂકી જેનાથી આદિવાસી ઉમેદવારોની મેડિકલની સીટો ભરાઇ ગઇ છે. અને વર્ષ ૨૦૧૬-૧૭થી મેડિકલ પ્રવેશ માટે નીટની તાલીમ આપીને મેડિકલની સીટો પુરેપુરી ભરાતી થઇ છે.

મહિલાઓ માટેની બેઠકોમાં પણ સરકારે ૧૭ ટકાનો વધારો કર્યો છે. આ પ્રમાણે ઈજનેરી અને ફાર્મસી કોલેજોમાં પણ આદિવાસી વિદ્યાર્થીઓની કોઇ બેઠક ખાલી રહેતી નથી. આ તમામ વાતોની સાથે,

એક વાત કહેવાની ઈચ્છા થાય છે કે, રાજ્યની સરકારની પ્રોત્સાહક નીતિઓ અને યોજનાઓના પરિણામે રાજ્યનો આદિજાતિ યુવાન પાયલોટ બની આકાશમાં પણ વિહરી રહ્યો છે.

**પ્રશ્ન : આપે શિક્ષણની ખૂબ સરસ માહિતી આપી પરંતુ એક સવાલ એ પણ થાય કે આદિવાસી યુવકો માટે અભ્યાસ પછી રોજગાર અને સ્વરોજગારના અવસરો કેટલા ?**


**જવાબ :** આદિવાસી યુવાનોને વિવિધ સરકારી નોકરીઓની પરીક્ષાઓ માટે પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યાં છે. તેમજ ખાનગી ક્ષેત્રમાં જોડાય તે માટે કૌશલ્યવાન બનાવવામાં આવી રહ્યાં છે. રાજ્યની આઈ.ટી.આઈ. અને કે.વી.કે. સેન્ટરમાં આદિજાતિ યુવાનોને ઔદ્યોગિક એકમો માટે જરૂરી તાલીમ આપીને તૈયાર કરવામાં આવે છે. આદિવાસી યુવાનો સરકારી તથા ખાનગી ક્ષેત્રે સારી નોકરીઓમાં જોડાઈ રહ્યા છે. સ્વરોજગાર ક્ષેત્રે તો કેટલીક જગ્યાએ તેઓ નોકરીદાતા પણ બન્યા છે. ગામમાં રહીને જ તેઓ રોજગારી મેળવી શકે તેવા પણ વ્યાપક પ્રયાસો આ સરકારે કર્યા છે. કૃષિ, પશુપાલનથી શરૂ કરી એમ.એસ.એમ.ઇ. ક્ષેત્રે આદિવાસી મહિલાઓ અને યુવાનોને અનેકવિધ યોજનાઓના કારણે નિયમિત આવક મળતી થઇ છે. કૃષિ ક્ષેત્રે તો આદિવાસી ખેડૂત ભાઇઓએ રીતસર ચમત્કારો સર્જ્યા છે.

**પ્રશ્ન : આદિવાસી સમાજના મહિલા અને બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારનો કેવો અભિગમ રહ્યો છે ?**

**જવાબ :** ગુજરાત જે રીતે વિકાસનાં વિવિધ ક્ષેત્રે દેશનાં બીજાં રાજ્યો માટે પ્રેરણારૂપ અને રોલ મોડેલ બન્યું છે, તેવું જ આદિવાસી વિકાસ ક્ષેત્રે પણ છે. દેશને અને અન્ય રાજ્યોને ગુજરાતે નવી દિશા બતાવી છે. દૂધ સંજીવની યોજના અન્વયે ૧૦ લાખથી વધુ આદિવાસીઓનાં બાળકોને દૂધ આપવામાં આવે છે. તેવી જ રીતે, આદિવાસીઓમાં જોવા મળતાં સિકલસેલ એનિમિયાના રોગને નાબૂદ કરવા માટે કેન્દ્ર સરકારના સહકારથી જાપાન સાથે સંશોધન માટે કરાર કરવામાં આવ્યો છે. સિકલસેલ એનિમિયાના રોગથી પીડિત આદિવાસી બાંધવોને અપાતી સહાયની રકમ આ સરકારે બમણી કરી છે. મહિલાઓનાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને આરોગ્યની સમગ્રતયા સંભાળ રાજ્ય સરકાર લઈ રહી છે. જેમાં આદિવાસી સમાજની નોકરી કરતી મહિલાને શહેરોમાં રહેવાની વ્યવસ્થા સુનિશ્ચિત આવી છે. તેમના આર્થિક સશક્તીકરણ માટે સીવણ વર્ગો, દૂધ મંડળી શરૂ કરવા તેમ જ સ્વસહાય જૂથ શરૂ કરવા માટે આર્થિક મદદ આપવામાં આવે છે. સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ આદિવાસી પશુપાલકોને રોજગારી માટે ૧.૨૫ લાખ જેટલા દુધાળા પશુઓનો લાભ આપવામાં આવે છે. કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ગત વર્ષે ૨૯૫૩ કન્યાઓને સહાય આપવામાં આવી છે. આદિજાતિ વિસ્તારની મહિલા જૂથોને રોજગારી પૂરી પાડવા માટે નાહરી કેન્દ્ર યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આનાથી સેંકડો આદિવાસી મહિલાઓ પગભર બનવા જઇ રહી છે. સ્વસ્થ માતા, સ્વસ્થ બાળના સૂત્રને સાર્થક કરવા માટે રાજ્ય સરકાર સગર્ભા મહિલાઓથી લઈ બાળકના આરોગ્યની સમગ્રતયા ધ્યાન રાખી રહી છે. રાજ્યમાં માતા અને બાળ મૃત્યુ દર ઘટાડવા માટે સગર્ભા મહિલાઓ માટે નજીકના દવાખાનામાં વિનામૂલ્યે સારવાર આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

**પ્રશ્ન : પ્રકૃતિના રક્ષક એવા આદિવાસી બાંધવોને અપાતા કાયદાકીય કવચ વિશે આપનું શું મંતવ્ય છે ?**

**જવાબ :** મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નિર્ણાયક અને સંવેદનશીલ નેતૃત્વમાં રાજ્યના આદિવાસીઓ માટે અનેક પ્રોત્સાહક પગલાઓ લેવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અમલમાં મૂકેલા ‘પેસા’ એક્ટથી આદિવાસીના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવી રહ્યું છે. આ ઐતિહાસિક નિર્ણયના પરિણામે આદિવાસીઓના ઉજ્જવળ ભવિષ્યમાં નવો પ્રકાશ પથરાઇ રહ્યો છે. ગૌણ વન પેદાશોનો સંપૂર્ણ હક્ક આદિવાસીઓને મળવાના શરૂ થઇ ગયા છે. વચેટિયા નાબૂદ થયા અને નફો સીધો આદિવાસીઓને મળતો થવા લાગ્યો છે. પથ્થર - રેતી સહિતની ગૌણ ખનિજોની લીઝ સહિતના



સંપૂર્ણ અધિકારો આદિવાસીને મળી રહ્યા છે. ઊંચા વ્યાજ સાથે આદિવાસી બંધુઓનું થતું શોષણ અટકશે. ગામ તળાવોનો વહીવટ આદિવાસી સમાજ કરતો થયો છે. આ સાથે, વન અધિકાર અધિનિયમ હેઠળ આદિવાસીઓને જમીનના માલિકી હક્ક આપવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૮૮ હજાર જેટલા આદિવાસીઓને ૧.૪૦ લાખ એકર જેટલી જમીનના આદેશપત્રો આપવામાં આવ્યા છે. વન અધિકાર હેઠળ સામૂહિક માળખાકીય અને વ્યક્તિગત હક્ક દાવાઓ મંજૂર કરી ૧૩ લાખ એકર જંગલની જમીન આપવામાં આવી છે.

**પ્રશ્ન : આ તો વાત થઈ કાયદાકીય કવચની, પરંતુ આદિવાસીઓના જીવનધોરણમાં બદલાવ લાવવા માટે તેમને કેવા પ્રકારની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે તે અંગે કંઈક કહેશો ?**

**જવાબ :** ખરેખર આદિવાસીઓના વિસ્તારોની કાયાપલટ થઈ છે. આ હું કહું છું એટલે નહીં પણ, બે દાયકા પહેલાંની સ્થિતિ જોતા ખ્યાલ આવે કે આદિવાસી વિસ્તારમાં રસ્તાઓની હાલત બિસ્માર, વીજળીનાં ઠેકાણાં ન હતાં, પાણી માટે દૂર દૂર સુધી જવું પડતું. આરોગ્ય, સિંચાઈ અને શિક્ષણની સ્થિતિ સંતોષજનક ન હતી. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વનબંધુ કલ્યાણ યોજના અમલી બનાવી અને આ વિસ્તારમાં વિકાસનો નવો સૂરજ ઊગ્યો. પહેલાં પાણીની વાત કરીએ. વર્ષ ૨૦૦૧માં ૪૮ હજાર કુટુંબોને નળથી પાણી આપવામાં આવતું હતું. આજે રાજ્ય સરકારના સુદૃઢ આયોજનનાં કારણે ૧૧ લાખથી વધુ કુટુંબોને ઘરે નળથી પાણી મળી રહ્યું છે. જે કુલ વસતીના ૬૪ ટકા થાય છે. આગામી સમયમાં તે સુવિધામાં વધારો કરવા માટે રૂપિયા ત્રણ હજાર કરોડનાં કાર્યો પ્રગતિ હેઠળ છે. જેનો લાભ ૬ શહેરો અને ૨૦૨૨ ગામડાઓની ૪૧ લાખ વસતીને મળવાનો છે. તેવી જ રીતે, ખેતી ક્ષેત્રે સિંચાઈની સુવિધા પૂરી પાડવા માટે તાપી, સુરત, ભરૂચ અને દાહોદમાં રૂ. ૨૯૦૦ કરોડના કાર્યોને મંજૂરી આપવામાં આવી છે. આજે મોટાભાગનાં આદિવાસી ગામડાઓ સુધી વીજળી પહોંચી ગઈ છે. આદિજાતિ વિસ્તારનાં ખેતરોમાં ૧.૭૬ લાખ વીજ કનેક્શન આપવામાં આવ્યાં છે. કુટિર યોજના હેઠળ ૧.૩૫ લાખ ઘરોને વીજ કનેક્શન આપવામાં આવ્યા છે. આ વિસ્તારમાં વીજળી પહોંચાડવા માટે રૂ. ૫૦૭૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ વિસ્તારના ૫૮૮૪ ગામડાઓને બારમાસી રસ્તાઓની સુવિધા મળી ગઇ છે.

આદિવાસી સમાજનું દેશની આઝાદીમાં મહત્વ યોગદાન છે. આઝાદી અપાવવામાં ઘણા આદિવાસી નરબંકાઓએ તેમના પ્રાણોની આહુતિ આપી છે. આ આદિવાસી વીરોની યાદગીરી માટે અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા કેવડીયા કોલોની ખાતે રૂ.૧૦૩.૧૮ કરોડના ખર્ચ રાષ્ટ્રીય કક્ષાનુ મ્યુઝિયમ બનાવાવમાં આવશે જેનું કાર્ય પ્રગતિમાં છે.



# સિંચાઈના પાણી પહોંચતા આદિવાસી વિસ્તારોની થઈ છે કાયાપલટ

ગુજરાત રાજ્ય વર્ષોથી વરસાદી પાણીની અછત તથા દુકાળની સ્થિતિનો સામનો કરતું રાજ્ય રહ્યું છે. ગુજરાત સરકારે રાજ્યની જનતાને પાણીની સમસ્યામાંથી મુક્ત કરવાનો નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે સુજલામ્ સુફલામ્ જળ અભિયાન, સૌની યોજના તથા સરદાર સરોવર નર્મદા યોજના થકી ખેતરે-ખેતરે સિંચાઈની સુવિધા મળે તે દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. ગુજરાતની પૂર્વ પટ્ટીના ૧૪ જિલ્લાઓનાં ચાર હજાર કરતાં વધુ ગામડાઓમાં ૯૦ લાખથી વધુ આદિવાસી નાગરિકો વસવાટ કરી રહ્યાં છે. પૂર્વ પટ્ટીમાં એકપછી એક સિંચાઈ યોજનાઓનાં અમલીકરણથી જળસ્તરમાં સુધારો થયો છે અને આદિવાસી ખેડૂતોના જીવનમાં નવાં ઉત્સાહનો સંચાર થયો છે. ત્યારે આદિવાસી ખેડૂતોની મહેનત રંગ લાવી રહી છે.

રાજ્યના તમામ વિસ્તારને જળ સમૃદ્ધ બનાવવાના ઉદ્દેશ સાથે ગુજરાત સરકાર કામ કરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની પૂર્વપટ્ટીના વિસ્તારમાં સિંચાઈ યોજનાઓ, કેનાલ નેટવર્ક અને ચેકડેમ તથા કૂવાઓને રિચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્યના આદિવાસી બાંધવનાં બાવડામાં એટલું બળ છે કે જો તેમને વીજળી-પાણી આપો તો ગમે તેવી જમીનમાંથી પણ કમાઉ ખેતી કરી શકે છે.

ગુજરાતની પૂર્વ પટ્ટીમાં હાલમાં વિવિધ સિંચાઈ યોજનાઓ કાર્યાન્વિત છે. જેનાં કાર્યો પૂર્ણ તથા તેનો લાભ વિશાળ સંખ્યામાં આદિવાસી ખેડૂતો લઈ રહ્યા છે. તાપી જિલ્લાનાં ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકાના સિંચાઈથી વંચિત આદિવાસી વિસ્તાર માટે રૂ.એક હજાર કરોડથી વધુના ખર્ચે ઉદવહન સિંચાઈ યોજનાથી ઉપરોક્ત ત્રણ તાલુકાની ૩૦ હજાર હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવશે.

ઉમરપાડા-ડેડિયાપાડા માટે રૂ.૭૨૦ કરોડ, નવસારીમાં વાઘરેજ પ્રોજેક્ટ માટે રૂ. ૩૭૨ કરોડ, સુરત ખાતે કાકરાપાર-ગોડધા-વડ(માંડવી-માંગરોળ માટે) યોજના માટે રૂ. ૫૦૦ કરોડ, કરજણ યોજના માટે (નેત્રંગ-વાલીયા-ઝઘડિયા અને માંગરોળ) રૂ. ૪૫૦ કરોડ, કડાણામાંથી દાહોદને પાણી આપવા માટે સિંચાઈ અને પીવાના પાણીની થઈને રૂ.૧૧૨૦ કરોડની એમ છ મોટી સિંચાઈ યોજનાઓ પર અંદાજે રૂ.૨૯૦૦ કરોડના ખર્ચે કામ ચાલી રહ્યાં છે. જે પૈકી, નવસારી જિલ્લામાં અંબિકા નદી પર વાઘરેચ રિચાર્જ પ્રોજેક્ટથી ૧૧ ગામોના ૮૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. તો સુરતમાં કાકરાપાર ઉદવહન સિંચાઈ યોજનાથી માંડવી અને માંગરોળ તાલુકાનાં ૪૭ ગામોના ૧૫૨૮૦ હેક્ટર જમીનમાં ખેતીવાડી કરતા ૨૩ હજાર ખેડૂતોને તેનો લાભ મળશે.

આદિવાસી વિસ્તારોમાં કુલ ૩૩૧ ઉદવહન સિંચાઈ યોજના પૂર્ણ કરવામાં આવશે. આ યોજનાઓ પૂર્ણ થતાં ૯૦૧૯ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધામાં વધારો થશે. આ સાથે, ૮૦૭ નાના ચેકડેમો અને ૧૮૭ મોટા ચેકડેમોનું બાંધકામ પૂર્ણ થતાં ભૂગર્ભ જળ રિચાર્જ થયા છે અને, તેનાથી આ વિસ્તારની ૧૩ હજાર હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈનો ફાયદો પ્રાપ્ત થયો છે.

લીમખેડાનાં વનવાસી ક્ષેત્રોમાં ઉદવહન સિંચાઈ અને પીવાના પાણીની રૂ.૪૮૦૦ કરોડની યોજના પૂર્ણ થતાં આ વિસ્તારની સ્થિતિમાં પરિવર્તન આવશે. તો, મધ્ય ગુજરાત વિસ્તારના પાનમ જળાશય આધારિત પૂર્વ પટ્ટીના આદિવાસીઓ માટે અગત્યની રૂ.૨૪૯ કરોડની યોજના પૂર્ણ થતાં આદિવાસી ખેડૂતોની આવકમાં વધારો થશે. આ સાથે, આ વિસ્તારમાં ૮૮૧ તળાવો ઊંડાં કરવાથી ૪૫૧૫ હેક્ટર સિંચાઈમાં ખેતી કરતા ખેડૂતોને ફાયદો થશે.

# રાજ્યનો આદિવાસી વિસ્તાર બન્યો પાણીદાર

ગ્રામીણ વિસ્તારમાં શહેરી સુવિધા પૂરી પાડવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સપનું સેવ્યું છે. આ સપનું સાકાર કરવા માટે ગ્રામીણ વિસ્તારો આંતર માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવી રહ્યા છે. જેમાં રસ્તા, શિક્ષણ, પાણી, વીજળી, આરોગ્ય જેવી વિવિધ સુવિધાઓનો સમાવેશ થાય છે. ગુજરાતના મોટાભાગનાં ગામોને વીજળી અને બારમાસી રસ્તાઓથી જોડવામાં આવ્યા છે. હવે, રાજ્યનાં તમામ ગામડાઓને પીવાના શુદ્ધ પાણીથી જોડવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આદિવાસી વિસ્તારમાં સૌથી મોટી જરૂરિયાત પાણીની છે. આમ, તો પૂર્વ પટ્ટીમાં વરસાદ સારો પડે છે. પણ પર્વતીય વિસ્તાર અને જળસંગ્રહની યોગ્ય વ્યવસ્થાના અભાવે આદિવાસી બાંધવોને વર્ષોથી પીવાના પાણીની સમસ્યા રહી છે. આ સ્થિતિમાં રાજ્ય સરકારે ખેતરમાં સિંચાઈનું પાણી અને ઘરે ઘરે નળથી પાણી પહોંચાડવાનો સંકલ્પ કરીને પૂર્વપટ્ટીમાં વસતા આદિવાસીઓને ઘરે બેઠા ગંગા પ્રગટાવી છે. કૃષિ કાર્ય દ્વારા તેઓ આર્થિક રીતે સદ્ધર બની ગુજરાત અને દેશના વિકાસમાં પોતાનો મહત્ત્વપૂર્ણ ફાળો નોંધાવી શકે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આદિજાતિ વિસ્તારમાં સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ કરાવવા રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં લોકોને શુદ્ધ પીવાનું તથા સિંચાઇ માટેનું પાણી પહોંચે તે માટે રાજ્ય સરકાર અસરકારક જળવ્યવસ્થાપન માટે પ્રતિબદ્ધ છે.

પૂર્વ પટ્ટીની જરૂરિયાતો અને લાગણીઓને ધ્યાનમાં રાખીને આધુનિક ટેક્નોલોજીના સમુચિત ઉપયોગ દ્વારા જળસંચય, જળ વિતરણ અને જળવ્યવસ્થાપન ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે. સુચારૂ જળ વ્યવસ્થાપન દ્વારા આદિવાસી વિસ્તારોમા પાણીની અછત મહદઅંશે દૂર થઈ છે. આમ, રાજ્ય સરકારનાં સુદૃઢ આયોજન અને પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિથી રાજ્યની પૂર્વપટ્ટીને ટેન્કર ફ્રી બનાવવામાં સફળતા મેળવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ 'નલ સે જલ' અભિયાન દ્વારા દેશના તમામ લોકોને શુદ્ધ પાણી આપવાનો નિર્ધાર કર્યો છે. રાજ્યના આદિવાસી વિસ્તારોમાં વર્ષ ૨૦૦૧માં કુલ ૪૮ હજાર જેટલાં જ કુટુંબોને નળથી પાણી આપવામાં આવતુ હતું. હાલમાં આ સંખ્યામાં વધારો થઇ કુલ ૧૧ લાખ ૩૦ હજાર જેટલા પરિવારોને નળથી પાણી મળે છે. ટકાવારીની દ્રષ્ટી એ જોઇએ તો વર્ષ ૨૦૦૧માં ૩.૯ ટકા લોકોને જ નળથી પીવાનું પાણી મળતુ હતું જ્યારે હાલમાં વધીને આ ટકાવારી ૬૪.૪૬ ટકા જેટલી વધી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિસ્તારની સાથે ગ્રામીણ વિસ્તારોને પણ વર્ષ ૨૦૨૨








સુધીમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત ઘેર-ઘેર પીવાનું પાણી મળી રહે તેવો સંકલ્પ કર્યો છે. 'નલ સે જલ' યોજના અંતર્ગત રાજ્ય સરકારે આગામી ત્રણ વર્ષમાં આશરે રૂ.૨૦ હજાર કરોડનો ખર્ચ કરી ઘેર - ઘેર પીવાના પાણીને પહોંચાડવા નિશ્ચય કર્યો છે, જે અંતર્ગત રૂ.૪૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં પૂર્વ પટ્ટીના દુર્ગમ વિસ્તારોમાં પણ પાણી પહોંચાડવામાં આવશે.

આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાઓનાં ૧૧૯ ગામો અને ૪૦ ફળિયાને આવરી લેતી રૂ.૧૩૬ કરોડની યોજના, ડાંગ જિલ્લાનાં ૬૯ ગામો માટે નદીઓ પર વિયર આધારિત રૂ.૧૨૫ કરોડની યોજના, ગરૂડેશ્વર તાલુકાનાં ૩૬ ગામો અને ૨૭ ફળિયાને આવરી લેતી રૂ.૪૫ કરોડની યોજના, વલસાડ જિલ્લાના પારડી તાલુકાનાં ૪૦ ગામો અને ૩૮૯ ફળિયાને આવરી લેતી રૂ.૧૧૨ કરોડની યોજના, વલસાડ તાલુકાનાં ૧૧૧ ગામો અને ૩૭૪ ફળિયાઓને આવરી લેતી રૂ.૧૩૭ કરોડની યોજના તથા છૂટાછવાયા આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક પાણીની વ્યવસ્થા માટે ૨૦૦૦ મીની પાઇપ યોજના અંતર્ગત રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

રાજ્યની પુર્વ પટ્ટીમાં આદિજાતિ વિસ્તારોમાં હાલ રૂ.ત્રણ હજાર કરોડના ખર્ચે વિવિધ પાણી પુરવઠાની યોજનાઓના કામ પ્રગતિ હેઠળ છે. જેનાથી ૧૧ જિલ્લાનાં ૩૧ તાલુકાનાં ૨૦૨૨ ગામો અને ૬ શહેરોની ૪૧ લાખ વસતીને તેનો લાભ થશે.

આમ, રાજ્ય સરકારે ૨૧૮૯ ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ જોડ્યાં છે જે પૈકી ૬૦૨ને નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનાનો લાભ મળશે. આ સાથે, ૩૫૧૧ ગામોને ટ્યૂબવેલથી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. આ સાથે, પૂર્વ પટ્ટીનાં ગામોમાં ૧.૯૭



લાખ હેન્ડ પંપ, ૧૩,૯૯૬ મીની પાઈપલાઈન યોજના તથા ૭૭૨ સોલાર પંપ આપવામાં આવ્યા છે. આમ, રાજ્ય સરકારે પાણી પહોંચાડ્યું છે, તેટલું જ નહીં પાણીના વિતરણની વ્યવસ્થા કરવા માટે સ્થાનિક નાગરિકો માટે પાણી સમિતિ બનાવી છે. જેનાથી પાણી વિતરણની સુચારુ વ્યવસ્થા ગોઠવાઈ છે. આ તમામ યોજનાઓનો લાભ પૂર્વ પટ્ટીના ૪૨ લાખ નાગરિકોને મળી રહ્યો છે.

ખેડૂતોને સિંચાઇ માટે પાણી-ગુણવત્તાયુક્ત વીજળી, ખાતર અને પોતાની ઉપજના પોષણક્ષમ ભાવો મળતા આદિવાસી ખેડૂતોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. તેની સાથે, ઘરે ઘરે પીવાનું પાણી મળતાં આદિવાસી બહેનો-માતાઓને પાણી માટે દૂર દૂર સુધી ભટકવાની સમસ્યા દૂર થશે, જેનો સામાજિક અને આર્થિક રીતે લાભ મળતો થશે.

## ક્યાંક સોલાર પાવર તો ક્યાંક મીની પાણી પુરવઠા યોજનાથી પહોંચ્યા પાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાનીમાં આદિવાસી સમાજના વિકાસનાં જે કામો થયાં છે તેનાથી આદિજાતિ સમાજે અંતરઆત્માથી રાજીપો વ્યક્ત કર્યો છે.

દાહોદ જિલ્લાના દુર્ગમ વિસ્તારનાં ૫૬ ગામોમાં વાસ્મોએ સોલાર પેનલથી પાણી વિતરણનું આયોજન કર્યુ છે. જેમાં સાત ગામમાં આ કાર્ય શરૂ થઇ ચૂક્યું છે તો બાકીના ગામોમાં માર્ચ સુધીમાં સંભવતઃ સોલાર પેનલ, મોટર, બોરવેલ લાઇન નાખીને કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. જે સ્થળે પાણીની ઉપલબ્ધતા હોય પણ વીજળી ન હોય ત્યાં આવી સોલાર પેનલથી પાણી પહોંચાડવાનું આયોજન છે.

ફતેપુરના ડુંગર ગામના જગજીભાઇ તાવિયાડે કહ્યું કે અહીં ટેકરી ઉપર બોરવેલ બનાવી સોલાર પેનલની મદદથી પાણી પૂરું પડાય છે. પહેલા દૂર સુધી પાણી માટે રઝળવું પડતું. હવે ઘરઆંગણે પાણી મળી રહ્યું છે.

જ્યારે પંચમહાલના ગોધરા શહેરને અડીને આવેલા વાવડી બુજર્ગ ગામે મીની પાણી પુરવઠા યોજના થકી વાસ્મોએ પીવાનું પાણી ઘરેઘરે પહોંચાડ્યું છે. નાયક ફળિયાના ગીતાબેન નાયક કહે છે કે, પહેલા ૨ કિ.મિ. દૂર કોતરમાં આવેલા કૂવામાંથી પાણી ભરવા જવું પડતું હવે પાણી ઘરઆંગણે મળે છે જેનો આનંદ સવિશેષ છે. ગામનાં મંગીબેન પણ આનંદવિભોર બની કહે છે કે રસોઇ, કપડાં ધોવા, વાસણ વગેરે માટે ઘરથી દૂર જવું પડતું હવે ચકલી ખોલો અને પાણી હાજર થયું છે. અહીં પાણી પુરવઠા વિભાગે બોર, મોટર અને ૫ હજાર લિટરની ટાંકી બનાવી નાયક ફળિયાની પાણીની સમસ્યા પર પૂર્ણવિરામ મૂક્યું છે.





# આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાની રાષ્ટ્રીય મ્યુઝિયમ

કોઈપણ દેશ કે સમાજની સુખાકારી અને આનંદને માપવો હોય તો તેમની સંસ્કૃતિની નોંધ લેવી પડે. સંસ્કૃતિ એટલે એકાદ દસકાની વાત નથી, એ છે સદીઓથી ચાલી આવતી પરંપરા, સંસ્કાર, રીત-રિવાજની વાત. સંસ્કૃતિમાં જે તે સમાજના ઈતિહાસની સાથે વર્તમાન સ્થિતિ સુધીના સમયકાળમાં આવેલા પરિવર્તનની ઝાંખી

થાય છે. વળી આ સમગ્ર માહિતી ભાવિ પેઢી માટે પણ સંકલિત અને સંગ્રહિત કરવી પણ આવશ્યક છે. જે માટે વિવિધ સંગ્રહસ્થાનો હોય છે. જોકે કોઇ એક જાતિ-સમાજ માટે આવા સંગ્રહાલયો જૂજ હોય છે. જે છે તેમાં પણ સાંસ્કૃતિક ઈતિહાસ છે પરંતુ આઝાદીની લડાઈમાં શરૂઆતથી જ લડેલા આદિવાસી સમાજની શૌર્યગાથા વર્ણવતા સંગ્રહાલય નથી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬ના દિવસે સ્વાતંત્ર્યપર્વના જનસંબોધનમાં બ્રિટિશરાજથી આઝાદી માટે લડત ચલાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરનાર દેશના આદિવાસી બાંધવોના શૌર્યની ગાથા વર્ણતા સંગ્રહાલય (મ્યુઝિયમ)ની ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાં સ્થાપના કરવાની ઈચ્છાને જાહેર કરી હતી. આઝાદીની લડતમાં જોડાયેલા આદિવાસી બાંધવોની ખુમારીને પ્રદર્શિત કરતાં કેટલાક સંગ્રહાલયો વિવિધ રાજ્યોમાં છે. જોકે, તેમાં આદિવાસી સંસ્કૃતિની વાતને પણ દર્શાવવામાં આવી છે.

બ્રિટિશ રાજના શરૂઆતના વર્ષોમાં, ભારતભરના આદિજાતિ સમુદાયોએ બ્રિટિશ શાસનનો શૌર્યપૂર્ણ પ્રતિકાર કર્યો હતો. બ્રિટિશ શાસન સાથે ભારતમાં આવેલા જમીન પડાવી લેવા અને આર્થિક શોષણ જેવાં દૂષણો સામે આદિવાસી સમુદાયોએ ભારે સંઘર્ષ કર્યો હતો. સાર્વભૌમત્વની આ લાંબી સંઘર્ષપૂર્ણ લડતે બ્રિટિશ રાજના મૂળિયાને જડમૂળથી ઉખેડવામાં મહાત્મા ગાંધી સહિતના આંદોલનકારીઓને સહાય કરી હતી. દેશની આઝાદી માટેના લોકજુવાળમાં દેશભરમાં વિવિધ પ્રદેશોમાં વસતા આદિવાસી સમુદાયે પણ લાંબા સંઘર્ષમાં સાથ આપ્યો, પરિણામે બ્રિટિશ સલ્તનતે ભારતની એકતા અને શૌર્ય સામે ઘૂંટણિયાં ટેકવી દીધાં અને ભારત દેશ સ્વતંત્ર થયો. ભારતભરના આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાનીઓના આ અમૂલ્ય અને અવિસ્મરણીય યોગદાનને શૌર્યાંજલિ આપવા આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાનીઓનાં આર્ટ મ્યુઝિયમ ગુજરાત સહિતના વિવિધ રાજ્યમાં સ્થાપવાનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિચારને ગુજરાત સરકારે વધાવી લીધો છે. આ સંદર્ભે, ગુજરાત સરકારે રાજપીપળાના ગરૂડેશ્વર ખાતે ૨૫ એકરથી વધુમાં એક અદ્યતન રાષ્ટ્રીય કક્ષાના સંગ્રહાલય



## મ્યુઝિયમ કેવું હશે ?

*સંગ્રહાલયમાં ગેલેરીઓના સ્વરૂપે ભારતભરમાંથી મુખ્ય ૧૬ ક્રાંતિને પ્રદર્શિત કરવામાં આવશે. તેની સાથેસાથે ૭૦ જેટલી આઝાદી માટેની સંઘર્ષ કથાઓને પણ સાહિત્ય સ્વરૂપે પ્રદર્શિત કરવામાં આવશે. સ્વતંત્રતા માટેની લડત, આંદોલન ઉપરાંત સંગ્રહાલયમાં સ્વતંત્ર ભારત માટે આદિવાસી લોકોના જીવન અને તેમને સ્વતંત્રતાની લડતમાં વેઠેલી આપદાને વર્ણવતી અસંખ્ય ફિલ્મો અને વીડિયો પણ પ્રદર્શિત કરવામાં આવશે. નેશનલ મ્યુઝિયમ ઓફ ટ્રાયબલ ફ્રીડમ ફાઈટર્સનું આયોજન અને અદ્યતન ડિઝાઈનિંગ સહિતની કામગીરી પ્રગતિ હેઠળ છે. નિર્માણ કાર્ય ૫૦% સુધી પૂર્ણ થઈ ચૂક્યું છે અને બાકીનું કાર્ય વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.*

*ખાસ કરીને ગુજરાતમાં થયેલી મુખ્ય આઝાદીની ચાર લડત કે જેમાં આદિવાસી બાંધવોએ અદ્દભુત શૌર્યપ્રદર્શન કર્યું હતું, તેનું વિશેષ પ્રદર્શન કરવામાં આવશે. આઝાદી માટેના સંઘર્ષો એકકી - પાલચિતરિયા ચળવળ (પાલચિતરિયા - દઢવાવ), ડાંગની લડત (ડાંગ), માનગઢ ચળવળ (ડુંગરપુર - સંતરામપુર) અને નાયકદાસ (પંચમહાલ)ની લડતનો તેમાં સમાવેશ થાય છે.*

*આઝાદીની લડતમાં ગુજરાતમાં ગોવિંદગુરુની આગેવાનીમાં ૧,૫૦૦ જેટલા આદિવાસીઓ માનગઢ ખાતે અને ૧,૨૦૦ જેટલા આદિવાસીઓ દઢવાવ ખાતે શહીદ થયા હતા, જ્યાં તેમની સ્મૃતિમાં વિરાંજલિ વન બનાવવામાં આવ્યાં છે.*

*આદિવાસી સમુદાયના ઈતિહાસને વધુને વધુ લોકો સુધી પહોંચાડવા માટે અસરકારક રીતે સ્ટેટ ઓફ આર્ટ ટેકનોલોજીથી મ્યુઝિયમનું નિર્માણ કરાશે. સંગ્રહાલય બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી તમામ માહિતીને દેશભરના અધિકૃત સ્રોતમાંથી એકત્રિત કરવામાં આવી છે. આ સંગ્રહાલય દર્શકોને ભારતની આદિવાસી સંસ્કૃતિનો અનુભવ કરવાની તેમજ સ્વતંત્ર ભારત માટે આદિવાસી દ્વારા સહન કરેલા સંઘર્ષ વિશે જાગૃત કરવા માટે એક ઉત્તમ તક પ્રદાન કરશે.* ●

બનાવવાની કામગીરી શરૂ કરી છે. આ પ્રોજેક્ટની અંદાજિત કિંમત રૂ. ૧૦૩ કરોડ છે. સ્ટેટ હાઈવે - ૫ની સાથે સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી ૮ કિલોમિટર પર મ્યુઝિયમ સાઇટ સ્થિત છે.

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વરમાં નિર્માણ પામી રહેલા આ સંગ્રહાલયમાં ભારતભરના આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને દર્શાવતી ઘટનાઓ દર્શાવવામાં આવશે. તે ભારતના આદિજાતિ સમુદાયોની સમૃદ્ધ આદિજાતિ સંસ્કૃતિ, પરંપરાઓ અને વારસો પણ પ્રદર્શિત કરશે. આ સંગ્રહાલયમાં એક સંશોધન કેન્દ્રનું પણ નિર્માણ કરાશે. જ્યાં મ્યુઝિયમ અને આદિજાતિ લડત સંબંધિત તમામ સાહિત્ય ઉપલબ્ધ કરવામાં આવશે. એમ્ફિથિયેટરમાં લોકપ્રિય આદિવાસી નૃત્યો અને લોકસંગીત સહિતના આદિવાસી સંસ્કૃતિ અને ધરોહરને ઉજાગર કરતાં કાર્યક્રમો પ્રદર્શિત કરવામાં આવશે. તદઉપરાંત આદિવાસી કસબી-કલાકારો માટે પ્રેક્ટિસ, પ્રદર્શન અને તેમની કલાકૃતિ વેચવા માટેનું સાંસ્કૃતિક કેન્દ્ર; ઓપન એર ટ્રાઇબલ હટ એક્ઝિબિશન સેન્ટર પણ તૈયાર કરવામાં આવશે. આ સેન્ટરમાં ભારતના વિવિધ જાતિના ૫૦ આદિવાસી ઝૂંપડાઓ, એક સ્મારક તો હશે, તદઉપરાંત કેન્દ્રમાં આદિજાતિ દ્વારા બનાવવામાં આવતી વિશિષ્ટ વાનગીઓનો આસ્વાદ સહેલાણીઓ માણી શકે તે માટે ટ્રાયબલ ફૂડ કોર્ટનું પણ નિર્માણ કરવામાં આવશે.



આ સંગ્રહાલયના નિર્માણ પાછળ ગુજરાત સરકારનો વધુ એક આદિવાસી કલ્યાણકારી હેતુ છે. આ સંગ્રહાલય દ્વારા સરકાર સ્થાનિક આદિજાતિ લોકોને આજીવિકા પૂરી પાડવાની દિશામાં પણ કામગીરી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આદિજાતિ બાબતોના મંત્રાલયે ભારતના જુદા જુદા ભાગોમાં આવા ૯ સંગ્રહાલયોને મંજૂરી આપી છે. માત્ર ગુજરાતનું મ્યુઝિયમ ભારતભરમાં આઝાદીની લડતમાં આદિવાસી બાંધવોએ દર્શાવેલી અપ્રતિમ બહાદુરીને દર્શાવશે. તેને રાષ્ટ્રીય કક્ષાના સંગ્રહાલયનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગુજરાત સરકાર આદિજાતિ સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલય ઉપરાંત અનેક ઐતિહાસિક સ્થળોને પ્રવાસનધામ તરીકે વિકસાવ્યાં છે. જેમાં આદિવાસીઓની આસ્થાના કેન્દ્ર એવા દેવમોગરા, શબરીધામ, પંપાસરોવર, ઉનાઇમાતા જેવા તીર્થક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આમ, આઝાદીની લડતથી માંડીને હાલમાં દેશ અને રાજ્યની આર્થિક ઉન્નતિમાં પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારના વિકાસને રાજ્ય સરકારે પ્રાધાન્ય આપ્યું છે.

## આદિવાસી સંસ્કૃતિની ઝાંખી દર્શાવતું આહવાનું ટ્રાયબલ મ્યુઝિયમ

*ગુજરાતની વાત કરીએ તો રાજ્યના પૂર્વપટ્ટીના તાલુકાઓમાં વસતા આદિવાસીઓ આગવી સંસ્કૃતિ ધરાવે છે. સદીઓથી તેઓના વસવાટ, રહેણાકથી માંડીને રોજગાર, કૃષિ, સામાજિક જીવન, પરંપરાઓ, સહિતની જીવનશૈલી અન્ય સમાજથી ભિન્ન છે. આદિવાસી સંસ્કૃતિ- સંસ્કાર આગવી છાપ છોડે તેવું છે. આ પ્રદેશની મુલાકાત લેતાં જ એ વાત સમજાઇ જાય કે માત્ર પ્રાકૃતિક સંપદાથી જ નહીં આ સમાજ સંસ્કાર અને સંસ્કૃતિથી પણ ભરપૂર છે. સદીઓથી તેમના સાંસ્કૃતિક ઈતિહાસને અને વર્તમાનનું વહન કરતા આદિજાતિ સમાજ માટે ગૌરવની વાત એ છે કે સરકારે આદિવાસી મ્યુઝિયમ બનાવવાનો નિર્ધાર કર્યો અને તેનું અમલીકરણ કર્યું છે. તો બીજી તરફ આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસની ઝાંખી ડાંગના આહવા સ્થિત ટ્રાયબલ મ્યુઝિમમાં પણ જોવા મળે છે. જ્યાં તેમની જીવનશૈલી, પહેરવેશ ઉપરાંત તેઓ દ્વારા ઉપયોગમાં લેવાતા હથિયારો, રસોઈનાં સાધનોને પ્રદર્શન અને માહિતી અર્થે મૂકવામાં આવ્યાં છે. તેની સાથે આદિવાસી સમાજ દ્વારા આરોગ્ય સારવાર માટે વપરાતી વનઔષધિઓની જાણકારી પણ અત્રેથી મળી રહે છે.*



# આદિજાતિ બાળકોની "સંજીવની" : દૂધ સંજીવની યોજના

મહાભારતમાં યક્ષ દ્વારા ધર્મરાજ યુધિષ્ઠિરને પૂછવામાં આવ્યું હતું કે પૃથ્વી પરનું અમૃત કયું છે? ત્યારે ધર્મરાજાએ જવાબ આપ્યો કે ગાયનું દૂધ જ પૃથ્વી પરનું એક માત્ર અમૃત છે. ગાયના દૂધના ગુણોના વર્ણનથી આયુર્વેદના ગ્રંથો ભરેલા પડેલા છે. ભારતીય આયુર્વેદ વિજ્ઞાનના જાણકારોએ પ્રારંભિક કાળથી જ ઔષધ અને ખાદ્યની દૃષ્ટિએ ગાયના દૂધની મહત્તાને ઓળખી લીધેલી છે. પ્રાચીનતમ ચિકિત્સાગ્રંથ ચરકસંહિતામાં ગાયના દૂધના દસ ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે.

स्वादु शीतं स्निघंम बहलं शाल्दल्पिच्चिलम
गुरु मंदम प्रसन्न च गव्यं दशगुण पयः (च.सू. २७-२१७)

ગાયનું દૂધ સ્વાદિષ્ટ, શીત, કોમળ, ચીકણું, ગાઢું, સૌમ્ય, લસદાર, બળવર્ધક, તથા મનને પ્રસન્ન કરવાવાળું છે. આયુર્વેદના પ્રખ્યાત મર્હિષ ચરકાચાર્યે પોતાના મહાન ગ્રંથ ચરકસંહિતામાં લખ્યું છે કે, 'ક્ષીર જીવનીયાનામ્' એટલે કે શરીરમાં જીવનીય શક્તિ વધારનારાં જેટલાં પણ આહારદ્રવ્યો છે એ બધામાં દૂધ સર્વોત્તમ છે. આમ ગાય, બકરી કે અન્ય પશુનું દૂધ પણ આરોગ્ય માટે ઉત્તમ છે.

પૂર્વપટ્ટીના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકામાં વસતા આદિજાતિ બાંધવોનાં બાળકોમાં વિટામિન, પ્રોટીન, કેલ્શિયમ વગેરે તત્ત્વોની ઉણપ જોવા મળે છે. આરોગ્ય, શિક્ષણ એમ બંને ક્ષેત્રે આવાં બાળકો પાછળ રહી જાય છે અને મુખ્ય પ્રવાહથી તેમજ સ્વવિકાસથી વંચિત પણ રહી જાય. જેને લીધે સર્વ સમાજના સમગ્રતયા વિકાસની રાજ્ય સરકારની નેમ સાકાર ન થાય.

દુર્ગમ જંગલો, ડુંગરાળ પ્રદેશ એટલે આદિવાસી વિસ્તાર અને આ વિસ્તારની ઓળખ એટલે મેલાંઘેલાં ટૂંક કપડાં પહેરાતા લોકો, રોજગારીની ઓછી તકો, ખૂબ ઓછો આર્થિક વિકાસ. જોકે આ ચિત્ર ગુજરાત સરકારના ટીમવર્ક પદ્ધતિ અને સતત પ્રયત્નને લીધે બદલાયું છે. પરિવર્તનનો પવન સરકારે આદિવાસી વિસ્તારમાં ફૂંકયો છે. જેની શરૂઆત કરી બાળકોથી.

રાજ્ય સરકારે આદિજાતિ બાળકોને સંજીવની આપવા દૂધ સંજીવની યોજનાનો વ્યાપ વિસ્તાર્યો.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વન બંધુ કલ્યાણ યોજનાના ભાગરૂપે દૂધ સંજીવની યોજના અમલમાં મૂકી હતી. આદિજાતિ બાળકો કુપોષણનો શિકાર ન બને અને સુપોષણયુક્ત ગુજરાતની સાથે સુપોષણયુક્ત ભારતના નિર્માણ માટે પોષણયુક્ત દૂધ આપવાની યોજનાને સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારે પણ આગળ ધપાવી છે. બાળકો પ્રત્યે મુખ્યમંત્રીશ્રીની સંવેદનાનું પરિણામ એટલે રાજ્ય સરકારનું બાળઆરોગ્ય ક્ષેત્રે લેવાયેલું એક પગલું "દૂધ સંજીવની યોજના".

આદિવાસી બાળકોના શિક્ષણની સાથે શારીરિક, માનસિક વિકાસ થાય તેના આરોગ્યમાં સુધારો થાય, તે માટે દૂધ સંજીવની યોજના હેઠળ ૮૯૫૮ પ્રાથમિક શાળામાં ભણતાં ૭ લાખ ૬૪ હજાર જેટલાં બાળકોને અઠવાડિયામાં પાંચ દિવસ ૧૪૩ કરોડનું દૂધ આ યોજના હેઠળ આપવામાં આવી રહ્યું છે. જ્યારે આ વર્ષે બજેટમાં આંગણવાડી અને પ્રાથમિક શાળાનાં બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૩૦ લાખ લાભાર્થીઓને દૂધ સંજીવની યોજના મારફત ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટે કુલ રૂ.૩૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેથી ભાવિ પેઢી પ્રતિભાવાન થાય અને વિશ્વને ગુજરાત અને ભારતની બૌદ્ધિકતાનો પરિચય કરાવી વિશ્વગુરુ તરીકે પોતાને પ્રસ્થાપિત કરે.

દૂધ સંજીવની યોજના અંતર્ગત કુપોષણ દૂર કરવા વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૦ જિલ્લાના ૧૦૯ ઘટકમાં રૂ.૧૦૩ કરોડના ખર્ચે આંગણવાડીનાં બાળકો તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૧૫ લાખ લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ આપવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળામાં ભણતાં આદિવાસી બાળકોને શિક્ષણની સાથે પોષણયુક્ત આહાર મળી રહે અને બુદ્ધિની સાથે સાથે યોગ્ય શારીરિક વિકાસ થાય તે માટે છેલ્લાં ૪ વર્ષમાં રૂા.૫૩૧.૩૭ કરોડના ખર્ચે ૪૨.૯૫ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

અનુસૂચિત જનજાતિના ૫૩ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના હેઠળ ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં ૧૧.૫૭ લાખ જેટલાં બાળકોને લાભ આપવામાં આવતો હતો. જેની સામે વર્ષ ૨૦૧૯-૨૦માં યોજનાનો વ્યાપ વધારી નવસારીના ખેરગામ તાલુકામાં શરૂઆત કરી કુલ મળી ૫૨ તાલુકાઓના આશરે ૧૨ લાખ જેટલાં બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો.

જ્યાં આદિવાસી ગ્રામીણ વિસ્તારમાં ગરીબ દારુણ પરિસ્થિતિમાં બે ટંકના ભોજન માટે પણ આદિજાતિ પરિવારો આકરી મહેનત કરતા હોય ત્યાં તેમના બાળકોને પૌષ્ટિક આહાર આપવાની વાત કરવી અસ્થાને છે. સંપૂર્ણ આહાર ગણાતા દૂધનો નાના ભૂલકાઓ માટે આગ્રહ સેવાય છે. ત્યારે ગુજરાતમાં પોષણ ન મેળવી શકતા બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને શરૂ કરાયેલી દૂધ સંજીવની યોજના આદિવાસી બાંધવોના સંતાનો માટે વરદાન સાબિત થઇ છે.

આપણે સૌ જાણીએ જ છીએ કે દૂધ સંપૂર્ણ આહાર છે. બાળપણમાં જ પોષણક્ષમ આહાર આપવા ઉપરાંત વિટામિન, પ્રોટીન, કેલ્શિયમ જેવાં તત્ત્વો ભરપૂર માત્રામાં હોવાથી બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ ખૂબ ઝડપથી સારી રીતે થાય છે. ત્યારે આદિવાસી શાળાઓમાં ભૂલકાઓના મોઢે આવા સંવાદો સાંભળી શકાય છે. જેનું શ્રેય રાજ્ય સરકારને જ જાય છે.

### "મને દૂધ બહુ ભાવે.... એક થેલી નહીં... બે થેલી આપો...."

આ કોઇ કાલ્પનિક સંવાદ નથી... પરંતુ દૂધ સંજીવની યોજનાની સાફલ્યગાથાનું વાસ્તવિક ચિત્ર છે. જે એક શાળાના ભૂલકાના મોઢે ઉચ્ચારવામાં આવ્યું છે. આદિજાતિ વિસ્તારમાં આ વાક્ય જ્યાં દૂધ સંજીવની યોજના પહોંચી છે ત્યાં ઠેરઠેર સાંભળવા મળી શકે છે. શાળાના એક ભૂલકા દ્વારા બોલાયેલા આ શબ્દો જ સરકારની સંવેદનશીલતા, પારદર્શિતા અને આયોજનબદ્ધ રીતે અમલી બનાવાયેલી દૂધ સંજીવની યોજનાની સફળતાની સાબિતી છે. સુપોષણયુક્ત સમાજથી દેશની ઉન્નતિના નિર્ધારને યથાર્થ ઠેરવવા કર્મશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સામાજિક, આર્થિક પરિવર્તનના કરેલા નિર્ધારનાં પરિણામો લોકો સમક્ષ આવી રહ્યાં છે. ●




## બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી

# આદિવાસી વિદ્યાર્થીઓ માટે વૈશ્વિક જ્ઞાનનાં દ્વાર ઉઘાડતું વિદ્યાધામ

ગુજરાત રાજ્યનું નામ પડતાં જ હવે સૌ કોઇના માનસપટ પર ચિત્ર ઉપસી આવે... તે છે સર્વાંગી, સર્વસમાવેશક, સર્વપોષક વિકાસ. કોઈપણ ક્ષેત્ર એવું નથી જેમાં ગુજરાતે હરણફાળ વિકાસ ન કર્યો હોય. ખાસ કરીને આદિવાસીઓના વિકાસમાં તમામ સીમાડાઓ લાંઘી દીધા છે. ગુજરાતનો આદિવાસી વિદ્યાર્થી આજે મુખ્યધારામાં આવ્યો છે. તે ઉચ્ચ શિક્ષણ લઈને દુનિયાને સર કરવા સપનાઓ સેવી રહ્યો છે.

ગુજરાત સરકારે આદિજાતિ વિસ્તારોનો આર્થિક વિકાસ, રોજગારલક્ષી કાર્યક્રમો, શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ શિક્ષણ પર વિશેષ ભાર આપવા સાથે આરોગ્ય વિષયક સુવિધાઓ, પીવાના પાણીની સુવિધા, બારમાસી રસ્તાઓની સવલતો ઉપલબ્ધ કરાવી છે. જેના સુફળ આદિવાસીઓને મળી રહ્યાં છે.

આદિજાતિ કલા-વારસો, સંસ્કૃતિ, ઔષધીય પદ્ધતિ, ભાષા સાહિત્ય વગેરેને વિકસાવવા, જતન કરવા, પ્રોત્સાહન આપવા અને અંતે આદિજાતિના છાત્રો અને સમગ્ર સમાજને શિક્ષણના માધ્યમથી, પરંપરાઓને સાથે રાખીને શિક્ષણનો વૈભવ સામાજિક ક્રાંતિમાં પરિણમે તે ઉદ્દેશથી ટ્રાયબલ યુનિવર્સિટી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યના પૂર્વ પટ્ટીમાં વસતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસની કોઈ વ્યવસ્થા ન હતી. આ સ્થિતિમાં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આદિવાસી વિદ્યાર્થીઓને સમર્પિત બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરવાનો વિચાર આવ્યો. આ વિચારને મૂર્તિમંત કરવા માટે વર્તમાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી કાર્ય કરી રહ્યા છે. રાજ્ય સરકારે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની રચના કરીને આદિવાસી વિદ્યાર્થીઓને

સરળતાથી શિક્ષણ મળી રહે તેમજ અંતરિયાળ વિસ્તારમાં રહેતા આદિવાસી વિદ્યાર્થીઓને રહેવા-જમવા-શિક્ષણની સુવિધા મળે તે માટે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરી. આ યુનિવર્સિટી નર્મદા જિલ્લાના રાજપીપળા નજીક રૂ.૩૪૧ કરોડના ખર્ચે આકાર લઈ રહી છે, જેનું કાર્ય હાલ ચાલી રહ્યું છે. તેમજ તેમાં અભ્યાસક્રમનો પ્રારંભ પણ થઈ ગયો છે.

આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને અભ્યાસની ઉત્તમ સુવિધાની સાથે તેમના રહેવા અને જમવાની સુવિધા વિનામૂલ્યે આપવામાં આવશે. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીએ વિદ્યાધામની સાથે વિદ્યાર્થીઓના ભવિષ્યના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની દિશામાં કાર્ય કરી રહી છે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ અને વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિઓ પર વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને લાવવા-લઈ જવા માટે બસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિદ્યાર્થીઓનાં ભોજન માટે એક સેન્ટ્રલ મેસ બનાવવામાં આવશે. જેથી બધા વિદ્યાર્થીઓ એક છત નીચે ભોજન લઈ શકે.

અહીં વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સ્ટુડન્ટ એક્સચેન્જ તથા ફેકલ્ટી એક્સચેન્જને પ્રાધાન્ય આપીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ સંસ્થાઓ અને વિશ્વ વિદ્યાલયો સાથે કરાર કરાશે, જેથી આદિવાસી વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે વૈશ્વિક પ્લેટફોર્મ મળી રહે. આ ઉપરાંત, આદિવાસી જીવન-સંસ્કૃતિ આધારિત વિષયો પર સંશોધન કરવા માટે ખાસ ફેલોશીપ યોજના પણ શરૂ કરાશે, આદિવાસી નાગરિકો અને સંસ્કૃતિના ઘણા વિષયોને જનતા સુધી લઈ જવામાં સફળતા મળશે. આ વિદ્યાધામમાં વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની સાથે રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભ તથા જાણકારી મળશે.


આ યુનિવર્સિટીના કેમ્પસની ડિઝાઈન એવી રીતે કરવામાં આવી છે કે, જેથી વિદ્યાર્થીઓને તેઓ પ્રકૃતિના સાંનિધ્યમાં હોય તેવો અહેસાસ થાય. આ સાથે, વિવિધ સ્થળોએ કીઓસ્કનાં માધ્યમથી વિદ્યાધામ અંગેની માહિતી પ્રદર્શિત કરાશે. તો, કેમ્પસનાં તમામ બિલ્ડીંગો પાસે આદિવાસી સમાજનાં મહાપુરુષો અને વ્યક્તિવિશેષોનાં સ્ટેચ્યૂ તથા તેમની વિગતો મૂકવામાં આવશે. જેથી, વિદ્યાર્થીઓને તે મહાપુરુષોનાં જીવનમાંથી પ્રેરણા મળી શકે. યુનિવર્સિટીની પોતાની વેબસાઈટ તૈયાર કરાશે, જેથી વિદ્યાર્થીઓને ઘરે બેઠાં યુનિવર્સિટી અંગે માહિતી મેળવી શકશે.

શિક્ષણને સામાજિક અને આર્થિક બદલાવનું સબળ પાસું ગણવામાં આવે છે. ત્યારે આદિવાસી વિદ્યાર્થીઓ માટે તૈયાર થઈ રહેલી બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી એ સાચા અર્થમાં ગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓ અને સમાજ માટે ગુણાત્મક અને સકારાત્મક પરિવર્તનનું પરિચાલક બની રહેશે.

## બિરસા મુંડા યુનિવર્સિટી - આધુનિક વિદ્યાધામ બનશે

*રાજપીપળા નજીક વીર શહીદ બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ૨૫૦ એકરમાં આકાર પામશે, જે પૈકી ૩૯ એકર જમીનની ફાળવણી કરવામાં આવી છે. તેના વિકાસ માટે રૂ. ૩૪૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કેમ્પસમાં સોલાર લાઈટ, બાયોગેસ, કંમ્પોસ્ટ પીટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૂફ રેઈન વોટર સ્ટોરેજ તેમજ વોટર ટેબલ રિચાર્જ કરવા જેવા ઘણા ઈકો ફ્રેન્ડલી પ્રકલ્પોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.*

*વિદ્યાર્થીઓના આરોગ્યની સુખાકારી માટે દવાખાનું, વિદ્યાર્થીઓમાં રમત-ગમત પ્રત્યે રુચિ પેદા થાય તે માટે સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, તેમના વ્યક્તિત્વના વિકાસ માટે પુસ્તકાલય, યોગા સેન્ટર, સ્વીમિંગ પુલ, જિમ્નેશિયમની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વર્ષ ૨૦૧૭થી આ યુનિવર્સિટી ખાતે ત્રણ વિદ્યાશાખાઓ - આટ્ર્સ, કોમર્સ અને સાયન્સના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમનો આરંભ થઈ ગયો છે. તેની સાથે, કુમાર અને કન્યા છાત્રાલયો પણ કાર્યરત છે, જેમાં ૩૫૦ થી વધુ છાત્રોએ પ્રવેશ મેળવ્યો છે.*



# વીજળીથી આદિવાસી નાગરિકોનાં ઘર તેમજ જીવનમાં ફેલાયો ઉજાસ

આજના યુગમાં રસ્તા-પાણી-શિક્ષણની જેમ ઊર્જાનું ખૂબ મહત્ત્વ છે. ઊર્જાથી માત્ર ઘરમાં પ્રકાશ ફેલાય છે તેવું નથી, તેનાથી નાગરિકોનાં જીવનમાં પણ નવી ઊર્જા અને પ્રગતિનો સંચાર થયો છે. પ્રગતિશીલ ગુજરાતની નિર્ણાયક, સંવેદનશીલ સરકારે સર્વાંગી કલ્યાણના ધ્યેય સાથે પોતાની વિકાસકૂચને અવિરત ગતિશીલ રાખી છે. સમાજના તમામ વર્ગોનો સમુચિત વિકાસ થાય, સાથે વંચિત અને આદિજાતિ લોકોનો પણ વિકાસ થાય, તેઓને વિકાસની મુખ્ય હરોળમાં લાવવા અર્થે રાજ્ય સરકારે ધ્યાન કેન્દ્રિત કરી વિવિધ યોજનાકીય લાભો તેમના સુધી પહોંચાડ્યા છે. નલ સે જલ યોજનાથી દરેક આદિવાસી બાંધવોનાં ઘરે પીવાનું પાણી પહોંચાડવામાં આવશે. તેવી રીતે, જ્યોતિગ્રામ યોજના હેઠળ પૂર્વ પટ્ટીનાં ગામોને વીજળીથી ઝળહળતાં કરવાનું આવકારદાયક કાર્ય પૂર્ણ થયું છે. છેલ્લાં ૧૫ વર્ષમાં ૧૦૦ જેટલાં નવાં ૬૬ કે.વી. ના સબ સ્ટેશનો શરૂ કરવામાં આવ્યાં તથા આદિવાસી ખેડૂતોને ૧.૫ લાખ જેટલી વીજ જોડાણ આપીને આદિવાસી નાગરિકોના જીવનમાં સામાજિક તથા આર્થિક પરિવર્તન આવ્યું છે.

વીજળી વગરની દુનિયા કલ્પવી મુશ્કેલ છે. શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સિંચાઈ તેમજ સ્વરોજગારી માટે વીજળીની જરૂરિયાત રહે છે. ગુજરાત સરકારે વીજળીને વિકાસની જરૂરિયાત તરીકે ગણીને આદિજાતિ વિસ્તારમાં વીજળી પહોંચાડવા માટે યુદ્ધસ્તરે અભિયાન શરૂ કર્યું. જેના કારણે આજે પૂર્વ પટ્ટીના સરહદી ગામમાં પણ વીજળીના બલ્બ ઝળહળી રહ્યા છે. જ્યોતિગ્રામ યોજના અંતર્ગત આદિજાતિનાં ૫૮૮૪ ગામો ૨૪ કલાક વીજળીનો લાભ લઈ રહ્યાં છે.

ગામડાઓને ૨૪ કલાક વીજળી પૂરી પાડવા માટે ૧૬૨ સબસ્ટેશન બનાવવામાં આવ્યાં છે. ઘરે ઘરે વીજળી પહોંચવાથી ગ્રામીણ સ્તરે રોજગારીની નવી તકો સર્જાઈ છે. તો ગ્રામીણ સ્તરે વીજળીની સુવિધા મળવાથી વિદ્યાર્થીઓના શિક્ષણના સ્તરમાં સુધારો થયો છે. તેવી જ રીતે, ૧.૭૬ લાખ જેટલાં ખેતીવિષયક વીજકનેક્શન પૂરા પાડવામાં આવ્યાં છે. તો કુટિર યોજના હેઠળ ૧.૩૫ લાખ ઘરોમાં વીજ કનેકશન આપવામાં આવ્યાં છે. આ તમામ સુવિધાઓ માટે રાજ્ય સરકારે રૂ. ૫૦૭૬ કરોડનો ખર્ચ કર્યો છે. આ ઉપરાંત, આદિજાતિ વિસ્તારમાં પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોનો મહત્તમ ઉપયોગ થાય તે માટે ખાસ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

આદિજાતિ વિસ્તારના ખેડૂતોને કૃષિ વીજ જોડાણ આપવા માટે વર્ષ ૨૦૧૮માં રૂ. ૩૨૦ કરોડ અને સાગરકાંઠા વિસ્તારના ખેડૂતો માટે રૂ. ૨૦૦ કરોડની માતબર રકમનું આયોજન અને એનું નક્કર અમલીકરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારના પ્રયાસોથી વનવાસી વિસ્તારના ઊંચા વિસ્તારોમાં પણ આજે વીજળી-પાણીની સગવડ પહોંચી છે.

તમામ ગામડાઓ સુધી વીજળી પહોંચી ગઈ છે. આદિજાતિ વિસ્તારનાં ખેતરોમાં ૧.૭૬ લાખ વીજ કનેક્શન આપવામાં આવ્યાં છે. કુટીર યોજના હેઠળ ૧.૩૫ લાખ ઘરોને વીજ કનેક્શન આપવામાં આવ્યાં છે. આ વિસ્તારમાં વીજળી પહોંચાડવા માટે રૂ. ૫૦૭૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારમાં ઊર્જા આવવાથી ખેતી રોજગાર સ્વરોજગાર તથા શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ સાધી છે. યુવાનો શિક્ષણ મેળવીને રોજગાર - સ્વરોજગાર હાંસલ કરીને પગભર બન્યાં છે.



### વન અધિકાર અધિનિયમનો ગુજરાતમાં પારદર્શી અમલ

# આદિવાસીઓને મળ્યા જમીનના કાયદેસરના હક્કો

રાજ્યના આદિવાસી બાંધવોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસની પરિણામલક્ષી પ્રતિબદ્ધતાથી ગુજરાતની વિકાસયાત્રા વધુ તેજ રફતારથી આગળ વધી રહી છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીર્ઘદૃષ્ટિથી શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજના આજે આદિવાસી સમાજ માટે પારસમણી સાબિત થઈ છે. વનબંધુ યોજનાના પરિણામે આજે આદિવાસી વિસ્તારમાં સિંચાઈ, પીવાનું શુદ્ધ પાણી, વીજળી, પાકા રસ્તાઓ સહિતની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બની છે. આ સાથે ગુજરાત સરકારે અમલી બનાવેલા વન અધિકાર અધિનિયમના પરિણામલક્ષી અમલીકરણના કારણે આજે આદિવાસી બાંધવોને જમીનના કાયદેસરના તમામ અધિકારો મળ્યા છે. વનોની જાળવણી કરવાના હેતુસર ભારત સરકારના આદિજાતિ મંત્રાલયે બનાવેલા વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬નો ગુજરાતે પારદર્શી રીતે અમલ કર્યો છે. આ કાયદાની જોગવાઈ અંતર્ગત અનુસૂચિત જનજાતિઓના તથા અન્ય વનવાસીઓના પરંપરાગત રહેણાકીય, સામાજિક, આર્થિક આજીવિકા વિષયક અધિકારોની નોંધણી કરી તેવા અધિકારો એનાયત કરવામાં આવ્યાં છે.

વન વિસ્તારમાં રહેતા આદિવાસીઓ અને પરંપરાગત વનવાસીઓ કે જેઓ પેઢીઓથી વનમાં રહે છે. વન્ય જમીનમાં ખેતી કરે છે. વન તેમજ વન્ય પેદાશોમાંથી પોતાની પ્રાથમિક આજીવિકા મેળવી જીવન નિર્વાહ કરતા લોકોને કાયદેસરના હક્કો આપવામાં આવ્યા છે. સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકાર 'વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના'ના માધ્યમથી આવા જમીનધારકોના વિકાસ માટે મદદ કરી રહી છે.

વ્યક્તિગત હક્કોના પ્રકારમાં કાયદા અનુસાર પાત્રતા ધરાવતા દાવેદારોને રહેઠાણ માટે તેમજ ખેતીના ઉપયોગ માટે મહત્તમ ૪ હેક્ટર સુધીની જમીનના હક્ક એનાયત કરવામાં આવે છે. આ માટેના લાભાર્થી પરંપરાગત અનુસૂચિત જનજાતિની અથવા

પરંપરાગત વનવાસી હોવા જોઈએ અને છેલ્લી ત્રણ પેઢીઓથી અધિકૃત રીતે ખેતીની આજીવિકા માટે જંગલ પર નિર્ભર હોવા જોઈએ. વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ આવા હક્કોની માન્યતા એ શરતને અધીન છે કે તેવા અનુસૂચિત જનજાતિની કે અન્ય પરંપરાગત વનવાસી વ્યક્તિ ૧૩ ડિસેમ્બર ૨૦૦૫ પહેલાં જંગલની જમીન ધરાવતા હોવા જોઈએ અને ૩૧મી ડિસેમ્બર ૨૦૦૭ ના દિવસે તે જમીનનો કબજો તેમની પાસે હોવો જોઈએ.



અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને(વન અધિકાર માન્યતા આપવા) બાબત ધારો-૨૦૦૬ અને વન અધિકાર નિયમો-૨૦૦૮નો ૧ જાન્યુઆરી, ૨૦૦૮થી ગુજરાત રાજ્યમાં અમલ થઈ રહ્યો છે. વન અધિકાર અધિનિયમ -૨૦૦૬ હેઠળ (૧) વ્યક્તિગત (૨) સામુદાયિક અને (૩) માળખાકીય સુવિધાઓ આમ ત્રણ પ્રકારના અધિકારો આપવામાં આવ્યા છે. જંગલ જમીન પર તેમજ જંગલની પેદાશ પર સમુદાયનો હક્ક ગૌણ જંગલ પેદાશો એકત્રિત કરવા માટે તેમજ તેનો ઉપયોગ કરવા માટે, માછીમારી માટે જંગલમાં પશુઓ ચરાવવા માટે, જંગલમાં આવેલા જળસ્રોતોનો ઉપયોગ કરવા માટે તેમજ આદિજાતિ જૂથોના સંદર્ભે જંગલમાં વસવાટ કરવા માટેના સામુદાયિક હક્ક માન્ય કરી શકાય છે.

કાયદાની કલમ ૩(૨) માં કરેલી જોગવાઈ અનુસાર વિકાસ માટેના હક્કના પ્રકારમાં, શાળા, હોસ્પિટલ, લઘુસિંચાઈ, પેયજળ સુવિધા જેવી કુલ ૧૩ પ્રકારની માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે જંગલની જમીનની ફાળવણી કરવાની જોગવાઈ છે. સમુદાયની ગ્રામસભાને હક્કનો પ્રકાર નક્કી કરવાની કાર્યવાહી શરૂ કરાવી તેની મંજૂરી આપવાની સત્તા આપવામાં આવી છે. તે ગ્રામ કક્ષાની વન અધિકાર સમિતિ (FRC)ની નિમણૂક કરે છે.

ગુજરાતમાં વન અધિકાર અધિનિયમ પહેલા કુલ ૩૪,૨૪૮ વ્યક્તિઓને ૫૧,૮૯૯ એકર વન જમીન આપવામાં આવી હતી. વન અધિકાર અધિનિયમના અમલ બાદ રાજ્યમાં જુલાઈ-૨૦૨૦ સુધીમાં કુલ ૧,૮૨,૮૬૯ વ્યક્તિગત દાવા અરજીઓ મળી હતી. જે પૈકી ૯૧,૪૬૬ દાવા અરજીઓ મંજૂર કરી ૧,૪૯,૬૫૧ એકર વન જમીનના અધિકાર અંગેના આદેશપત્રો આપવામા આવ્યા છે. રાજ્યમાં ૪,૬૬૨ સામુદાયિક દાવાઓ મંજૂર કરી ૧૧,૬૫,૫૬૮ એકર જમીન માન્ય કરવામા આવી છે. તેમજ માળખાકીય સુવિધાની ૧,૩૧૮ દરખાસ્તો મંજૂર કરી ૧૫૪૦ એકર જમીન મંજૂર કરવામાં આવી છે. વન અધિકાર અધિનિયમ -૨૦૦૬ હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં અંદાજિત ૧૭૫૪૫ વ્યક્તિગત દાવા અરજીઓ મંજૂર કરી ૪૨,૫૭૫ એકર વન જમીનના અધિકાર અંગેના આદેશપત્રો આપવામાં આવ્યા છે.

વન અધિકાર અધિનિયમ હેઠળ મંજૂર થયેલા લાભાર્થીઓ માટે વિશેષ 'વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના' વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં મૂકી છે. જેમાં જમીનનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ, નાની સિંચાઈ તથા પીવાના પાણીના સ્રોત, પાણીના સ્રોત પર પંપ અને મશીનરી, કૃષિક્ષેત્રે ટપક સિંચાઈ, વૈજ્ઞાનિક તેમજ આધુનિક પદ્ધતિથી ખેતી અંગેની તાલીમ આપવામાં આવે છે.

'વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના' હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં કેન્દ્ર પુરસ્કૃત સહાય સંદર્ભે અંદાજિત રૂ. ૨,૪૦૦ લાખ ગ્રાંટ ફાળવાઈ છે. જેનો અંદાજિત ૩૦ હજાર લાભાર્થીઓ તેમજ રાજ્ય પુરસ્કૃત સહાય અનુસંધાને અંદાજિત રૂ.૪,૦૦૦ લાખ ગ્રાંટ ફાળવાઈ છે. જેનો અંદાજે ૪૦ હજાર લાભાર્થીઓને જમીનનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ, નાની સિંચાઈ તથા પીવાના પાણીના સ્રોત, પાણીના સ્રોત પર પંપ અને મશીનરી, કૃષિક્ષેત્રે ટપક સિંચાઈ, વૈજ્ઞાનિક તેમજ આધુનિક પદ્ધતિથી ખેતી અંગેની તાલીમના લાભો મળ્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સંવેદનશીલ અને નિર્ણાયક નેતૃત્વમાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતભાઇ વસાવાની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ ગુજરાતમાં આદિવાસીઓના વિકાસની સુદૃઢ પરિભાષા અંકિત થઇ છે.

# "વનબંધુ કલ્યાણ યોજના" આદિવાસીઓના સર્વાંગી વિકાસમાં આગેકદમ

કોઈ પણ સમાજ સશક્ત ત્યારે કહેવાય જ્યારે તે સમાજના તમામ વર્ગો સરખી રીતે મજબૂત હોય. વિકાસની રફતારમાં સમાજના તમામ વર્ગોને જોડવા તથા રાજ્યના છેવાડાના માનવીના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રે સમતોલ સર્વાંગી વિકાસ કરવા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક યોજનાઓ અમલી બનાવી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી સમાજના ઉત્કર્ષ અને વંચિતોના વિકાસ માટે ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી. ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારના વિકાસ માટે દસ મુદ્દાનો કાર્યક્રમ પ્રારંભ કરી સમગ્ર સમાજ માટે ઉદાહરણરૂપ કાર્યસિદ્ધિઓ પ્રાપ્ત કરી દેશ સમક્ષ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ૧૦ મુદ્દાના કાર્યક્રમ સાથે શરૂ થયેલી વનબંધુ યોજનાને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી જે યોજનાની સિદ્ધિ દર્શાવે છે. આજે સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની ગુજરાત સરકાર આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરી રહી છે.

ગુજરાતના આદિવાસી બાંધવો માટે વર્ષ ૨૦૦૭માં પાંચ વર્ષ માટે રૂ.૧૫૦૦૦ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૨માં આ યોજના અંતર્ગત આદિવાસી સમાજ માટે રૂ.૧૭૨૪૭ કરોડનાં વિકાસ કાર્યો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યાં હતાં. વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કા માટે રૂ. ૪૦,૦૦૦ હજાર કરોડના પેકજની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. તેની સામે પાંચ વર્ષમાં કુલ રૂ.૪૨૭૧૨ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી. ત્યારબાદ અત્યાર સુધીમાં વર્ષ ૨૦૦૭-૦૮થી



૨૦૧૯-૨૦ સુધીમાં કુલ રૂ.૧,૦૦,૯૫૬ કરોડની ફાળવણી કરી આદિવાસીઓના સશક્તીકરણ અને વિકાસના અનેકવિધ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો હાથ ધરી ગુજરાત સરકારે સાચા અર્થમાં આદિવાસીઓના વિકાસને દિશા પૂરી પાડી છે.



વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીએ દસ મુદ્દાનો ગુણવત્તાલક્ષી કાર્યક્રમ જાહેર કર્યો છે. જેના કારણે આદિવાસી વિસ્તારમાં સામાજિક અને માળખાકીય સવલતોની ગુણવત્તામાં સુધારો થયો. પાંચ લાખ આદિજાતિ કુટુંબોને ગુણવત્તાયુક્ત રોજગારી મેળવવા અને તેમની આવક બમણી કરવા હકારાત્મક વાતાવરણ ઊભું થયું છે. દસ મુદ્દા કાર્યક્રમની વ્યૂહરચના પરિણામલક્ષી, સમયબદ્ધ તેમજ લોકભાગીદારીલક્ષી છે. કાર્યક્રમોની અમલવારી મિશન મોડમાં તેમજ સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમના અંતર્ગત થાય છે. આ તમામ કામગીરીની મુખ્યમંત્રીશ્રી દર ત્રણ માસે સમીક્ષા કરે છે. વનબંધુ કલ્યાણ યોજનાનું સરળ સંચાલન અને અસરકારક અમલીકરણ માટે ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) નામની સશક્ત સંસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી સમાજ માટે રોજગાર, ઉચ્ચ તથા ગુણવત્તાયુક્ત શિક્ષણ, આદિવાસી વિસ્તારમાં આર્થિક વિકાસને વેગવંતો બનાવવો, આરોગ્ય, આવાસ, પીવાનું શુદ્ધ પાણી, સિંચાઈ, વીજળીની સુવિધા, પાકા રસ્તાઓ તથા શહેરી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો. જેના થકી આજે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શાળાઓ, કોલેજ, રસ્તાઓ, પીવાના પાણીની સગવડ, ૨૪ કલાક વીજળી સહિતની સવલતો ઉપલબ્ધ થઈ છે.

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબી નિવારણ માટે પાંચ લાખ પરિવારોની આવક બમણી કરવા કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટ, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. જેના કારણે આદિજાતિ પરિવારોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. આદિવાસી વિસ્તારમાં રોજગારીમાં વધારો કરવા ૩૪ હાટ બજારની સ્થાપના કરવાનું આયોજન છે. આ તમામ દુકાનોમાં આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે, રસ્તાઓ, વીજળી, કમ્પાઉન્ડ દીવાલ અને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે. જે અંતર્ગત ૬ જેટલાં હાટ કાર્યરત થયાં છે. આ ઉપરાંત આદિવાસી હસ્ત કારીગરો, સખીમંડળોને રોજગારી મળી રહે તે માટે અમદાવાદ અને ગાંધીનગરમાં ઉત્પાદનના વેચાણ માટે હસ્તકલા વેપાર મેળાનું આયોજન કરવામાં આવે છે.


કૃષિ વૈવિધ્યકરણ યોજના દ્વારા આદિજાતિ વિસ્તારના ખેડૂતો કૃષિ થકી વધુ આવક મેળવતા થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા સાડા ત્રણ લાખથી વધુ ખેડૂતોને સુધારેલાં બિયારણ જેવાં કે મકાઈ, રીંગણ, ભીંડા, કારેલા તથા દુધી તેમજ પાકને અનુરૂપ

રાસાયણિક ખાતરની કીટની સાથે સાથે જરૂરી તાલીમ આપવામાં આવે છે. માર્કેટ લિન્કેજ માટે ૧૦૦થી વધુ વેજીટેબલ કલેક્શન સેન્ટર ઊભા કરવામાં આવ્યાં છે. ટીસ્યુ કલ્ચર સુગરકેન અને કેળાં મારફતે અંદાજે ૫,૦૩૯ ખેડૂતોને, યાંત્રિકીકરણ માટે અંદાજે ૫,૬૬૭ ખેડૂતો તથા મધ ઉછેર માટે અંદાજે ૨,૨૯૬ લાભાર્થીને સાધન સહાય આપવામાં આવી છે.

સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ મારફતે આદિજાતિ મહિલાઓને સ્વનિર્ભર કરવા છેલ્લાં ચાર વર્ષમાં કુલ ૧,૪૨,૨૫૦ દુધાળાં પશુ સાથે સાથે અન્ય સાધન સહાય જેવી કે, વાસણોની કીટ, ટ્રાન્સપોર્ટેશન, પશુ વીમો, પશુ સારવાર, પશુ ખાણદાણ તથા તાલીમ આપવામાં આવી છે. જેના કારણે આદિજાતિ મહિલાઓ પ્રતિ માસે રૂ. છ હજારથી વધુની આવક મેળવતી થઈ છે. રાજ્યના આદિજાતિ વિસ્તારમાં આવેલી બનાસ ડેરી, બરોડા ડેરી, દૂધધારા ડેરી, સાબર ડેરી, પંચમહાલ ડેરી, સુમુલ ડેરી મારફતે MOU કરી દુધાળા પશુ આદિજાતિ વિસ્તારમાં પૂરા પાડવામાં આવે છે. જેમાં રૂ. ૨૦ હજારની લોન, રૂ.૩૪,૪૦૦ની રકમ સહાય પેટે ડી-સેગ દ્વારા ચૂકવવામાં આવે છે. આમ લાભાર્થી દીઠ કુલ રૂ.૫૪,૪૦૦ની રકમ દુધાળા પશુ ખરીદવા માટે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૧૯-૨૦ સુધીમાં કુલ ૩૪૯૭૪ પશુપાલકોને રૂ. ૬,૯૯૩ લાખનું ધિરાણ આપવામા આવ્યું છે.

શિક્ષણ દ્વારા વ્યક્તિગત તથા સમગ્ર સમાજનો વિકાસ સાધી શકાય છે. શિક્ષણની આ જરૂરિયાતને ધ્યાને લઈ આદિવાસી સમાજના વિકાસ માટે વનબંધુ યોજનામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો. એક સમયે વનવાસી વિસ્તારની શાળાઓમાં સુવિધાઓ, શિક્ષકોનો અભાવ હતો. આજે આદિવાસી વિસ્તારમાં પાકા ઓરડાની શાળા ઉપલબ્ધ થઈ છે. આદિવાસી વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની શાળાની જરૂરિયાત હોઇ તાલુકે તાલુકે વિજ્ઞાન પ્રવાહની શાળા- કોલેજ શરૂ કરવામાં આવી. એક સમયે આદિવાસી માટે અનામત રહેલી મેડિકલની બેઠકો ખાલી રહેતી હતી. આજે વિજ્ઞાન પ્રવાહની સ્કૂલોના કારણે મેડિકલ, એન્જિનિયરિંગ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી દેશ સમાજની સેવા કરી રહ્યા છે.

ચાલુ વર્ષે પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાના મહુવા, ડેડિયાપાડા અને ખેરગામમાં હયાત સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવા તેમજ નવી સાત ગ્રાન્ટ-ઈન-એઈડ વિજ્ઞાન પ્રવાહ કોલેજ શરૂ કરવા નાણાકીય જોગવાઈ કરી છે. કેન્દ્ર સરકારે આરોગ્ય સેવાને વધુ મજબૂત કરવા આદિવાસી વિસ્તાર એવા નવસારી અને રાજપીપળામાં નવી મેડિકલ કોલેજ શરૂ કરવાની મંજૂરી આપી છે. જેના કારણે આદિવાસી યુવાનોને ઘરઆંગણે મેડિકલનો અભ્યાસ ઉપલબ્ધ થશે. સાથે સ્થાનિકોને આરોગ્યની સુવિધામાં વધારો થશે. રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લામાં NEET, GUJCET અને JEE અંગેના કોચિંગ માટેના વિના




મૂલ્યે ૧૦૦થી વધુ કોચિંગ સેન્ટર મારફતે નિ:શુલ્ક કોચિંગ પૂરું પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિવાસી શૈક્ષણિક સંસ્થાકીય સોસાયટી દ્વારા ૩૪ એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ ભારત સરકાર પુરસ્કૃત અને ૭ એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ રાજ્ય સરકાર પુરસ્કૃત, ૪૩ કન્યા નિવાસી શાળાઓ, ૧૨ આદર્શ શાળાઓ, ૨ સૈનિક શાળા ચલાવવામાં આવે છે. જેમાં અંદાજે ૩૩ હજારથી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૭૬૫ જેટલી આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને એકલવ્ય શાળાઓના અંદાજિત ૧,૩૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓના રહેવા, જમવા અને અભ્યાસની સુવિધા માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રૂ.૩૭૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આદિવાસી બાંધવોના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને શિક્ષણ સાથે પોષણયુક્ત આહાર મળી રહે અને બુદ્ધિની સાથે સાથે યોગ્ય શારીરિક વિકાસ થાય તે માટે દૂધ સંજીવની યોજનાનો અસરકારક અમલ કર્યો છે. છેલ્લાં ચાર વર્ષમાં રૂ.૫૩૧.૩૭ કરોડના ખર્ચે ૪૨.૯૫ લાખ વિદ્યાર્થીઓને લાભ આવ્યો છે. આદિવાસી વિસ્તારમાં સિકલસેલ એનિમિયાના દર્દીઓને સહાય આપવાનો નિર્ણય કર્યો છે. આદિજાતિ વિસ્તારમાં પી.પી.પી. મોડેલ હેઠળ મેડિકલ કોલેજો, સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલો અને ડાયગ્નોસ્ટિક સેવાઓ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે નવી આરોગ્ય નીતિ-૨૦૧૬ અમલમાં મૂકી છે. રાજ્યની સંવેદનશીલ સરકારે ટી.બી., કેન્સર, રક્તપિત અને સિકલસેલ એનિમિયાના દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવાનો નિર્ણય કર્યો છે. આદિજાતિ લાભાર્થીઓને નિઃશુલ્ક તબીબી સહાય યોજના અંતર્ગત છેલ્લાં ચાર વર્ષમાં રૂ.૩૬.૫૦ કરોડના ખર્ચે ૬૮ હજાર જેટલા દર્દીઓને મફત તબીબી સહાય આપવામાં આવી છે.

રાજ્યના જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ દ્વારા કાચામાંથી પાકા આવાસોના બાંધકામ માટે સહાય યોજના તથા ૨૦ કે તેથી વધુ વર્ષ જૂના જર્જરિત હળપતિ આવાસોના પુન:નિર્માણ માટે સહાય યોજના અંતર્ગત છેલ્લાં ચાર વર્ષોમાં કુલ ૧૧,૩૮૫.૨૦ લાખના ખર્ચથી ૧૧,૨૯૮ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. છેલ્લા પાંચ મહિનાથી સમગ્ર ભારત કોરોના માહામારીનો સામનો કરી રહ્યું છે. આવા સમયે ગુજરાતની સંવેદનશીલ સરકારે રાજ્યના આદિવાસીઓ ગરીબોની ચિંતા કરી છે. રાજ્યમાં એક લાખ આદિવાસી આવાસ માટે રૂ. ૩૫૦ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.



વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચાડાયુ છે. વર્ષ ૨૦૦૧ સુધીમાં માત્ર ૩.૯ ટકા પરિવારોને નળથી પીવાનું પાણી મળતું હતું. જે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં આવ્યા બાદ ૧૧.૩૧ લાખ પરિવારોને

નળથી પીવાનું શુદ્ધ પાણી પાણી મળતું થયું છે. આદિજાતિ વિસ્તારમાં ૨,૦૬,૭૬૪ હેન્ડ પંપ બેસાડવામાં આવ્યા છે. ઉપરાંત આદિજાતિ વિસ્તારમાં કુલ ૧૦,૧૪૬ મીની પાઈપ યોજના પૂર્ણ કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારમાં કુલ ૨૦૨૨ ગામો અને ૬ શહેરોને આવરી લેતી અંદાજિત રૂ.૩,૦૧૦ કરોડની ૧૮ ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાઓના કામો પ્રગતિમાં છે. આદિજાતિ વિસ્તારના મહીસાગર, અરવલ્લી, તાપી, પંચમહાલ, દાહોદ તથા નર્મદા જિલ્લાની કુલ ૨૨ લાખ વસતીને સમાવેશ કરતી રૂ. ૧૭૦૦ કરોડની ૮ જૂથ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણતાના આરે છે. આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ પાણી પુરવઠાનાં કામો માટે વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં રૂ. ૮૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાઓનાં ૧૧૯ ગામો અને ૪૦ ફળિયાને આવરી લેતી રૂ.૧૩૬ કરોડની યોજના, ડાંગ જિલ્લાનાં ૬૯ ગામો માટે નદીઓ પર વિયર આધારિત રૂ.૧૨૫ કરોડની યોજના, ગરૂડેશ્વર તાલુકાનાં ૩૬ ગામો અને ૨૭ ફળિયાને આવરી લેતી રૂ.૪૫ કરોડની યોજના, વલસાડ જિલ્લાના પારડી તાલુકાનાં ૪૦ ગામો અને ૩૮૯ ફળિયાને આવરી લેતી રૂ.૧૧૨ કરોડની યોજના, વલસાડ તાલુકાનાં ૧૧૧ ગામો અને ૩૭૪ ફળિયાઓને આવરી લેતી રૂ.૧૩૭ કરોડની યોજના તથા છૂટાછવાયા આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક પાણીની વ્યવસ્થા માટે ૨૦૦૦ મીની પાઈપ યોજના અંતર્ગત રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હાલ રૂ.૩૦૦૦ હજાર કરોડના કામ પ્રગતિ હેઠળ છે. જેનાથી ૧૧ જિલ્લાના ૩૧ તાલુકાના ૨૦૨૨ ગામો અને ૬ શહેરોની ૪૧ લાખની વસ્તીને લાભ થશે.



રાજ્યના આદિજાતિ વિસ્તારના ખેડૂતોને સિંચાઈની સગવડ મળી રહે તે માટે રાજ્ય સરકારે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ૧૨ વર્ષમાં કાબિલેદાદ કામગીરી કરી છે. આદિજાતિ વિસ્તારમાં જળસ્તર ઊંચું લાવવા, ડુંગરાળ વિસ્તારમાં સિંચાઈ માટે પાણી, નહેરો દ્વારા પાણી, કૂવા, ટ્યૂબવેલ દ્વારા પાણી આપવા વિવિધ યોજના મારફતે ખેડૂતોને મદદ કરી છે. આદિજાતિ વિસ્તારમાં કુલ ૧૪૧૮૨ નાના ચેકડેમો થકી ૮૫૦૩૮ હેક્ટર, ૪૮૦ મોટા ચેકડેમો થકી ૨૨૬૩૮ હેક્ટર અને ૩૧૭૬ તળાવો ઊંડાં કરવાથી ૧૫૭૧૮ હેક્ટર મળી કુલ ૯૬૩૯૪ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ આપવામાં આવ્યો છે. વનબંધુ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારમાં ૪૫,૩૯૪ હેક્ટર આવરી લેતી કુલ ૧૨૬૭ ઉદવહન સિંચાઈ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત ૧,૫૯,૭૨૭ હેક્ટર વિસ્તારમાં નહેર સુધારણાનાં તથા ૮૫,૩૩૧ હેક્ટર વિસ્તારમાં સહભાગી સિંચાઈ વ્યવસ્થાપનનાં કામોને કારણે છેવાડાના ખેડૂતોને પાણી મળતાં થયાં છે.



અંદાજિત રૂ. ૧૦૯૭

કરોડના ખર્ચની કડાણા જળાશય આધારિત ઉદવહન પાઈપલાઈન યોજનાના ત્રણ પેકેજ પૂર્ણતાના આરે છે. જેનાથી દાહોદ અને મહિસાગર જિલ્લાના આશરે દસ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈના લાભો ઉપલબ્ધ થશે. રૂ.૪૧૮ કરોડના અંદાજિત ખર્ચવાળી કરજણ જળાશય આધારિત કરજણ ડેમથી વાડી તથા કપાટ સુધીની ઉદવહન પાઈપલાઈન યોજના પ્રગતિમાં છે. જેનાથી સુરત, ભરુચ અને નર્મદા જિલ્લાના આશરે ૭૫૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈના લાભો ઉપલબ્ધ થશે ઉકાઈ જળાશય આધારિત રૂ. ૯૬૨ કરોડની સોનગઢ-ઉચ્છલ-નિઝર ઉદવહન સિંચાઈ યોજના માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રૂ.૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



વીજળી વગરની દુનિયા કલ્પવી મુશ્કેલ છે. શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સિંચાઈ તેમજ સ્વરોજગારી માટે વીજળીની જરૂરિયાત રહે છે. ગુજરાત સરકારે વીજળીને વિકાસની જરૂરિયાત તરીકે ગણીને આદિજાતિ વિસ્તારમાં વીજળી પહોંચાડવા માટે યુદ્ધસ્તરે અભિયાન શરૂ કર્યું. જેના કારણે આજે પૂર્વ પટ્ટીના સરહદી ગામમાં પણ વીજળીના બલ્બ ઝળહળી રહ્યા છે. જ્યોતિગ્રામ યોજના અંતર્ગત આદિજાતિનાં ૫૮૮૪ ગામો ૨૪ કલાક વીજળીનો લાભ લઈ રહ્યાં છે. ગામડાઓને ૨૪ કલાક વીજળી પૂરી પાડવા માટે ૧૬૨ સબસ્ટેશન બનાવવામાં આવ્યાં છે. ઘરે ઘરે વીજળી પહોંચવાથી ગ્રામીણ સ્તરે રોજગારીની નવી તકો સર્જાઈ છે. તો ગ્રામીણ સ્તરે વીજળીની સુવિધા મળવાથી વિદ્યાર્થીઓના શિક્ષણના સ્તરમાં સુધારો થયો છે. તેવી જ રીતે, ૧.૭૬ લાખ જેટલાં ખેતીવિષયક વીજકનેક્શન પૂરા પાડવામાં આવ્યાં છે. તો કુટિર યોજના હેઠળ ૧.૩૫ લાખ ઘરોમાં વીજ કનેકશન આપવામાં આવ્યાં છે. આ તમામ સુવિધાઓ માટે રાજ્ય સરકાર રૂ. ૫૦૭૬ કરોડનો ખર્ચ કર્યો છે. આ ઉપરાંત, આદિજાતિ વિસ્તારમાં પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોનો મહત્તમ ઉપયોગ થાય તે માટે ખાસ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

માર્ગને વિકાસ માટેનો રાજમાર્ગ કહેવાય છે. આ વિભાવનાને સાકાર કરવા માટે આદિજાતિ વિસ્તારનાં ૫૮૮૪ ગામડાઓ માટે બારમાસી રસ્તાઓની જાળ બિછાવવામાં આવી છે. તો ૪૨૦૧ પેટાપરાઓને પણ ડામરના પાકા રસ્તાથી જોડવામાં આવ્યાં છે. રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં ૯૧૫૯ કિમિ.ના રસ્તાઓ અને ૪૫૬ નાના-મોટા પુલોનું નિર્માણ કરાયું છે. આ વિસ્તારોનાં ગામડાઓને શૈક્ષણિક સંસ્થાઓ તથા દવાખાના સુધી જોડવામાં આવ્યાં છે. જેથી અંતરિયાળ વિસ્તારમાં શિક્ષણ અને આરોગ્યના સ્તરમાં સુધારો જોવા મળ્યો છે. આમ, સમગ્ર રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં રસ્તાઓના નિર્માણ માટે રૂ. ૮૫૪૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આદિજાતિ વિસ્તારોમાં પાયાગત આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતા પૂર્ણ કરવાની દિશામાં રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. આમ, યોજના સફળ અમલીકરણના કારણે આજે વનબંધુ સમય સાથે કદમ મિલાવી દુનિયા સાથે આગળ વધી રહ્યો છે. ●



# આદિવાસી યુવાઓની જ્ઞાનક્ષુધા સંતોષતુ નવુ સરનામું "સમરસ છાત્રાલય"

પ્રગતિશીલ ગુજરાતની નિર્ણાયક, સંવેદનશીલ સરકારે સર્વાંગી કલ્યાણના ધ્યેય સાથે પોતાની વિકાસકૂચને અવિરત ગતિશીલ રાખી છે. સમાજના તમામ વર્ગોનો સમુચિત વિકાસ થાય, સાથે વંચિત અને આદિજાતિ લોકોનો પણ વિકાસ થાય, તેઓને વિકાસની મુખ્ય હરોળમાં લાવવા અર્થે રાજ્ય સરકારે ધ્યાન કેન્દ્રિત કરી વિવિધ યોજનાકીય લાભો તેમના સુધી પહોંચાડ્યા છે. રાજ્ય સરકારે આદિજાતિ બંધુ-ભગિનીઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે અનેક વિકાસ કાર્યક્રમોનું પરિણામલક્ષી આયોજન કર્યું. પ્રતિબદ્ધતા એવી કે, યોજનાઓના લાભ લાભાર્થી સુધી અવશ્ય પહોંચે જ, એમના જીવનધોરણમાં સુધાર આવે તે માટે અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા, જેની સીધી અસર એમના જીવન પર હકારાત્મક રીતે પડી રહી છે.

આર્થિક રીતે સદ્ધર બની ગુજરાત અને દેશના વિકાસમાં આદિવાસી યુવા પોતાનો મહત્ત્વપૂર્ણ ફાળો નોંધાવી શકે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની આ સરકારે સૌથી વધુ ધ્યાન આદિવાસી સમાજમાં શિક્ષણ અને રોજગાર માટે આપ્યું છે. ગુજરાત રાજ્યના આદિવાસી યુવાનો રાષ્ટ્રની શક્તિ બનીને દેશને આગળ લઈ જવાનું સામર્થ્ય ધરાવે છે. સરિતા ગાયકવાડ જેવી રમતવીરે તે સાબિત કરી દીધું છે. સુવિધા મળે તો આદિવાસી યુવાઓ કોઈપણ ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કરી શકે છે. પછી તે શિક્ષણ હોય કે રમતગમત કે ઉદ્યોગ સાહસિકતા. એમને જરૂર છે યોગ્ય પ્લેટફાર્મની, જે રાજ્ય સરકાર આપી રહી છે. "સમરસ હોસ્ટેલ" ગુજરાત સરકારે નિર્માણ કરેલું એક એવું સ્થાન કે જ્યાં ગામડામાંથી અભ્યાસ અર્થે આવેલા વિદ્યાર્થી- વિદ્યાર્થિનીઓને મળી છે રહેવા અને જમવાની ઉત્તમ સુવિધા. એટલે કે ઉચ્ચ અભ્યાસની એમની ગાડી હવે આર્થિક સંકડામણને લીધે નહીં અટકે. ઉચ્ચ અભ્યાસના તેમના સોનેરી સપનાને પાંખો આપી છે ગુજરાત સરકારે. કેમ કે એક વડીલ તરીકે એમની દરકાર કરે છે ગુજરાત સરકાર.

દુર્ગમ આદિવાસી વિસ્તારમાં યુવાપ્રતિભાને શિક્ષણયજ્ઞ આગળ ધપાવવામાં અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેમાં સૌથી મુખ્ય કારણ નબળી આર્થિક સ્થિતિ છે. આવી યુવા પ્રતિભાને પ્રોત્સાહિત કરી આદિવાસી સમાજની સર્વાંગી પ્રગતિ માટે જ સમરસ હોસ્ટેલ બનાવવામાં આવી છે. આદિજાતિ વિદ્યાર્થીઓને રાજ્યનાં મોટા શહેરોમાં રહેવા માટે સમરસ હોસ્ટેલ શરૂ કરીને ઉત્તમ સગવડ ઊભી કરવામાં આવી છે. રાજયમાં સુરત, વડોદરા, આણંદ, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, જામનગર, ભૂજ, સાબરકાંઠા ખાતે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય પછાતવર્ગના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સુવિધાવાળાં સમરસ છાત્રાલયોની સ્થાપના કરવામાં આવી છે. જેની ક્ષમતા



## સમરસ છાત્રાલયમાં મળતી સુવિધાઓ...

*આ સમરસ છાત્રાલયોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ માટે સ્વીમિંગપુલ, ઈન્ટરનેટ જોડાણ, રેફ્રિજરેટર, રહેવા જમવાની સુવિધા તથા વોશિંગ મશીન, કોચિંગ ક્લાસ, કમ્પ્યૂટર રૂમ, લાઈબ્રેરી, ગેસ્ટ હાઉસ, કોમનરૂમ જેવી અદ્યતન સુવિધાઓ આપવામાં આવી છે. દરેક છાત્રાલય જે તે સ્થળે યુનિવર્સિટીના કેમ્પસમાં બહુમાળી મકાનમાં અને કમ્પ્યૂટર રૂમ અને સ્પોર્ટ્સ રૂમ જેવી સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યાં છે.*

૧૨,૫૦૦ વિદ્યાર્થીઓને સમાવવાની છે. આ માટે વહીવટ તથા ભોજન અન્ય ખર્ચ માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા રૂા.૨૦.૯૨ કરોડની જોગવાઈ કરી છે. જ્યારે ગાંધીનગર, બારડોલી અને મોડાસા ખાતે ત્રણ નવા સમરસ કુમાર/કન્યા છાત્રાલયના નિર્માણનો નિર્ણય લેવામાં આવ્યો છે. અદ્યતન સુવિધાયુક્ત સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત રૂ.૨૨ કરોડની જોગવાઈ આ વર્ષે બજેટમાં કરવામાં આવી છે. જેના થકી અત્યાર સુધીમાં ૧૮ કન્યા-કુમાર છાત્રાલયોમાં ૪,૧૮૨ આદિવાસી વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ ગુજરાતને ગૌરવ અપાવવા જ્ઞાનયજ્ઞને આગળ ધપાવી રહ્યાં છે.

આ છાત્રાલયોમાં પ્રવેશ માટે બેઠકોની ટકાવારી નક્કી કરવામાં આવી છે. તે મુજબ અનુસૂચિત જાતિ માટે ૧૫ ટકા અનુસૂચિત જનજાતિ માટે ૩૦ ટકા અને વિકસતી જાતિ માટે ૪૫ ટકા, પછાત જાતિ માટે ૧૦ ટકા, વધુ પછાત તેમજ વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે અનામત પ્રવેશની બેઠકો નક્કી કરવામાં આવી છે. ગત વર્ષે રાજ્યના કુલ ૮,૨૨૯ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને સમરસ છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ સમરસ છાત્રાલયોને ગત વર્ષે રૂ.૧૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. જે પૈકી રૂ.૯,૬૦,૨૬,૦૦૦ની રકમ મુખ્ય કારોબારી અધિકારી ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના હવાલે મૂકવામાં આવી હતી.

અગાઉના વર્ષોની વાત કરીએ તો, સમરસ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને છાત્રાલયનો લાભ પૂરો પાડવા વર્ષ ૨૦૧૮-૧૯ માટે રૂ.૨૦૯૦.૮૯ લાખનો ખર્ચ થયો છે. આદિજાતિ વિભાગના બજેટમાં રૂ.૨૮૧ કરોડનો વધારો કરી ચાલુ વર્ષે રૂ.૨૪૮૧ કરોડનું કરવામાં આવ્યું એટલે કે ગત વર્ષની સરખામણીમાં તેમાં પણ ૧૨.૭૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષે ૬૬ જેટલી નવી બાબતો માટે રૂ.૩૨૬ કરોડ ફાળવવામાં આવ્યા છે.

આમ, એ કહેવું યથાર્થ ઠરશે કે ગુજરાત જે રીતે વિકાસનાં વિવિધ ક્ષેત્રે દેશનાં બીજાં રાજ્યો માટે પ્રેરણારૂપ અને રોલ મોડેલ બન્યું છે, તેવું જ આદિવાસી વિકાસ ક્ષેત્રે પણ છે. ગુજરાતે દેશને અને અન્ય રાજ્યોને નવી દિશા બતાવી છે. રાજ્ય સરકારની પારદર્શી અને સંવેદનશીલ નીતિના પરિણામે રાજ્યના અનેક આદિવાસી યુવાનોના જીવનમાં ઉજાસ પથરાયો છે. સરકારના સરમસ છાત્રાલયમાં ઘણા વિદ્યાર્થીઓ મેડિકલ, ઈજનેરી, શિક્ષણ શાખામાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. ●

## આદિજાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સવલત

*માત્ર સમરસ છાત્રાલયો જ નહીં અન્ય શૈક્ષણિક યોજનાઓ દ્વારા પણ આદિવાસી યુવાઓને શિક્ષણ સુવિધા આપવામાં આવી રહી છે. કોલેજ જતાં વિદ્યાર્થીઓ માટે ૧૧૨ નવાં છાત્રાલયો શરૂ કરવામાં આવ્યાં છે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૧૫૬ સરકારી કુમાર અને કન્યા શાળાઓનું સંચાલન કરવામાં આવે છે, જેમાં આશરે ૧૦,૫૦૦ આદિજાતિના વિદ્યાર્થીઓ માટે રહેઠાણ અને ભોજનની સુવિધાઓ આપવામાં આવે છે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિના કુમાર- કન્યાઓ માટેના ૯૬૪ છાત્રાલયોનો ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે અમલ કરવામાં આવે છે. જેમાં ૪૭,૭૧૮ આદિજાતિના વિદ્યાર્થીઓ માટે રહેઠાણ અને ભોજનની સુવિધાઓ આપવામાં આવે છે.*

*આદિજાતિ વિસ્તાર માટે શિક્ષણ ક્ષેત્રે કુલ રૂ.૧૩૮૧.૪૯ કરોડની માતબર રકમની જોગવાઈ ચાલુ વર્ષે કરવામાં આવી છે. ૪૫ આદર્શ નિવાસી શાળાઓ, ૫૫૪ આશ્રમશાળાઓ, ૩૪ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ શાળાઓ, ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ, ૧૨ મોડેલ શાળાઓ અને ૨ સૈનિક શાળાઓ એમ મળી કુલ ૬૯૦ જેટલી શાળાઓના ૧,૧૮,૨૧૫ જેટલા વિદ્યાર્થીઓ માટે રૂા.૫૦૮.૩૬ કરોડની જોગવાઈ પણ કરી છે.*

*શિક્ષણની વધુ સગવડો આદિજાતિ વિસ્તારોમાં વધારવા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોમાં બાંધકામ અને માળખાકીય સુવિધા ઊભી કરવા માટે રૂ.૯૬.૨૧ કરોડની જોગવાઈ તેમજ મોડેલ ડે સ્કૂલ કેમ્પસમાં ૯ કુમાર અને ૪ કન્યા હોસ્ટેલના બાંધકામ માટે રૂા.૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.*



# સિકલસેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ

નિરામય આરોગ્ય એ નિરોગી જીવનની ગુરુચાવી છે. આરોગ્ય સંભાળ મારફતે સૌના સ્વાસ્થ્યનો હેતુ સિદ્ધ કરવા અને રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત સ્વર્ણિમ ગુજરાતનાં સોપાનો તેમજ લક્ષ્યાંકો હાંસલ કરવા પાયાની આરોગ્ય સેવાઓ રાજ્યનો પ્રત્યેક નાગરિક તેમના રહેણાકના નજીકના સ્થળેથી મેળવી શકે તેવા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકાર સૌથી વધુ ધ્યાન આદિવાસી સમાજમાં આરોગ્ય ક્ષેત્રે આપી રહી છે. ખાસ કરીને પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને સતત સઘન બનાવવામાં આવી રહી છે. અલગ અલગ આરોગ્ય પ્રોગ્રામ થકી આદિવાસી બાંધવોમાં જોવા મળતા રોગ કે બિનઆરોગ્યપ્રદ સ્થિતિમાંથી તેમને ઉગારવાનો રાજ્ય સરકાર પ્રયાસ કરી રહી છે. રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા એવી છે કે આરોગ્ય યોજનાઓના લાભ લાભાર્થી સુધી અવશ્ય પહોંચે અને તેમના જીવન નિરોગી રહેવા સાથે તેમના જીવનધોરણમાં સુધારો આવે.

આવી જ એક સ્થિતિ આદિવાસી બાંધવોમાં જોવા મળી રહી છે એ છે, સિકલસેલ એનિમિયાની. આ રોગ મુખ્યત્વે આદિવાસી બાંધવોમાં જોવા મળે છે, પેઢીઓથી આદિવાસી બાંધવો આ રોગથી પીડાય છે. સિકલસેલ એનિમિયા એક આનુવંશિક રોગ છે અને દર્દીના શરીરની કોશિકાઓના લચીલાપણાને ઘટાડે છે, જેના કારણે ઘણા પ્રકારની આરોગ્યલક્ષી સમસ્યાઓ ઊભી થવા ઉપરાંત યોગ્ય કાળજી ન લેવાય તો જીવનું જોખમ પણ ઊભું થાય છે. આદિવાસી વિસ્તારોમાં જોવા મળતા આ રોગને નાબૂદ કરવા ભારતમાં સૌ પ્રથમ ગુજરાત સરકારે રાજ્યની આરોગ્ય સેવાઓમાં વર્ષ ૨૦૦૬થી સિકલસેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ શરૂ કર્યો છે. જે દેશનાં અન્ય રાજ્યો માટે પણ ઉદાહરણ રૂપ સાબિત થયા છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના આદિજાતિ વિસ્તારમાં સ્ક્રીનિંગ, સારવાર માટેની સેવાઓ, જીનેટીક કાઉન્સેલિંગ, જનજાગૃતિ, આરોગ્ય કર્મચારીઓને સઘન તાલીમ જેવી વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. માસ સ્ક્રીનિંગ મારફતે ૭.૩૭ લાખથી વધુ સિકલસેલટ્રેઇટ (વાહક) અને ૩૦,૦૯૨ સિકલસેલ ડીસીઝ(દર્દી) શોધી કાઢવામાં આવ્યાં છે એટલું જ નહીં તેમનું સમયસર ફોલોઅપ કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે સરકારના નિર્ધાર મુજબ રાજ્યની પૂર્વપટ્ટીમાં વસતા છ જિલ્લાના ૧૦,૬૬૭ દર્દીઓને રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી. જેથી આ ક્ષેત્રે સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં વિસ્તારવામાં આવેલી આરોગ્ય સેવાનો પણ ખ્યાલ આવે છે.

માત્ર આરોગ્ય સારવાર જ નહીં, પરંતુ આરોગ્યપ્રદ આહાર પણ લઇ શકે તે આશયથી આદિવાસી વિસ્તારમાં સિકલસેલ એનિમિયાના દર્દીઓને પ્રતિ માસ રૂ. ૫૦૦ સહાય આપવામાં આવી રહી છે. આ ઉપરાંત સિકલસેલની બીમારીની સારવાર માટે અમદાવાદ, વડોદરા, સુરત અને વલસાડ ખાતે અલગ વોર્ડ ઊભા કરી સારવારની સાથે સાથે માસિક આર્થિક સહાય આપવાનો નિર્ણય કરી આદિવાસી વિસ્તારની કાયાપલટ કરી છે.

સિકલસેલ ક્રાઇસીસ થનાર દર્દીઓને ક્રાઈસીસ સમયે જરૂરી તમામ સારવાર તથા દવાઓ વિના-મૂલ્યે આપવામાં આવે છે. વિકટ સ્થિતિમાં જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે લોહી આપવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને મૂળભૂત દવાઓ, સિકલસેલ એનિમિયાની સારવાર માર્ગદર્શિકા મુજબ નિ:શુલ્ક સારવાર તથા પરામર્શ પૂરા પાડી સરકાર સતત તેમની પડખે ઊભી રહે છે. જેથી જીવનના કોઈપણ તબક્કે તેઓ નાસીપાસ ન થઇ જાય. નિયમિત ધોરણે સિકલસેલ ડીસીઝના દર્દીઓને દરરોજ ફોલિક એસિડની ગોળીઓ તથા દર્દશામક દવાઓ જરૂર અનુસાર આપવામાં આવે છે. સિકલસેલ રોગ ધરાવતા દર્દીઓને હાઈડ્રોક્સીયુરિયા થેરાપી મારફતે રોગની અસર ઘટાડી આરોગ્યપ્રદ જીવન જીવવામાં સહાય મળે છે. તેમને યોગ્ય આરોગ્ય સેવાઓ સહિત આરોગ્ય સંભાળ અને સહાય પૂરી પાડવા માટે પરામર્શકોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લામાં સ્ટેટ હોસ્પિટલ, ધરમપુરમાં તેમજ નવસારી જિલ્લામાં રૂમલા સી.એચ.સી. ખાતે સિકલસેલ એનિમિયાના દર્દીઓને ૨૪ કલાક સેવા અને સારવાર આપતાં ડે-કેર સેન્ટર કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી અમૃતમ/આયુષ્માન ભારત યોજના હેઠળ સિકલસેલ એનિમિયાના દર્દીઓને સારવાર વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. જેમાં કાઉન્સેલરની કામગીરી પણ મહત્ત્વપૂર્ણ છે. સિકલસેલ દર્દીઓનાં સમયસર ફોલોઅપ, સારવાર, ક્રાઈસીસ કે સગર્ભાવસ્થા દરમિયાન સમયસર રીફર કરવા, રોગ વિશે જનજાગૃતિ, તેમજ કાઉન્સેલિંગ જેવી અગત્યની કામગીરી કાઉન્સેલર દ્વારા હાથ ધરવામાં આવે છે.

આદિજાતિના લોકોની સમગ્ર આયુષ્ય સંભાવના સુધરી છે. ઉત્તમ આરોગ્ય સેવા અને સતત સંભાળને કારણે કટોકટીની સ્થિતિને ઘટવામાં સફળતા મળી છે. આ પગલાં દ્વારા આ રોગમાં અને મૃત્યુદર ઘટાડવામાં સહાય મળી છે. તદઉપરાંત નિદાન અને સારવારના ક્ષેત્રે તબીબી વ્યાવસાયિકોમાં જાગૃતિનું પ્રમાણ અસરકારક રીતે વધ્યું છે. સિકલસેલ એનિમિયાના દર્દીઓને લગ્નવિષયક સલાહસૂચન, પૂર્વ-પ્રસૂતિ તપાસ અને નિદાન અંગે તબીબી વ્યાવસાયિક સલાહ-માર્ગદર્શન પણ આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦માં કરેલ કામગીરી માટે ગુજરાત રાજ્યને વડાપ્રધાનશ્રી તરફથી "પ્રાઈમ મિનિસ્ટર ઍવોર્ડ ફોર એક્સલન્સ ઈન પબ્લિક એડમિનિસ્ટ્રેશન" પ્રાપ્ત થયો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારના આ કાર્યક્રમના ફળસ્વરૂપ આદિજાતિના લોકોને આ સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ બનતાં તેમને ખુશાલી સાથે રાહતનો અનુભવ થઇ રહ્યો છે. ગુજરાત સરકારે આદિવાસી વિસ્તારમાં આરોગ્ય ક્ષેત્રે પ્રશંસનીય કામીગીરી કરી છે. જેની નોંધ કેન્દ્ર સરકારે પણ લીધી છે. આમ, આદિવાસીઓના આરોગ્યને સ્પર્શતા અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો ગુજરાત સરકારે લીધા, જેની સીધી અસર એમના જીવન પર હકારાત્મક રીતે પડી રહી છે.



# પંચમહાલ જિલ્લાના થાણા ગર્જન ગામને મળ્યો પાકો રસ્તો

રાજ્યના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારો સુધી વિકાસનાં સુફળ પહોંચાડવાના હેતુથી સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. અંતરિયાળ ગ્રામીણ વિસ્તારો મુખ્ય પ્રવાહ સાથે જોડાય અને વિકાસની સફરમાં આગળ વધે તેવા ઉમદા હેતુથી પંચમહાલ જિલ્લાના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોને મુખ્ય શહેરો સાથે જોડતા રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આવો જ એક રસ્તો બન્યો છે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગોધરા તાલુકાના થાણા ગર્જન ગામે. થાણા ગર્જન ગામ ગોધરા તાલુકાનું અંતરિયાળ ગામ છે. અંદાજે ૧૬૦૦ની વસ્તી ધરાવતા આ ગામમાં મુખ્યત્વે કોળી પટેલ-આદિવાસી ભાઈઓની વસ્તી છે. આ ગામના લોકો મોટાભાગે ખેતી સાથે જોડાયેલા તેમજ શ્રમિક વર્ગના છે.ગામના લોકોને રોજિંદા વ્યવહાર માટે ગોધરા અને કાલોલ પર આધાર રાખવો પડે છે.

આ સુંદર ગામ ગાઢ જંગલોથી ઘેરાયેલું છે. ગોધરા અને કાલોલ જવા માટે જંગલ વિસ્તારમાંથી પસાર થતો રસ્તો પાકો ન હોવાથી ચોમાસા સહિતની ઋતુઓમાં ગ્રામજનો અનેક મુશ્કેલીઓનો સામનો કરતા હતા પરંતુ રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે આ ગામમાં પાકો ડામર રસ્તો બનાવવામાં આવ્યો છે. રાજ્ય સરકારના પંચાયત વિભાગના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જંગલ વિભાગની જરૂરી પરવાનગી મેળવી રૂ.૧.૨૭ કરોડના ખર્ચે ૬.૧ કિ.મિ. અંતરનો ડામરનો પાકો રસ્તો બનવવામાં આવ્યો છે, જેને લઈને ગ્રામજનોમાં હર્ષની લાગણી પ્રવર્તી છે. ગામના સરપંચ નંદુભાઈ પટેલ જણાવે છે કે આ માર્ગ બનતાં હવે આવન-જાવનમાં ઘણા સમયની બચત થશે. પહેલાં કાચા રસ્તાના કારણે રિક્ષા-બસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ ન હતી પરંતુ હવે તે ઉપલબ્ધ થતા ગોધરા-કાલોલ જવું સરળ બની જશે. વર્ષોની સમસ્યાનો અંત આવતાં ગ્રામજનો સરકારનો આભાર માની રહ્યા છે.

મુખ્ય હાઈવે માર્ગથી થાણા ગર્જન ગામને જોડતો રસ્તો બનતા ગામમાં પરિવહન શરૂ થયું છે, ગામમાં રિક્ષા તેમજ અન્ય ખાનગી વાહનોની અવરજવર શરૂ થઈ છે. પહેલાં ગામમાં ૧૦૮ એમ્બ્યુલન્સ છેક ગામ સુધી આવી શકતી નહોતી. પ્રસૂતાને પ્રસૂતિ અર્થે લઈ જવામાં તકલીફનો સામનો કરવો પડતો હતો. માલની હેર-ફેરમાં સમસ્યાઓ નડતી હતી. હવે આ તકલીફો નહીં રહે. ગોધરા ખાતે અભ્યાસ અર્થે આવતા અલ્પેશ પરમાર તથા ગામના યુવાનો જણાવી રહ્યા છે કે ગામમાં નવો રસ્તો બની જતા ગામમાં શિક્ષણનું સ્તર ઊંચું આવશે કેમ કે પહેલા ગોધરા જવામાં ખાસ્સો સમય જતો હતો અને જવાના વધારે વિકલ્પો પણ નહોતા. ખેતી સાથે સંકળાયેલા ગ્રામજનો જણાવી રહ્યા છે કે પાકો રસ્તો બનતા ગામમાં ઉત્પાદિત ખેત પેદાશોને મુખ્ય બજાર સુધી પહોંચાડવામાં પણ ઘણી સરળતા થઈ રહેશે અને પરિવહન સસ્તું બનશે. થાણા ગર્જનને મુખ્યમાર્ગ સાથે જોડતો આ રોડ ગામને માત્ર મુખ્યમાર્ગ સાથે જ નહીં, પરંતુ વિકાસના પ્રવાહમાં જોડનાર બની રહેશે તેવી આશા ગ્રામવાસીઓએ વ્યક્ત કરી હતી.



# બોડેલીના પીંછુવાડા ગામની પાણીની સમસ્યા હલ થઇ



છોટાઉદેપુર જિલ્લાની જીવાદોરી ઓરસંગ નદીના કિનારે આવેલા બોડેલી તાલુકાના પીંછુવાડા ગામના સરપંચની સક્રિયતા અને ગ્રામીણ પેયજળ યોજના થકી ગામની પીવાની પાણીની સમસ્યા હલ થઇ છે. રૂા. ૧૭,૯૭,૬૯૮ના ખર્ચે સાકાર થયેલી આ યોજના થકી ગામનાં ૩૪૦ ઘરોને ઘેર ઘેર નળ કનેકશન આપવામાં આવ્યાં છે.

આ અંગે વાત કરતા સરપંચ શ્રીમતી આશાબેન જણાવે છે કે, ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧૩૦૦ની વસતિ ધરાવતા પીંછુવાડા ગામમાં રાજનગર જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ૩ સંપ આધારિત સ્ટેન્ડ પોસ્ટ પીવાના પાણીની યોજના કાર્યરત હતી. ગામમાં ૨૫ વર્ષ જૂની પાઇપલાઇન દ્વારા ગામ લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવતું હતું. પાઇપલાઇન જૂની થઇ ગઇ હોવાને કારણે વારંવાર ભંગાણ પડવાથી રિપેર ખર્ચ વધવા લાગ્યો હતો. તેમજ ગામલોકોને નિયમિત, પૂરતું અને સમયસર પાણી મળતું ન હતું. લિકેજના કારણે ગામમાં ફેલાતી ગંદકીને કારણે લોકો બીમારીમાં સપડાવવા લાગ્યા હતા. પીવાના પાણી માટે બનાવવામાં આવેલા ઘટકોની આજુબાજુ પણ ગંદકી જોવા મળતી હતી.

પેયજળની આવી પરિસ્થિતિ જોતાં ગામનાં સરપંચ આશાબેને ગામના લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે એ માટે આજુબાજુનાં ગામો જ્યાં પીવાના પાણીની વ્યવસ્થિત યોજના ચાલતી હતી તે ગામોની જાત મુલાકાત કરી યોજનાઓથી માહિતગાર થઇ ઘેર ઘેર નળ કનેકશન યોજના બનાવવાનું નક્કી કર્યું હતું. આ યોજના ગામમાં બને એ માટે એમણે વાસ્મો કચેરીનો સંપર્ક કરતાં વાસ્મોની કોર ટીમે ગામની મુલાકાત લઇ ગ્રામસભાનું આયોજન કરી ગામલોકોને યોજના અંગે માહિતગાર કર્યા હતા. પીવાના પાણીની આ યોજનાની માહિતી મળતા ગામલોકોએ લોકભાગીદારીથી યોજના બનાવવાનું નક્કી કર્યું હતું.

આ યોજનાના અમલીકરણ માટે પાણી સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. ગામની પાણી સમિતિ સક્રિય થતા "જલ જીવન મિશન-નલ સે જલ" કાર્યક્રમ અંતર્ગત યોજના મંજૂર કરવામાં આવી. યોજના અમલીકરણ માટે પાણી સમિતિનું ક્ષમતાવર્ધન કરવા પાણી સમિતિને વખતોવખત યોજનાને લગતી વિવિધ વિષય અંગેની તાલીમો આપવામાં આવી હતી. આ ઉપરાંત પાણી સમિતિની મહિલા સભ્યોને યોજના અંગે જાગૃત કરવામાં આવી હતી.

ગામના લોકોના સહકારથી રૂ. ૧૧,૩૯,૭૯૮ના ખર્ચે વિતરણ પાલપલાઇન અને રૂા. ૬,૭૭,૯૦૦ના ખર્ચે વ્યક્તિગત ઘર કનેકશન નંગ ૩૪૦ મળી રૂ. ૧૭,૯૭,૬૯૮ના ખર્ચે ઘેર ઘેર નળ કનેકશન યોજના સાકાર કરવામાં આવી.

વાસ્મો યોજનાના કાર્યપાલક ઇજનેર અજયભાઇ ચૌધરીએ આ અંગે જણાવ્યું હતું કે, આ યોજનાને લાંબો સમય ચલાવવા માટે ગ્રામ પાણી સમિતિ દ્વારા ઘરદીઠ વાર્ષિક પાણી વેરો ઉઘરાવવામાં આવે છે. પાણીના ઘટકોની નિયમિત સફાઇની સાથોસાથ જો કોઇ ગ્રામજન પીવાના પાણીના ઘટકોને નુકસાન કરે તો કાયદેસરનો દંડ પણ વસૂલ કરવામાં આવે છે. પાણીવેરો પંચાયતના ખાતામાં નહીં પરંતુ ગ્રામીણ જળ અને સ્વચ્છતા સમિતિના ખાતામાં જમા કરાવવાનું ગ્રામસભામાં ઠરાવવામાં આવ્યું છે એમ તેમણે જણાવ્યું હતું.

આમ, સરપંચ આશાબહેન અને ગામની પાણી સમિતિ દ્વારા નક્કર આયોજન થકી પીંછુવાડા ગામનાં ૩૪૦ ઘરોને નળ મારફત પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.



# દાહોદના ગમનભાઇએ વાડીમાં વૃક્ષોનું આગવું વિશ્વ ઉછેર્યું...


હિમાલયમાં થતું સિલ્વર ઓક વૃક્ષ ગુજરાતમાં જોવું છે ? આંધ્રપ્રદેશમાં થતું લક્ષ્મણફળ કે પછી લંકામાં માતા સીતા જે વૃક્ષ નીચે બેસતાં હતાં તે સીતાઅશોક વૃક્ષ ગુજરાતમાં જોવું હોય તો દાહોદના સંજેલી તાલુકાના ગમનભાઇ વસૈયાની વાડીની પ્રકૃતિમય મુલાકાત લેવી જોઈએ. મહારાષ્ટ્ર, હિમાલય પ્રદેશ, કશ્મીર વગેરે રાજયોમાં જોવા મળતાં અનેક દુર્લભ વૃક્ષો ગમનભાઈએ પોતાની વાડીમાં ઉગાડયાં છે.

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના વાસીયા ગામના ગમનભાઇ વસૈયાએ ખેતીની શરૂઆત તો પરંપરાગત ખેતીથી કરી હતી પરંતુ રાજય સરકાર આયોજિત કૃષિવિષયક તાલીમ અને પ્રવાસન કાર્યક્રમોના સંપર્કમાં તેમણે ભાગ લીધો અને આધુનિક પદ્ધતિની ખેતી અપનાવી. રાજય સરકાર દ્વારા ખેડૂતોને તાલીમ મળે, નવું જાણવા મળે તે માટે આત્મા પ્રોજેકટ હેઠળ પ્રેરણા-પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. ગમનભાઈએ મહારાષ્ટ્રના જલગાંવ જઇ ખાસ ટપક સિંચાઇની તાલીમ લીધી અને ખેતીમાં આધુનિક પદ્ધતિ અપનાવીને મબલખ ઉત્પાદન મેળવ્યું. તેઓ વેલાવાળાં શાકભાજી , ગલકાં, કારેલાં, રતાળુ, આદુ, હળદરથી લઇને મશરૂમ તથા મરીમસાલાની પણ ખેતી પોતાની વાડીમાં કરે છે. અનેક ઔષધીય રોપાઓ તેમણે તેમની વાડીમાં ઉગાડયા છે. તેમની શીખવાની ધગશ પ્રબળ હોવાથી વિશેષ બાગાયતી ખેતી શીખવા તેઓ રાજય સરકાર દ્વારા જયપુર જઇને તાલીમ લઇ આવ્યા છે.

હાલમાં ગમનભાઇએ પોતાની વાડીમાં ૧૦૦૦ સાગનાં, ૫૦૦ ચંદનનાં અને ૩૦૦ આંબાનાં વૃક્ષો ઉગાડયાં છે. અનેક દુર્લભ કહેવાતાં વૃક્ષો પણ તેમણે ખૂબ જતનથી ઉગાડયાં છે. હિમાલયમાં થતા સિલ્વર ઓક કે આંધ્રપ્રદેશમાં થતું લક્ષ્મણફળ, સીતાઅશોક વૃક્ષ તેમની વાડીમાં જોવા મળે છે. ખાસ પ્રકારના વાતાવરણમાં થતા અમુક વૃક્ષોને અહીની જમીનમાં ઉગાડવા માટે તેમણે ખાસ કાળજી અને પુષ્કળ મહેનત કરી છે. તેમની વાડીમાં પુત્રજીવા વૃક્ષ, અર્જુન વૃક્ષ, નોની વૃક્ષ, કાંચનાર જેવા ખાસ ઔષધીય વૃક્ષ તેમજ શતાવરી, જાંબુ, અશ્વગંધા, રક્તચંદન, ફણસ, તાડનાં વૃક્ષ જેવાં અનેક ઉપયોગી વૃક્ષો જોવા મળે છે.

ગમનભાઇની વાડી જોવા અનેક ખેડૂતો આવે છે. ગમનભાઇ પોતે કેટલાય ખેડૂતોને ખેતીની તાલીમ આપીને તૈયાર કર્યા છે. તેમની પાસેથી શીખેલા પાંચ જેટલા ખેડૂતોને તાલુકા કક્ષાના કૃષિ મહોત્સવમાં બેસ્ટ ફાર્મરનો એવોર્ડ મળ્યો છે. તેમને પોતાને જિલ્લા કક્ષાનો બેસ્ટ ફાર્મર એવોર્ડ ૨૦૧૩-૧૪ના કૃષિ મહોત્સવમાં મળ્યો છે. પોતાની સફળતામાં તેઓ સરકાર દ્વારા ખેડૂતો માટેની યોજનાઓનો ફાળો મહત્ત્વનો હોવાનું જણાવે છે.

અનેક ખેડૂતો ગમનભાઇની અણમોલ વાડીની મુલાકાત લે છે પરંતુ સામાન્ય જનતા પણ ગુજરાતમાં જોવા ન મળતાં એવાં અનેક દુર્લભ વૃક્ષોને જોવા માટે આ સુંદર વાડીની મુલાકાત લઇ આનંદ અનુભવે છે. એક મહેનતુ ખેડૂત અને રાજય સરકારના ખેડૂતલક્ષી વિકાસ માટેના પ્રયાસોનું સુંદર ઉદાહરણ સંજેલીના વાસીયા ગામમાં જોવા મળશે.



# કલ્યાણલક્ષી યોજનાઓથી નરેન્દ્રભાઇ દેશમુખનું જીવન સમૃદ્ધ બન્યું

વર્ષો પહેલા એવી માન્યતા હતી કે પથ્થર, શિકાર, તીર, કાંમઠાં અને પથ્થરથી અગ્નિ ઉત્પન્ન કરતી પ્રજા એટલે આદિવાસી...

પરંતુ આજે આ માન્યતામાં પરિવર્તન આવ્યું છે. આપણા આદિવાસી ભાઈઓ શિક્ષણ અને જાગૃતિથી સર્વાંગી વિકાસ દ્વારા જીવનમાં આગળ વધ્યા છે. ભરૂચ જિલ્લાનો છેવાડાનો તાલુકો નેત્રંગ કે જે આદિવાસીઓની બહુધા વસ્તી ધરાવે છે.

નેત્રંગ તાલુકાના આદિવાસી મિત્રો જણાવે છે કે રાજ્ય સરકારની અનેક કલ્યાણલક્ષી યોજનાઓથી અમારૂં જીવન સમૃદ્ધ બન્યું છે અને દિનપ્રતિદિન વધુ મહેનત કરી સુખી થવાના અમારાં સપનાં અત્યારની રાજ્ય સરકારમાં ૧૦૦ ટકા સિદ્ધ કરી શકીશું તેવી અમને પૂર્ણ શ્રદ્ધા છે.

નેત્રંગ તાલુકાના કૂપ ગામના શ્રી નરેન્દ્રભાઈ ધર્મેન્દ્રભાઈ દેશમુખ જણાવે છે કે, હું અનુસૂચિત જનજાતિમાં આવું છું અને છેલ્લાં ૪ વર્ષથી પશુપાલન કરું છું. મારી પાસે ૫ એકર જમીન છે અને સારી ખેતી કરું છું. શરૂઆતમાં એક ગીર ગાય રાખતો હતો અને સાથે પશુપાલન પણ કરતો હતો. ૨૦૧૭માં રાજ્ય સરકારની તાલુકા તથા જિલ્લા કક્ષાની પશુપાલન શિબિરમાં પશુ તજજ્ઞ ડૉક્ટર દ્વારા આદર્શ પશુપાલન કરવાની માહિતી મળી મેં સરકારશ્રીની જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભરૂચ તરફથી પશુ ધિરાણ યોજના હેઠળ સહાય મેળવી ૩ ગીર તથા એચ.એફ. ગાયો ખરીદીને ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય શરૂ કર્યો. જેથી આવક બમણી થવા માંડી પણ સાથે સાથે પશુઓ વધવાથી ઘાસચારાની પણ વધુ જરૂરિયાત ઊભી થતી ગઈ. પછી હું નેત્રંગ તાલુકાના પશુચિકિત્સા અધિકારી ડૉ. પ્રસન્ન વસાવાના સંપર્કમાં આવ્યો. તેમણે પશુઓને ઘાસચારો ભરવા માટેની માહિતી આપી. તેમજ ઘાસ ઓછું બગાડે એ માટે ઘાસને ચાફ-કટરથી કટિંગ કરીને ખવડાવવા માટે સરકારની સહાયકારી યોજના હેઠળ ઈલેક્ટ્રિક ચાફ-કટર લેવા માટે માહિતી આપી. આથી મેં વર્ષ-૨૦૧૮માં આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી ઈલેક્ટ્રિક ચાફ-કટરની સહાય મેળવી. ચાફ કટરના ઉપયોગથી મારો ૯૦% ઘાસચારાનો બગાડ ઓછો થઇ ગયો, બધી ગાયો ૧૨ થી ૧૪ લીટર/ટંક દૂધ આપે છે. વર્ષ ૨૦૧૯માં સરકારની સહાયકારી યોજના હેઠળ મિલ્કિંગ મશીનની સહાય મેળવી સ્વચ્છ દૂધ ઉત્પાદન કરવા લાગ્યો તે બદલ મને વર્ષ-૨૦૧૯-૨૦ માં શ્રેષ્ઠ પશુપાલક તરીકેનો નેત્રંગમાં બીજા ક્રમે પુરસ્કાર મળ્યો છે.

મારી આવક વર્ષ - ૨૦૧૭માં ત્રણ પશુઓ સાથે રૂ.૧,૧૭,૦૦૦ હતી, તે વર્ષ - ૨૦૧૯માં દસ(૧૦) પશુઓ સાથે રૂ.૪,૧૮,૦૦૦ સુધી પહોંચી. રાજ્ય સરકારની પશુપાલનની યોજનાઓએ ખરા અર્થમાં મારા જીવન માટે કામધેનુ બની છે.





# નવતર ખેતી દ્વારા અન્ય માટે
# પ્રેરણારૂપ બનતા સાહસિક મહિલા ખેડૂત દક્ષાબહેન

સામર્થ્યવાન ગુજરાતીઓ વિકાસના નવા કીર્તિમાન સ્થાપી રહ્યા છે. વિકાસનો અવિરત માર્ગ પકડીને ગુજરાતે "સૌનો સાથ-સૌનો વિકાસ" એ મંત્રના વિશ્વાસ સાથે "ગતિશીલ ગુજરાત"નો નવો મહામંત્ર અપનાવ્યો છે. ત્યારે ગુજરાતના એક અગત્યના પાસા તરફ સૌનું ધ્યાન ખેંચાયા વિના રહેતું નથી, અને તે છે "મહિલા સશક્તીકરણ".

રાજ્યની છેવાડે આવેલા અને સો ટકા આદિજાતિ વસ્તી ધરાવતા ડાંગ જિલ્લામાં પણ સમાજના દરેક ક્ષેત્રે આજે નારીઓ કાઠું કાઢી રહી છે. ત્યારે ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના જામલાપાડા (રંભાસ) ગામના આવા જ એક સાહસિક મહિલા શ્રીમતી દક્ષાબહેન બીરારીની વાત અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ છે.

માત્ર સાત, આઠ વર્ષથી જ થતી હળદરની આ નવતર ખેતીને કારણે ડાંગ જિલ્લાની આ શુદ્ધ અને પ્રાકૃતિક હળદરની સોડમે રાજ્યના સીમાડા વળોટી દીધા છે. વિશેષ કરીને સાપુતારા, નાશિક, શિરડી, શનિદેવ જેવા સ્થળોએ જતાં આવતાં સહેલાણીઓ અહીંની હળદરના રીતસરના ચાહક બની ગયા છે. એક વખત જેને આ હળદરનો સ્વાદ જીભે લાગ્યો તે દર વર્ષે અંબિકા ફાર્મની હળદર જ લેવાનો આગ્રહી બની જાય છે, એમ આ નવતર ખેતીના પ્રણેતા સાહસિક ખેડૂત દક્ષાબેન બીરારીએ ગર્વ સાથે જણાવ્યું હતું. છેક સૌરાષ્ટ્ર અને કચ્છથી પણ નિયમિત ગ્રાહકો અહી આવીને આ શુદ્ધ હળદરની ખરીદી કરે છે.

ડાંગ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિથી જરા હટકે એવી આ હળદરની ખેતી તરફ આપનું લક્ષ્ય કેમ ગયું તેવા એક સવાલના જવાબમાં દક્ષાબેને જણાવ્યું કે, "શરૂઆતમાં અમારા ગ્રૂપના પાંચ, સાત કુટુંબો માટે જ અમે હળદર કરતા હતા. ત્યાર બાદ આ હળદરની ખ્યાતિ અને સોડમ આસપાસના લોકોમાં પણ પ્રસરી, અને તેની માંગ થવા માંડી, ત્યારે અમને નિયમિત રીતે હળદરની ખેતી કરવાનું મન થયું".

"શરૂઆતમાં હળદરનાં બિયારણની પણ ખૂબ તકલીફ રહેતી હતી. છેક તાપી જિલ્લાના ઉચ્છલ અને નિઝર જેવા વિસ્તારોમાંથી બિયારણ લાવીને અહી તેની ખેતી કરવાની શરૂઆત કરી. આજે હળદરના વેચાણ ઉપરાંત અહીંથી બિયારણ પણ અન્ય વિસ્તારોમાં ખેડૂતો લઇ જઈ રહ્યા છે" એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. આજે એક થી લઈને સાત એકર સુધીમાં હળદરનું સફળ વાવેતર કરીને ટનબંધ હળદરનો વેપાર કરતાં દક્ષાબેન હળદર તૈયાર કરવાનું આખે આખું પ્રોસેસિંગ યુનિટ પણ સરકારની સહાયથી ચલાવી રહ્યાં છે. હળદરને બોઈલર મશીનમાં વરાળથી બાફી, પોલિશ્ડ ડ્રમમાં તેને સુકવી, છાલ ઉતારીને ગાંઠિયા તૈયાર કરવામાં આવે છે. ત્યાર બાદ એક અલાયદા મશીનમાં તેના ટુકડા કરી, ઘંટીમાં દળી તેને ચારણામાં ચાળીને વેચાણ માટે તૈયાર કરવામાં આવે છે.



"આખી આ પ્રક્રિયામાં વર્ષે એક પાક માંડ લઇ શકાય છે" તેમ જણાવી દક્ષાબેને કહ્યું કે, "ખેતીવાડી વિભાગના "આત્મા પ્રોજેક્ટ" અંતર્ગત અમને બોઈલર મશીન લેવા માટે જે તે સમય રૂ.૫ લાખની લોન સહાય આપવામાં આવી હતી. જેના સહારે અમે અહી આખુ આ પ્રોસેસિંગ યુનિટ જામલાપાડા (રંભાસ) ખાતે સ્થાપી શક્યા છીએ".

"સેલમ" નામની ડાંગ જિલ્લાની આ હળદર સ્વાદશોખીનો માટે એક બ્રાંડ નેઈમ બની ગઈ છે. તેમ જણાવી દક્ષાબેને છેલ્લાં સાત/આઠ વર્ષથી કરવામાં આવતી આ હળદરની ખેતીને કારણે આ સમગ્ર પ્રોસેસિંગ યુનિટ સહિતનો રૂપિયા દસેક લાખના રોકાણનો ખર્ચ કાઢી લીધો હોવાનું જણાવ્યું હતું. "અહીંની હળદરમાં કોઈ પણ જાતના રંગ, રસાયણ મેળવવામાં આવતાં નથી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા



પણ આ હળદરને પ્રમાણિત કરવામાં આવી છે", એમ દક્ષાબેન બીરારીએ વધુમાં જણાવ્યું હતું. જામલાપાડા (રંભાસ) ગામના "મિશન મંગલમ્ યોજના" હેઠળના "અંબિકા સખીમંડળ"ને પણ દક્ષાબેનના પારિવારિક વ્યવસાયનો લાભ મળી રહ્યો છે. આ સખી મંડળની બહેનોને હળદરના પેકેજિંગ માટે પાઉચ તૈયાર કરવા માટે પ્રોત્સાહિત કરીને તેમને ૫૦, ૧૦૦, ૨૦૦, ૫૦૦ અને ૧ કિલોગ્રામના હળદરના પાઉચ તૈયાર કરવાનું એક નવતર કામ આપવામાં આવ્યું છે. જેની આવકથી સખીમંડળની બહેનો પણ આર્થિક ઉપાર્જન ક્ષેત્રે "આત્મનિર્ભર" બની રહી છે.

હળદરથી આગળ વધીને પાછલાં બે ત્રણ વર્ષોથી આ સાહસિક મહિલાએ અન્ય મસાલા પાકના વાવેતર, ઉત્પાદન, ખરીદ-વેચાણ સાથે વેલ્યુ એડેડ તરફ પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અહીં લાલ મરચું, ધાણા, જીરું, રાઈ, અજમો, ગરમ મસાલા સહિત ઔષધીય પાકો સફેદ મુસળી, અજમાનું પાણી, વરિયાળીનું શરબત, અજમાનું મધ, વરિયાળીનું મધ, રાયનું મધ તથા તલનું મધ પણ મળી રહે છે. તો ઓર્ગેનિક ઉત્પાદનોની શ્રેણીમાં અહીંયા મગ, ચણા, વાલ, અડદ, તુવેર, સોયાબીન જેવા કઠોળ પાકો પણ ઉપલબ્ધ કરાવાયા છે. આ ઉપરાંત ડાયાબિટીસના દર્દીઓ પણ મન તૃપ્ત થાય ત્યાં સુધી ખાઈ શકે તેવા લાલ અને કાળા ચોખા, નાગલીની વિવિધ બનાવટો જેવી કે નાગલી પાપડ, નાગલી પાવડર, નાગલીના બિસ્કિટ, ચીકી અને વેફર સાથે વાંસનું અથાણું, મુરબ્બો, લસણની લાલ ચટણી, તથા હરડે જેવાં ઉત્પાદનો પણ સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે.

ડાંગ જેવા વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા જિલ્લામાં જ્યા નાગલી, વરઈ, ખરસાણી, અડદ અને તુવેરના પાકથી આગળ કોઈ પણ ખેડૂત કઈ પણ વિચારી જ નથી શકતા, ત્યાં જામલાપાડા (રંભાસ)ના દક્ષાબેન બીરારીએ હળદર જેવા નવતર પાક સાથે વેલ્યુ એડેડ ઉત્પાદનો, તેનું કલેક્શન, પેકેજિંગ અને સેલિંગ કરવાનું સાહસ ખેડીને સિદ્ધિ પણ મેળવી છે.



# સાબરકાંઠાના શકાભાઇની વૈજ્ઞાનિક ઢબે ખેતીની જાણવા જેવી વાત

સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ એવા પોશીના તાલુકાના ઝીંઝણાટ ગામના ખેડૂત શકાભાઇ બુંબડીયાએ વૈજ્ઞાનિક ઢબે શાકભાજીની ખેતી કરી પોતાની આવક બમણી કરવાની સાથે આ વિસ્તારના અન્ય ખેડૂતો માટે વિકાસનો નવો રાહ ચિંધ્યો છે.

શકાભાઇ ખેડૂત તરીકેનો પોતાનો અનુભવ વર્ણવતા કહે છે કે હાલ ખેડૂતો પાસે ખેતી માટે જમીન ઓછી છે તેથી ઓછી જમીનમાં ઓછા ખર્ચ સામે જો વધુ આવક મેળવવી હોય તો આવી ખેતી અપનાવવી પડશે.

ખેડૂત શકાભાઇએ વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, તેમની પાસે બે એકર જમીન છે. આત્મા યોજનામાં જોડાયા પહેલા તેઓ મકાઇ, તુવેર જેવા પાકોનું વાવેતર કરતાં હતા. જેમાં તેમની જમીન ઓછી તથા બિન-ઉપજાઉ હોવાના લીધે ઉત્પાદન ઓછું, ખર્ચ વધારે અને વળતર ખુબ ઓછું રહેતુ હતું. આ વિસ્તાર ડુંગરાળ અને પથરાળ હોવાના લીધે મહેનત ખુબ જ કરવા છતાં અમને કાંઇ જ ન મળતું, પરંતુ આત્મા યોજનાના અધિકારીઓ દ્વારા અમારા વિસ્તારમાં માર્ગદર્શન શિબિર મળી હતી. આ માર્ગદર્શન શિબિર ગ્રામજનો સાથે હું ગયો હતો એ દિવસ મારા માટે રૂડો અવસર બની ગયો. આ બેઠકમાં અમને આ વિસ્તારને અનુરૂપ ખેતી અંગે જાણકારી આપી હતી. આ બાદ અમે આ પ્રોજેક્ટ સાથે જોડાઇ વિવિધ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે જુદી જુદી તાલીમ લીધી.

વધુમાં શકાભાઇ જણાવે છે કે તેઓ વર્ષ ૨૦૧૩-૧૪થી ખેતી છોડી શાકભાજીની વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવી છે. વૈજ્ઞાનિકોની ભલામણ મુજબ બીજ, ખાતર, પાણી અને દવાઓનો ઉપયોગ કર્યો, જેથી ખર્ચમાં ધટાડો થઈ આવકમાં વધારો થયો છે. પહેલા વર્ષે ૬૬ હજારનો નફો, બીજા વર્ષે ૯૧ હજાર અને ત્રીજા વર્ષે ૧.૨૨ લાખનો નફો થતા અમને આ ખેતી માફક આવી તથા મારી ખેતી અને આવક જોઇ બીજા અનેક ખેડૂતો વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવી ખેતી કરી રહ્યા છે.

# નિર્જીવ વસ્તુમાં પ્રાણ પૂરી દે તે કલા...

સામાન્ય રીતે એક શબ્દ બહુજ પ્રચલિત છે.. કલાકારીગરી.. ! કલામાં પણ કારીગરી હોય.! વાત કંઈક એવી જ કરવી છે. વલસાડ જિલ્લાનો અંતરિયાળ તાલુકો એટલે ધરમપુર અને તેનું સાવ છેવાડાનું કહી શકાય એવું ગામ એટલે પેણધા. પેણધા ગામની આંગણવાડી બહાર આદિવાસી કલાકારીગરનો કસબ જોઇ શકાય. એને નિહાળ્યા પછી મોઢું ખુલ્લું તો રહી જાય અને જો કોઇ શબ્દ મોઢામાંથી નીકળે તો એટલા જ..... અદભુત.. !





કલા કારીગરીએ કુદરતની દેણ છે. દરેક વ્યકિતમાં કંઇકને કંઇક કલા હોય જ છે. એ કલાને કેવી રીતે વિકસાવવી એ માનવીના હાથમાં છે. કલાને કેવી રીતે પ્રદર્શિત કરવી એ પણ કલા છે. કલામાં આત્મસૂઝ વડે કારીગરી દ્વારા જીવ રેડી દેવાય તો નિર્જીવ વસ્તુમાં પણ પ્રાણ પુરાય છે અને તે જીવંત લાગે છે. કલાનો કસબ કંઇ શિક્ષિત વ્યક્તિ જ કરે એ જરૂરી નથી. ગરીબ અને અભણ વ્યક્તિ પણ પોતાની દૂરંદેશીથી પોતાની કલાને રૂપ આપી શકે છે.

ધરમપુર તાલુકાના પેણધા ગામની આંધોળી પ્રાથમિક શાળા તરફ જતાં આંગણવાડી સામે જોવા મળતી વૃક્ષના થડમાંથી બનાવેલી કલાકૃતિમાં અદભુત કલા-કારીગરીના દર્શન થાય છે. આદિવાસીઓ હંમેશાં જળ, જંગલ અને જમીનને પૂજતા આવ્યા છે. પ્રકૃતિની પૂજા કરતાં આદિવાસી સમાજમાં વૃક્ષ પ્રત્યેની લાગણીનાં દર્શન તેમને ડગલેને પગલે થાય. હવે થયું એવું કે આંગણવાડીના પ્રાંગણમાં આવેલા જંગલી વૃક્ષના કુદરતી મૃત્યુ પછી તેને કાપીને બળતણ તરીકે ઉપયોગ ન કરવાની જગ્યાએ તેને કંઇક નવું સ્વરૂપ આપવાનું નક્કી કરવામાં આવ્યું. ગામના આદિવાસીઓએ આંગણવાડીના ભૂલકાંઓને ધ્યાનમાં રાખી વૃક્ષના સૂકાયેલા થડને રમતના સાધનમાં પરિવર્તિત કરવાનું વિચાર્યું. આદિવાસીઓએ પોતાના ટાંચાં સાધનો એવા કુહાડી અને કરવતથી ત્રિપાંખીય રીતે વિસ્તરેલા થડ અને મૂળને આરામ ખુરશી અને બાંકડાનું રૂપ આપી કમાલ કરી નાખી. આત્મસૂઝ વડે એક વૃક્ષના એક નિર્જીવ થડને જીવંત કરી દીધું. બાળકોના કિલકિલાટથી જ તો વળી...!

વૃક્ષની આ કલાકૃતિને બાળકો માટે રમવાનું રમકડું કહો તો પણ એમાં કશું જ ખોટું નથી. ફળિયાની મધ્યે હોવાથી નવરાશની પળોમાં લોકો અહીં એકત્રિત થાય છે. આ વૃક્ષની કલાનો ઉપયોગ ખુરશી કે બાંકડાના રૂપમાં કરે છે. એકવાર જોઇએ તો એવું જ લાગે કે કોઈકે ટેકો આપીને ઊભું રાખ્યું છે. દરેક બાજુથી જોઇએ તો અલગ અલગ રૂપ જોવા મળે છે. ખરેખર અદ્ભુત કલા કારીગરીનાં દર્શન થાય છે. વધુમાં તે જે રીતે સ્થાન પામ્યું છે, ત્યાં એકવાર તો બેસવાની ઇચ્છા થાય જ.

કહેવાય છે ને કે શિલ્પકાર પથ્થરમાંથી પ્રતિમા બનાવે છે. અહીં મૃત્યુ પામેલા વૃક્ષના થડ અને મૂળને યથાવત રાખી લોકઉપયોગી બને તે માટે આદિવાસીઓની પોતાની આગવી સૂઝબૂજનો કરાયેલો ઉપયોગ અને તેમનો શ્રમયજ્ઞ ખરેખર અભિનંદનને પાત્ર છે.

# રતનમહાલનાં દુર્ગમ આદિવાસી ગામો સુધી વીજળી પહોંચી

વીજળી શક્તિ સ્વરૂપ છે. માનવ જાતિને વીજળી મળ્યા બાદ અનેક સહુલિયત રૂપે શક્તિ મળી છે. ખાસ કરીને દૂરદરાજના વિસ્તારોમાં વીજળી પહોંચ્યા બાદ માત્ર રાત્રીના પ્રકાશની જ સુવિધા જ નહીં, પણ ખુશીઓને નવું સરનામું મળ્યું છે. આ વાતના સાક્ષી બની રહ્યા છે, દાહોદ જિલ્લાના દુર્ગમ વિસ્તારમાં આવેલા ગામો. રતનમહાલનો પર્વતાળ એવો વિસ્તાર છે, જ્યાં વાહનો પણ માંડ પહોંચી શકે છે, ત્યાં આજે વીજળી પહોંચી જતાં આદિવાસીઓના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળો પહોંચતા કરવાના રાજ્ય સરકારનો મૂળમંત્ર સાકાર કરતી આ વાત આદિવાસીઓની મુશ્કેલીઓની સુખદ નિરાકરણની સાક્ષી પૂરે છે. દાહોદ જિલ્લામાં ધાનપુર તાલુકામાં આવેલા રતનમહાલ અભયારણ્ય પ્રાકૃતિ સંપદાથી ભરપૂર છે. રતનમહાલના પર્વત ઉપર પણ પાંચ ગામો પૈકી ત્રણ ગામોમાં આદિવાસીઓ વસવાટ કરે છે.

રતનમહાલ ઉપર આવેલા પીપરગોટા, અલિન્દ્રા અને ભૂવેરો ગામમાં આદિવાસીઓ આજીવિકા માટે ખેતી સહિતની વિવિધ પ્રવૃત્તિ કરે છે. આરક્ષિત વન વિસ્તાર હોવાથી અહીં પહોંચવા માટે વન વિભાગની મંજૂરી લેવી પડે છે. વાહન લઇને તમે પીપરગોટા સુધી પહોંચી શકાય છે. પણ, અલિન્દ્રા અને ભૂવેરો જવા માટે તો પગપાળા જવું પડે ! હવે વિચાર કરો કે અહીં વીજળી કેવી રીતે પહોંચી હશે ?

વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વનવાસીઓની આ સમસ્યા ધ્યાને લીધી અને મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL) નેઆદિવાસીઓના ઘર સુધી ઇલેક્ટ્રિસિટી પહોંચાડવા જણાવ્યું. આમ શરૂ થયુંઆદિવાસીઓના જીવનમાં પ્રકાશ પાથરવાનું રાજ્ય સરકારનું અભિયાન.

સાદી સમજ આપવામાં આવે તો સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લાના જાફરાબાદથી શિયાળબેટ સુધી વીજલાઇન નાખવાની કામગીરી જેટલી કપરી હતી, એટલી જ અઘરી કામગીરી કંજેટાથી પીપરગોટા સુધીની પાંચેક કિલોમિટરની લાઇન નાખવાની હતી. રતનમહાલની તળેટી સુધી તો સરળતાથી વીજલાઇન આવી ગઇ. ત્યાંથી વન વિસ્તારમાં અને એ પણ પર્વત ઉપર અંડરગ્રાઉન્ડ લાઇન નાખવાની હતી.

વર્ષ ૨૦૧૦માં સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ MGVCL દ્વારા અહીં અન્ડર ગ્રાઉન્ડ વીજલાઇન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી. અહીં ભૌગોલિક પડકારોની વચ્ચે કેબલ પાથરવામાં આવ્યો અને પીપરગોટા સુધી વીજળી પહોંચી. અલિન્દ્રા અને ભૂવેરો સુધી પોલ લઇ જવાનું કામ દુષ્કર હતું. પણ,





આ કામ કરવામાં આવ્યું.



વર્ષ માર્ચ - ૨૦૧૧ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવી અને આ ગામોમાં રોશની પહોંચી. વીજળી મળવાના કારણે ગ્રામજીવનમાં કેવાં પરિવર્તન આવ્યાં ? એ પીપરગોટા ગામના સવિતાબેન બકુલભાઈ વાંખળાના શબ્દોમાં જાણીએ.

તે કહે છે, લગ્ન બાદ ૧૯૯૯માં પીપરગોટા આવી ત્યારે અહીં વીજળી નહોતી. બધું જ કામ દિવસ આથમે ત્યાં સુધીમાં પૂર્ણ કરી લેવું પડતું હતું. રાત્રીના સમયે બહાર નીકળવું હોય તો મશાલ સળગાવી બહાર જવાનું. મશાલમાં અગ્નિપૂર્ણ થાય તે પહેલાં ઘરે આવી જવું પડે. લોટ દળાવવા કે બીજાં નાનાં મોટાં કામો માટે પર્વત નીચે ઊતરી કંજેટા જવું પડતું હતું. રાતે બાળકો અભ્યાસ પણ કરી શકતા નહોતાં. રાત્રે પંખા નહોતા એટલે મચ્છર કરડી ખાય, એવી હતી જિંદગી. ટીવી એટલે શું એ ખબર નહોતી. એવામાં વીજળી આવતા ભારે સરળતા થઈ ગઈ છે.

એક રસપ્રદ વાત એ છે કે રતનમહાલનાં આ ત્રણ ગામોમાં માત્ર એક જ ઔદ્યોગિક વીજજોડાણ છે અને તે સવિતાબેન ધરાવે છે. તે પીપરગોટામાં અનાજ દળવાની ઘંટી ચલાવે છે. અનાજ દળાવવા માટે ત્રણેય ગામના લોકો તેમને ત્યાં જ આવે છે. આ પહેલા તળેટીમાં કંજેટા ખાતે જવું પડતું હતું. ઘંટીના કારણે સવિતાબેન મહિને પાંચ - છ હજાર કમાઈ લે છે.

સવિતાબેને ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે. તે પોતાનાં સંતાનોને સારી રીતે અભ્યાસ કરાવી રહ્યા છે. સવિતાબેન પોતાનાં સંતાનોના સારા અભ્યાસ માટેનું એક કારણ વીજળી માને છે.

આવી જ વાત સગનીબેન વાખળા નામનાં એક વૃદ્ધા પણ કરે છે. તે કહે છે, વીજળી આવતા અમારા ઘરમાં પ્રકાશ આવ્યો છે. દીવા અને મશાલથી મુક્તિ મળી છે.

મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા પીપરગોટામાં ૮૭, ભૂવેરોમાં ૭૬ અને અલિન્દ્રામાં ૫૦થી વધુ કનેક્શન આપવામાં આવ્યા છે. અહીં કામ કરતાં લાઈનમેન શ્રી દિનેશભાઈ પરમાર રહે છે, શરૂઆતમાં તબક્કામાં પાણી ભરાવાના કારણે વીજલાઈનમાં સમયાંતરે સર્જાતા ફોલ્ટનો અમે તુરંત નિકાલ લાવી દેતા હતા. હજુ પણ અમે અલિન્દ્રા કે અન્ય ગામોમાં જ્યારે જ્યારે ફોલ્ટ સર્જાય ત્યારે ત્યાં ચાલીને જઈએ છીએ અને રિપેરિંગ કામ કરીએ છીએ. આવી કામગીરી લાઈનમેન શ્રી આર. એ. બામણિયા પણ કરી રહ્યા છે.

એમજીવીસીએલના કાર્યપાલક ઈજનેર શ્રી સંજય વર્મા જણાવે છે કે, રતનમહાન પર્વત ઉપર વીજળી પહોંચાડવા માટે કુલ ૯.૫ કિ. મિ. હાઈ ટેન્શન લાઈન અન્ડર ગ્રાઉન્ડ અને ૧૦ કિ. મિ. લાઈન બહારથી એમ કુલ ૧૯.૫ કિલોમિટર પાઈપલાઈન નાખવામાં આવી છે. આ ગામોનું વીજળીકરણ કરવા માટે કુલ ૧૬ ટ્રાન્સફોર્મર બેસાડવામાં આવ્યાં છે.

**પ્રોડક્શન, પ્રોસેસિંગ અને પેકેજિંગના ત્રિપલ "પી"થી**

# અરવલ્લીની આદિવાસી બહેનો બની આત્મનિર્ભર

સમગ્ર વિશ્વ અને ભારત કોરોનાના સંક્રમણકાળમાંથી પસાર થઇ રહ્યું છે ત્યારે આયુર્વેદિક ઉપચાર સર્વશ્રેષ્ઠ હોવાનું ભારતના આયુષ મંત્રાલય દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. જેમાં એન્ટીઓક્સિડેન્ટ તત્ત્વોથી ભરપૂર હળદર તે પૈકી એક છે. હળદરની ખેતી અને તેના વેચાણથી અરવલ્લીની આદિવાસી બહેનો મહિને પાંચ હજારથી વધુ કમાણી કરીને પ્રોડકશન, પ્રોસેસિંગ અને પેકેજિંગ એમ ત્રિપલ "પી"ના મંત્રથી આત્મનિર્ભર બની છે.

વાત છે અરવલ્લીની આદિવાસી બહેનોની કે જે જમીનના નાના ટુકડાઓમાં દેશી (આર્ગેનિક) હળદર અને દેશી આદુની ખેતી કરીને આર્થિક રીતે પગભર બની છે. અગાઉ ખેતરમાં હળદર અને આદુની ખેતી કરીને છૂટક બજારમાં વેચાણ કરીને પૈસા મેળવી લેતી હતી પરંતુ ગ્રામ વિકાસ એજન્સીના માર્ગદર્શન હેઠળ સખી મંડળનું નિર્માણ કરીને લોકલ બ્રાન્ડને બેસ્ટ સેલિંગ બ્રાન્ડ બનાવી છે.

અરવલ્લીના ભિલોડા અને મેઘરજ તાલુકાના બહુધા આદિજાતિ વસતી ધરાવતી બહેનો પહેલા ધાન્યપાક અને ઘાસચારનું વાવેતર કરી પશુપાલન પર નિર્ભર રહેતી હતી. પરંતુ સખીમંડળ દ્વારા બહેનોને બજારમાં માંગ વધારે હોય તેવી ઔષધીય પાકનું વાવેતર શરૂ કર્યુ જેમાં આર્ગેનિક હળદર મુખ્ય પાક છે. અહીંની બહેનો દ્વારા પકાવવામાં આવતી લીલી હળદર ૫૦ રૂપિયે કિલોનો ભાવ હોય તો પણ તરત જ બજારમાં વેચાય જાય છે પરંતુ તે સિવાય વધતી હળદરને જાતે પ્રોસેસિંગ કરીને પ્રોડક્ટને બજારમાં રૂ. ૨૫૦ના કિલોના ભાવે વેચાણ અર્થે મૂકે છે. તેની માંગ પણ વધારે રહે છે. લુસડીયા ગામની સખીમંડળના પ્રમુખ તારાબેન સુવેરા જણાવે છે કે અગાઉ અમે હળદરને બજારમાં ખુલ્લી વેચાણ કરી દેતા હતા જે પૈસા આવે તે ઘરખર્ચમાં વપરાશમાં ઉપયોગ કરતા. પરંતુ અમે સખીમંડળમાં જોડાતા લીલી હળદર તેમજ સૂકી હળદરને પ્રોસેસિંગ કરી વેચતા બજારમાં ભાવ પણ ઊંચો મળવા લાગ્યો તેમજ જે આવક મળે તેમાંથી



અમારા બચતખાતામાં પણ પૈસાનો વધારો થયો.

આ અંગે વધુ વાત કરતાં બહેનો કહે છે કે, અમે આદિજાતિ વિભાગની યોજનાથી અમે ગરમ મસાલા પ્રોસેસિંગ અને પેકેજિંગનું મશીન પણ વસાવી જાતે જ પેકિંગ કરીએ છીએ. જેથી અહિના સખી મંડળના દ્વારા બનાવવામાં આવેલ હળદરના બ્રાન્ડની માંગ વધારે રહે છે. આત્મનિર્ભર બનેલી તારાબેનના સખીમંડળની બહેનો કહે છે. અંદાજે એક હેકટર જમીનમાં આદુ અને હળદરની ખેતી કરી લગભગ ૨૦૦થી વધુ પરિવારો આજીવિકા ચાલે છે.જેમાં પાંચથી વધારે સખીમંડળની ૭૦થી વધુ બહેનો જોડાયેલી છે. જેઓ મહિને રૂ. પાંચ થી ૧૦ હજાર અને શિયાળાના ચારમાસના ગાળામાં રૂ. ૫૦ હજારથી વધારે કમાણી કરી લઇએ છીએ.

તેઓ અહીંના આદુની માંગ પણ એટલી રહેતી હોઇ, તેઓ હવે આદુની પેસ્ટ બનાવી બજારમાં વેચાણ અર્થે મૂકી છે તેની માંગ પણ વધતા હવે અમે આસપાસના વિસ્તારમાં નાના પાયે આદુની ખેતી કરતા ખેડૂતો પાસેથી આદુનું કલેકશન કરી તેનું પ્રોસેસિંગ કરી બજારમાં વેચાણ શરૂ કર્યું છે. જેનાથી ખેડૂતોને પણ પોષણક્ષમ ભાવ મળી રહે છે અને સખીમંડળની બહેનોને પણ ફાયદો થાય છે.

આર્ગેનિક ખેતીથી આત્મનિર્ભર બનેલી આદિવાસી બહેનોઓએ લોકલ બ્રાન્ડને બેસ્ટ સેલિંગ બ્રાન્ડ બનાવી છે.

# માટીના ચૂલાથી શહેરના પીઝા પાર્લર સુધીની સંઘર્ષમય પ્રેરકગાથા




શું આપણે કલ્પના કરી શકીએ કે, આદિવાસી વિસ્તારમાં ખેતીકામ કરતી કોઇ યુવતી શહેરના પીઝા પાર્લરની મેનેજર હોય? તેનો ઉત્તર છે હા. આજના યુવા વર્ગે આવી કલ્પના અચૂક કરવી જોઇએ અને તેને સાકાર કરવાની દિશામાં મનોમંથન સાથે જો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરાય તો તેમાં ચોક્કસ સફળતા મેળવવામાં આજનો યુવાવર્ગ ક્યારેય પીછેહઠ નહિ કરે. નર્મદા જિલ્લાના આદિવાસી અંતરિયાળ વિસ્તારના સાગબારા તાલુકાના મોટી પરોડી ગામની ગીતા વસાવાની સંઘર્ષ સાથેની અહીં વાત કરવી છે કે, જેણે રોજગારીની સાથે શ્રેષ્ઠ કારકિર્દી માટે સેવેલા આવા જ સ્વપ્નને ખરેખર સાચા અર્થમાં સાકાર કરીને તેને આજે હકીકતનું રૂપ આપ્યું છે.

સાગબારાની તાલુકાના મોટી પરોડી ગામની ગીતા વસાવા કહે છે કે પોતે બારમું ધોરણ પાસ કર્યા બાદ આગળ ભણવાની સાથે ઉચ્ચ અભ્યાસ માટે ખૂબ જ ઉત્સુક હતી. પરંતુ ગીતાના માતા-પિતા તેને આગળ ભણાવવા તૈયાર નહોતાં. અડગ મનની ગીતા કહે છે કે મેં જીદ કરીને દીનદયાલ ગ્રામીણ કૌશલ્ય યોજના અંગેની છાપામાં આવેલી જાહેરાત વાંચીને જે તે સમયે સાગબારામાં ચાલતા તાલીમ કેન્દ્રનો સંપર્ક કર્યો હતો અને ઉકત કેન્દ્રમાંથી તાલીમ અંગેનાં જરૂરી જાણકારી અને માર્ગદર્શન મેળવ્યા બાદ પૂરતી ધગશ સાથે રીટેઇલના કોર્સમાં જોડાઇ હતી. આમ, આ કોર્સમાં કૌશલ્યની સજજતા કેળવીને કાચા માટીના ઘરમાં ચૂલા પર ચા બનાવતી ગીતા રાત દિવસ માનવ કિડીયારાથી સતત ઉભરાતા વડોદરા જેવા શહેરના વાસણા વિસ્તારમાં પીઝા પાર્લરમાં ૨૦૧૬ના વર્ષમાં શરૂઆતમાં માસિક રૂા. ૬૫૦૦ના પગારથી પીઝા પીરસવાની (સર્વ કરવાની) નોકરીમાં જોડાઇ હતી. ગીતા કહે છે કે ક્રમશઃ રૂા. ૭૫૦૦ અને છેલ્લે રૂા. ૮૫૦૦ના માસિક પગાર વધારાની સાથે તેમની કંપની દ્વારા મેનેજરની જગ્યા માટે લેવાયેલી કસોટીમાં ગીતાએ સફળતા હાંસલ કરતા એપ્રિલ-૨૦૧૯થી સુરત ખાતેના પીઝા પાર્લરમાં માસિક રૂા. ૨૨૦૦૦ના પગારમાં મેનેજરની જગ્યાએ બઢતી મેળવી હતી. ત્યારબાદ ગત ઓકટોબર-૨૦૧૯ માં બારડોલી ખાતે ગીતાની બદલી થતાં ગીતા આજે બારડોલીમાં ઈન્સેન્ટિવ સાથે માસિક રૂા. ૨૩૦૦૦ હજાર જેટલો પગાર મેળવી રહી છે.

ગીતા વસાવા જણાવે છે કે, તેણીની વધુ ઉચ્ચ અભ્યાસની ધગશને લીધે વડોદરા ખાતેની તેની નોકરીની સાથોસાથ ભાવનગરની કોલેજમાંથી એક્સટર્નલ સ્ટુડન્ટ તરીકે માસ્ટર્સ ઈન સોશિયલ વેલફેરની પરીક્ષા પણ ઉતીર્ણ કરી છે. ગીતા આટલેથી અટકતી નથી અને હજી પણ એમ.એ.ના અભ્યાસમાં જોડાવાની તીવ્ર ઈચ્છા વ્યકત કરતાં જણાવે છે કે ચાલુ વર્ષે શૈક્ષણિક કાર્ય શરૂ થયેથી તેમાં પ્રવેશ મેળવશે.

સામાન્ય આવડતને અસાધારણ કૌશલ્યમાં પરિવર્તિત કરનાર ગીતાએ આદિવાસી સમાજની દીકરીઓ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે. શરૂઆતમાં ગીતાને વધુ ભણાવવા માંગતા ન હતા તેવા ગીતાના માતા પિતા આજે ગીતાની આ કારકિર્દીથી ખૂબ જ ખુશ અને પ્રસન્ન છે, ત્યારે ઓછું ભણેલા હોય અથવા અભ્યાસ ન કર્યો હોય તેવા તમામ ગ્રામીણ ભાઇ-બહેનોને પ્રેરક દિશા ચીંધતા ગીતા કહે છે કે, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલી દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના થકી સૌ કોઇ પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે છે.

ગ્રામીણ ક્ષેત્રે વસવાટ કરતાં યુવાવર્ગને રાજ્ય સરકારની આવી યોજનાઓ થકી ચોક્કસ પ્રકારની તાલીમ અને વ્યવસાય થકી રોજગારની ઉપલબ્ધિ માટે અનેક યુવાધનને આધુનિક સમયમાં પોતાના ભાવિ તરફ લક્ષ્ય સેવતા કર્યાં છે.

# હસ્તકલાથી પરિવારને આર્થિક મજબૂતી આપતી અંભેટી ગામની મહિલાઓ



ગુજરાત રાજયની ધરતી વર્ષોથી કલા, સંસ્કાર અને સંસ્કૃતિથી ધબકતી રહી છે. વિશ્વભરમાં ગુજરાત તેના પરંપરાગત નૃત્યો, હસ્તકલા, ભરતકામ, પૌરાણિક સ્થાપત્યો, ચિત્ર કલા વગેરે માટે ગર્વ લે છે. ગુજરાતનો ઈતિહાસ આજ દિન સુધી સચવાઈ રહ્યો છે. તેનું કારણ પેઢી દર પેઢી આપવામાં આવતો કલાનો વારસો છે. આ વારસો સાચવાઈ રહે તે માટે ગુજરાત રાજ્ય સરકાર સજાગ અને કટિબદ્ધ છે.

આ કલાનો વારસો સાચવવાના ભાગરૂપે તથા ગુજરાતની તમામ બહેનો માટે રોજગારીની તકો ઊભી કરવા કલાને લગતી વિવિધ તાલીમો ગુજરાત સરકાર દ્વારા નિઃશુલ્ક આપવામાં આવે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ બહેનોના સ્વસહાય જૂથ બનાવી તેઓને વિવિધ કૌશલ્યોની તાલીમ આપી પગભર બનાવવાનો પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

'હરીઓમ સ્વસહાય જૂથ'ના મંત્રી મહેશ્વરીબેન પટેલ જણાવે છે કે, 'આ બનાવટો બનાવવાનું અમને સૌને પસંદ છે, અને તેના દ્વારા જ અમે કમાણી પણ કરીએ છીએ. તેથી કામ કરતા હોય તેવો ભાસ થતો જ નથી. ઉપરાંત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોમાં સ્ટોલ નિઃશુલ્ક આપવામાં આવે છે તેથી અમારે માર્કેટિંગ કરવાની કે અલગથી સ્ટોર ખોલવાની ચિંતા રહેતી નથી. તેના માટે અમે રાજય સરકારના આભારી છીએ.'

ગુજરાત સરકાર દ્વારા રાજયના તમામ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે સ્વસહાય જૂથને વિવિધ હસ્તકલા, ઊનની વિવિધ બનાવટો તથા બાગાયતી ખેતીની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. ગુજરાતના દક્ષિણના છેવાડે આવેલા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના અંભેટી ગામના કાપરીયા ફળીયામાં ગામની ૧૨ બહેનો એ 'હરિઓમ સ્વસહાય જૂથ' ૨૦૧૦માં શરૂ કર્યું હતું. આ કાર્યક્રમ હેઠળ 'હરિઓમ સ્વસહાય જૂથ'ની તમામ બહેનોએ સોફ્ટ ટોઇઝ, ઉનની બનાવટ તથા ઘર સજાવટની અન્ય બનાવટો અંગે એક માસની તાલીમ અંભેટી સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં પ્રોગ્રામ આસિસ્ટન્ટ પ્રેમિલાબેન આહિરના માર્ગદર્શન હેઠળ મેળવી હતી. તાલીમ બાદ મંડળની તમામ બહેનોએ સાથે મળીને ઘર સજાવટની બનાવટો સાથે મળીને બનાવવાની શરૂઆત કરી. જેમાં ટેડી બેર, ડોગી, સ્પેરો, કુશન, તોરણ, ઝુમ્મર,પગ લુછણિયાં, ઢીંગલી, કાપડની થેલી, ઊનનાં પર્સ, કાપડના પર્સ, તથા અન્ય ઘર સજાવટની બનાવટો બનાવવાની શરૂઆત કરવામાં આવી હતી.

તાલીમ લીધેલ મહિલાઓની કલાના પ્રચાર-પ્રસાર માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે વિવિધ સ્થળોએ હેન્ડીક્રાફટના વેચાણ મેળાઓ તથા એક્ઝિબિશન કમ સેલ યોજવામાં આવે છે. જેવા કે, સરસ મેળા, કૃષિ મેળા, તથા રાજય સરકાર તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમોમાં નિઃશુલ્ક સ્ટોલ આપવામાં આવે છે. જેમાં પોતે બનાવેલ વિવિધ બનાવટોનું પ્રદર્શન યોજી આર્થિક ઉર્પાજન કરવામાં આવી છે. આમ, આ બહેનો ગુજરાત રાજયનો કલાવારસો આગળ ધપાવવાની સાથે પરિવારને આર્થિક સહાય પણ સારી રીતે કરી શકે છે.

લોકડાઉન પહેલાં વર્ષ-૨૦૨૦માં સુરત ખાતે યોજાયેલા હસ્તકલા મેળા-૨૦૨૦માં પ્રદર્શન સ્ટોલ દ્વારા રૂપિયા ૩૦ હજારથી વધુની કમાણી 'હરિઓમ સ્વસહાય જૂથ' દ્વારા કરવામાં આવી છે. આ સિવાય નાની-મોટી કંપનીઓ તથા સંસ્થાઓ દ્વારા લઘુ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે વિવિધ બનાવટોના ઓર્ડર અલગથી આપવામાં આવે છે. આમ રાજય સરકાર, વિવિધ સંસ્થાઓ તથા કલાના કદરદાનોના પ્રોત્સાહનથી આ બહેનો પોતાના ઘર પરિવારને આર્થિક રીતે મદદ કરવા સક્ષમ બની શકી છે.

આ સિવાય બહેનો દ્વારા બાગાયતી ખેતીમાં નર્સરી અને કિચન ગાર્ડનની પણ તાલીમ લીધી છે. જેનો ઉપયોગ રોજિંદી જીવન શૈલીમાં કરવામાં આવે છે. આજના આધુનિક યુગમાં પણ જયારે પરંપરાગત કલાના માધ્યમથી બહેનો સારી એવી રોજગારી મેળવી શકે તેથી વધુ સારી બાબત કોઇ પણ રાજય માટે ન હોઇ શકે. આવી તમામ બહેનો કલાના વારસાને સાચવવાની સાથે ગુજરાત રાજયને ગર્વ પણ અપાવી રહી છે.

# આદિવાસી છાત્રાલયો બન્યાં સુરતના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ

રાજય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં ખાસ શૈક્ષણિક વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. આદિવાસી શિક્ષણ ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા બાલવાડી, આશ્રમશાળાઓ, એકલવ્ય વિદ્યાલય, સરકારી છાત્રાલયો અને ડ્રાય હોસ્ટેલ શરૂ કર્યાં છે. જેનો પૂરતો લાભ આદિવાસીઓનાં સંતાનો મેળવતા થયાં છે.

છેવાડાના અંતરિયાળ વિસ્તારોમાં રહેતાં આદિવાસી ભાઈ-બહેનો શિક્ષણથી વંચિત ન રહે માટે શાળાઓ, કોલેજની સુવિધા ઉપલબ્ધ કરાવી છે.

સુરત શહેરના મજુરાગેટ ખાતે આદિજાતિ વિભાગ દ્વારા સંચાલિત પી.એમ.છાત્રાલયમાં ચાર વર્ષ રહીને બી.ઈ.મિકેનિકલનો ડિગ્રી કોર્સ પૂર્ણ કરી ચૂકેલા સચિનકુમાર ભરતભાઈ માહલા જણાવે છે કે, ૨૦૧૬ના વર્ષમાં સુરતની ગાંધી એન્જિનિયરિંગ કોલેજમાં બી.ઈ.મિકેનીકલના પ્રથમ વર્ષમાં એડમિશન મળ્યું. એડમિશન તો મળી ગયું પણ સુરત જેવા મોટા શહેરમાં રહેવા અને જમવાનું ટેન્શન હતું. મારું વતન નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મુઆઆંબા ગામ છે. જે મારી કોલેજથી ૧૨૦ કિ.મિ. જેટલું દૂર છે એટલે અપડાઉન કરવું શકય ન હતું. પણ કોલેજની નજીકમાં આદિજાતિ વિભાગ દ્વારા સંચાલિત છાત્રાલયે મારૂ ટેન્શન દૂર કર્યું. છાત્રાલયમાં ફોર્મ ભરતા જ એડમિશન મળી ગયું. સતત ચાર વર્ષ હું આ છાત્રાલયમાં રહીને મારા જીવનના શિક્ષણના સુવર્ણયુગ કહી શકાય તેવો ડિગ્રી એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. રહેવા-જમવાની સુવિધાઓ સાથે કોલેજની નજીકમાં મળી હોવાથી કોઈ પણ ખર્ચ કે અન્ય મુશ્કેલીઓ વિના ચાર વર્ષનો અભ્યાસ પૂર્ણ કરી શકયો છું. રાજય સરકારનો ખૂબ આભાર માનું છું કે, અમારા જેવા દુરના અંતરિયાળ વિસ્તારમાં વસતા ગરીબ વિદ્યાર્થીઓ માટે સુરત શહેર જેવા સ્માર્ટ સિટીમાં ઉત્તમ છાત્રાલયોનું નિર્માણ કર્યું છે જેથી મારા જેવા હજારો વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે રહેવા અને જમવાની સુવિધા મેળવી રહ્યા છીએ.

સુરત શહેરથી ૭૫ કિ.મિ. દૂર માંગરોળ તાલુકાના માંદણ ગામના વતની પ્રજ્ઞેશભાઈ વસાવા જણાવે છે કે, ૨૦૧૫ના વર્ષમાં સુરતની એસ.પી.બી.કોલેજમાં બી.કોમ. ઈંગ્લિશ મીડિયમમાં એડમિશન લીધું હતું. મારૂં ગામ ઘણું દૂર હોવાથી કોલેજથી ઘર સુધી અપડાઉન કરવું મુશ્કેલ હતું. અમારી પરિસ્થિતિ પણ એવી ન હતી કે, નજીકમાં ફલેટ રાખીને ભણી શકું. ઘરથી અપડાઉન કરવું પણ ઘણું મુશ્કેલ હતું. કારણ કે, અપ-ડાઉન કરવાથી સમય અને નાણાં બન્નેનો ખર્ચ થાય જે મારા જેવા ગરીબ માટે શકય ન હતું. પણ કોલેજથી નજીકમાં આવેલા પી.એમ.છાત્રાલયમાં ત્રણ વર્ષ રહીને ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું. હોસ્ટેલમાં રહેવા-જમવાથી માંડીને તમામ સુવિધાઓ મળી હતી. ગ્રેજ્યુએશન કર્યા બાદ એમ.કોમ.નું પ્રથમ વર્ષ પણ કોલેજમાં રહીને પૂર્ણ કર્યું.



સુરત જિલ્લામાં ખાસ કરીને ઉમરપાડા, માંડવી અને માંગરોળ તાલુકાના દૂર ગામડાઓમાં વસતા તથા અન્ય જિલ્લાઓના વિદ્યાર્થીઓને સુરત શહેર તથા તાલુકા મથકોએ છાત્રાલયોનું નિર્માણ કરીને રહેવા-જમવાની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી રહી છે. જિલ્લામાં કુમારો માટે નવ તથા કન્યાઓ માટે આઠ મળી ૧૭ જેટલાં છાત્રાલયો કાર્યરત છે. જેમાં ૧૪૩૫ કુમારો તથા ૧૫૦૦ કન્યાઓ મળી કુલ ૨૯૩૫ જેટલા વિદ્યાર્થીઓ છાત્રાલયોમાં રહીને શિક્ષણ મેળવી રહ્યા છે. સુરત શહેરી વિસ્તારમાં પાંચ છાત્રાલયોમાં ૮૦૦, માંડવી તાલુકા મથકે ચાર છાત્રાલયોમાં ૫૩૫, બારડોલીમાં ચાર છાત્રાલયોમાં ૩૩૫, માંગરોળ તાલુકાના વાંકલ ખાતે ૧૧૦૦ વિદ્યાર્થીઓ, ઉમરપાડામાં ૧૧૫ તથા મહુવામાં ૫૦ વિદ્યાર્થીઓ છાત્રાલયોની સુવિધાઓ સાથે શિક્ષણ મેળવી રહ્યા છે. તેમને જમવાની સાથે દૂધ અને નાસ્તો પણ આપવામાં આવે છે.

રાજય સરકાર આદિવાસી યુવક-યુવતીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી રાજયના વિકાસમાં ભાગીદાર બને તેવો હેતુ બર આવી રહ્યો છે.



# એકલવ્ય શાળાઓએ રાજ્યની પૂર્વપટ્ટીમાં સર્જ્યો શિક્ષિત સમાજ

વિકાસ અને સુશાસન માટે ગુજરાત દેશનાં અન્ય રાજયો માટે આદર્શ અને પ્રેરણાદાયી રાજય છે. આપણા લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ રાજય સરકાર દ્વારા છેલ્લાં ૪ વર્ષમાં લેવામાં આવેલા જનહિતલક્ષી નિર્ણયોથી અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારો અને વ્યક્તિઓ સુધી વિકાસયાત્રાનાં ફળ સફળતાપૂર્વક પહોંચી રહ્યાં છે. શિક્ષણથી જ વિકાસ અને સુખ-સમૃદ્ધિ આવે છે. એ હકીકતને ધ્યાનમાં લઇ સરકાર દ્વારા રાજયમાં શિક્ષણક્ષેત્રે વિરાટ કામગીરી કરવામાં આવી છે. રાજયભરમાં ઠેરઠેર પૂરતી સંખ્યામાં શાળાઓ અને વિવિધ ફેકલ્ટીની કોલેજો, આઇ.ટી.આઇ., પોલિટેકનિક વગેરે ઉપલબ્ધ બનાવાઇ છે. પરિણામે વિદ્યાર્થીઓ માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધી અભ્યાસ કરીને પોતાની પસંદગીની ફેકલ્ટીની કોલેજમાં એડમિશન મેળવી ઉજ્જવળ કારકિર્દી બનાવે છે.

શિક્ષણની આ અવિરત યાત્રાને લીધે આદિજાતિના વિદ્યાર્થીઓ હવે રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ પ્રાપ્ત કરતા થયા છે. અંબાજી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલના ધોરણ-૯ અને ૧૦માં અભ્યાસ કરતાં ૧૦ વિદ્યાર્થીઓએ ૯ મી ફીલ્ડ આર્ચરી કેમ્પમાં જાન્યુઆરી ૨૦૨૦માં આગ્રા ખાતે યોજાયેલી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી ૭ વિદ્યાર્થીઓએ ૧૦ ગોલ્ડ





મેડલ, ૪ સિલ્વર મેડલ અને ૫ બ્રોન્ઝ મેડલ મળી કુલ-૧૯ મેડલ મેળવી શાળા અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીઓને તાલીમ આપનારા કોચ શ્રી ઈશ્વરભાઇ સોલંકીએ જણાવ્યું કે, ટૂંકાગાળાની તાલીમથી પણ અમારી શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ સારું પરિણામ મેળવ્યું છે. અમારી સ્કૂલને આર્ચરીમાં આટલા બધા મેડલ્સ અપાવનાર વિદ્યાર્થીઓ ખરેખર અભિનંદનને પાત્ર છે. તેઓ સૌ દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકો ડુંગરાળ અને મહદઅંશે આદિજાતિ વસતિ ધરાવતો છે. રાજય સરકારની મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલોથી દાંતા અને અમીરગઢ તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં ઝડપભેર શિક્ષિત સમાજનું નિર્માણ થઇ રહ્યું છે. રાજયના આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગર સંચાલિત ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી અને ટ્રાયબલ એરિયા સબ પ્લાનની કચેરી પાલનપુર દ્વારા આદિજાતિ બાળકોના સર્વાંગી વિકાસ માટે પાયારૂપી શિક્ષણની સુવિધા પૂરી પાડવા તેમના જ તાલુકામાં ઉચ્ચ શિક્ષણની સુવિધા ધરાવતી ૩- એકલવ્ય રેસિડેન્શિયલ સ્કૂલ, ૫- ગર્લ્સ રેસિડેન્શિયલ સ્કૂલ તથા ૨-મોડેલ સ્કૂલ એમ કુલ ૧૦ શાળાઓ અમીરગઢ અને દાંતા તાલુકામાં કાર્યરત છે.

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ દરેક ક્ષેત્રની હરિફાઈમાં ટકી શકે તે માટે ધોરણ- ૬ થી ૧૨ સુધીનું શિક્ષણ, રહેઠાણ, પુસ્તકો, ગણવેશ તેમજ ભોજન સહિતની સગવડો એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલમાં વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. તેવી જ રીતે આદિજાતિની દીકરીઓનો સાક્ષરતા દર ઊંચો આવે, દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવતી થાય અને ડ્રોપ આઉટ રેટ ઘટાડી શકાય તે માટે કન્યા સાક્ષરતા નિવાસી શાળા ચલાવવામાં આવે છે. ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં આ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. આદિજાતિ વિસ્તારની શાળાઓમાં ધો. ૧૧ તથા ૧૨ સાયન્સ પ્રવાહના વર્ગો અને એમાં અદ્યતન સાધનો ધરાવતી સાયન્સ લેબની સુવિધા ઉપલબ્ધ છે.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી ગાંધીનગર દ્વારા દાંતા તાલુકાના જગતાપુરા ખાતે રૂ. ૧૦.૯૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ મોડેલ સ્કૂલ અને રૂ. ૧૩.૮૨ કરોડના ખર્ચથી નિર્મિત કન્યા સાક્ષરતા નિવાસી શાળા ગઢ મહુડીના નવીન શૈક્ષણિક સંકુલનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જગતાપુરા મોડેલ સ્કુલમાં ૪૨૦ વિદ્યાર્થીઓ અને કન્યા સાક્ષરતા નિવાસી શાળા ગઢમહુડીમાં ૩૦૦ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી શકે તેવી સુવિધા છે.આમ, આદિજાતિ વિસ્તારના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે તે માટે રાજય સરકારશ્રી દ્વારા અદ્યતન સુવિધાઓ સાથે શાળાઓ ઠેર ઠેર શરૂ કરવામાં આવી છે. રાજય સરકારશ્રીની સહાયના સથવારે આદિજાતિ વિસ્તારોમાં બહુ ઝડપથી આદર્શ, શિક્ષિત અને સમૃદ્ધ સમાજનું નિર્માણ થઇ રહ્યું છે.

# સુરક્ષિત માતૃત્વ આપતી અનેકવિધ આરોગ્યલક્ષી યોજનાઓ



સૌના આરોગ્યની દરકારના ઉદેશને ચરિતાર્થ કરતી ગુજરાત રાજયની સંવેદનશીલ સરકાર જન - સામાન્યની સર્વાંગીણ સુખાકારી માટે જીવન જીવવા જરૂરી એવી તમામ બાબતોની કાળજી રાખે છે. રાજયનો આરોગ્ય વિભાગ નવજાત શિશુઓ, બાળકો, તરુણીઓ, દીકરીઓ, મહિલાઓ, મજૂરો, વૃદ્ધો, વંચિતો, ગરીબો, અનુસૂચિત અને આદિજાતિના લોકોના આરોગ્ય વિશે જાણકારી મેળવી તબીબો સાથે ઊંડાણપૂર્વક વિચાર વિમર્શ કરી ખાસ નીતિઓ તથા યોજનાઓ ઘડી કાઢી છે. આ યોજનાઓનો વિસ્તાર પ્રમાણે તેમજ રાજ્યવ્યાપી અસરકારક અમલ કરાવવામાં આવે છે.

રાજ્ય સરકારની આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓના લાભાર્થી મંજુલાબેન જણાવે છે કે, માલવણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર અને તેમની આરોગ્ય ટીમ દ્વારા સગર્ભાવસ્થાથી નિયમિતપણે અત્યાર સુધી મારા આરોગ્યની ચકાસણી કરી સારસંભાળ લેવામાં આવે છે. પ્રસવપીડા બાદ સામાન્ય પ્રસૂતિ પણ માલવણ આરોગ્ય કેન્દ્ર ખાતે થઇ હતી. આર્યન સુક્રોઝના ઈંજેક્શન પણ મૂકવામાં આવ્યાં હતાં. રૂા.૨૦૦૦ના ત્રણ તબક્કામાં અત્યાર સુધી કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત મને રૂા.૬૦૦૦ મળ્યા છે. જનની સુરક્ષા યોજના અંતર્ગત રૂા.૭૦૦ની સહાય પણ મને મળેલ છે. મારી દીકરી કોમલને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ હેઠળ તમામ રસી પણ મૂકવામાં આવી છે. સરકારની આ આરોગ્યલક્ષી યોજનાઓના થકી મારી અને દીકરીના આરોગ્યની ઘર પરિવારના મોભીની જેમ સારસંભાળ સરકારે લીધી છે. તે બદલ સરકારશ્રી પ્રત્યે આભાર વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી.

પ્રધાનમંત્રીશ્રીના "મનકી બાત" કાર્યક્રમ દરમિયાન કરેલ આહવાનને અનુસરીને રાજયનાં તમામ પ્રા.આ.કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, જિલ્લા હોસ્પિટલ, મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ અને જાહેર આરોગ્યની સંસ્થાઓમાં દર મહિનાની ૯મી તારીખે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃ - ક્લિનિક યોજાય છે. તે અંતર્ગત મહીસાગર જિલ્લાના આદિજાતિ વિસ્તારના કડાણા તાલુકાના માલવણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નાની ખરસોલી ગામના મોઘોની મુવાડી ફળિયાના મંજુલાબેન કમલેશભાઇ ડામોર પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન ઉપરાંત પોષણયુક્ત આહારના હેતુસર કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની સુરક્ષા યોજના અને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમથી લાભાન્વિત થયાં છે.

માલવણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરશ્રી ડૉ. નિલય કસ્બાતી જણાવે છે કે, વર્ષ ૨૦૧૯-૨૦માં સરકારની વિવિધ આરોગ્યલક્ષી સેવાઓનો લાભ આ આદિજાતિ વિસ્તારમાં આપવામાં આવ્યો છે. તે અંતર્ગત પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ યોજનાનો ૧૨૫૮ સગર્ભા મહિલાઓને લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ૨૦૨૬ આર્યન સુક્રોઝના ઈંજેક્શન આપવામાં આવ્યાં છે. જનની સુરક્ષા યોજના અંતર્ગત ૨૪૮ લાભાર્થી અને કસ્તુરબા પોષણ સહાય યોજનામાં ૩૧૫ લાભાર્થીઓને આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે.

તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. એન.એસ. ગોસાઈએ જણાવ્યું છે કે, મહીસાગર જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આવેલ બે આદિજાતિ તાલુકાઓ કડાણા અને સંતરામપુરમાં વર્ષ -૨૦૧૯-૨૦માં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત ત્રણ તબકકામાં ૪૧૫૫ સગર્ભા મહિલાઓને રૂા.૨.૪૯ કરોડ ઉપરાંતની સહાય અને જનની સુરક્ષા યોજના અંતર્ગત ૨૯૭૨ સગર્ભા માતાઓને રૂા.૨.૦૮ લાખ ઉપરાંતની સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

સ્વસ્થ ગુજરાત સમર્થ ગુજરાતના મંત્રને વરેલી ગુજરાત સરકાર જનહિતાય જન સુખાય આરોગ્યલક્ષી કલ્યાણકારી યોજનાઓના માધ્યમથી ઉડાણ અને અંતરિયાળ આદિજાતિ વિસ્તારના છેવાડાના માનવીની સંવેદનશીલતાથી દરકાર લઇ રહી છે.

# આદિવાસીઓના વિકાસની દરકાર, રાખી રહી છે ગુજરાત સરકાર

## વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોનાં સર્વાંગી વિકાસ માટે પાછલા ૧૦ વર્ષમાં ગુજરાત સરકારે ખર્ચ્યા રૂ. ૯૦,૦૦૦ કરોડથી વધુ

### પીવાનું પાણી અને સિંચાઇઃ આદિજાતિ વિસ્તારોમાં ઘરે ઘરે પહોંચ્યું છે પાણી

- જૂથપાણી પુરવઠા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ૨૬૧૪ ગામોને પાણી પહોંચાડાઇ રહ્યું છે. જ્યારે ૮૯૬ ગામોના કામ પ્રગતિમાં
- વર્ષ ૨૦૦૧માં ૪૮,૬૯૮ આદિવાસી પરિવારોને નળથી પાણી મળતું જે આજે ૧૧.૩૦ લાખ પરિવારો સુધી પહોંચ્યું આ વિસ્તાર માટે પીવાના પાણીની યોજનાઓ ઉપર રૂ.૫૩૭૦.૪૪ કરોડનો ખર્ચ થયો.
- પાછલા ૪ વર્ષમાં સિંચાઈની વિવિધ યોજનાઓના ૧૬૩૧ કામો હાથ ધરી ૧,૯૪,૨૫૭ એકર વિસ્તારને સિંચાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.
- રૂ. ૩૭૯૬ કરોડના ખર્ચની ૧૦ મોટી ઉદ્વહન સિંચાઇ યોજના પ્રગતિમાં, જેનાથી ૨૧ તાલુકાના ૫૯૦ ગામોના ૨,૩૦,૨૫૦ વિસ્તારને સિંચાઇ સુવિધા મળશે.

### વીજળી ૨૪ x ૭ : આદિવાસી પરિવારોનાં ઘર થઇ રહ્યાં છે વીજળીથી રોજન

- આદિવાસી પરિવારોનાં ઘર ૨૪ x ૭ થઇ રહ્યાં છે વીજળીથી રોશન
- આ વિસ્તારના ૫૮૮૪ ગામોમાં પહોંચાડી વીજળી અને ૧૭૯ નવા સબસ્ટેશન ઊભા કરવામાં આવ્યા
- આદિજાતિ વિસ્તારોનાં ૧,૮૩,૫૮૪ ખેતરોમાં પહોંચાડી વીજળી
- કુટીર યોજના હેઠળ ૧,૨૫,૮૮૩ ઘરોમાં અપાયા વીજ કનેકશન

### રસ્તા : આદિજાતિ વિસ્તારોમાં મોટાપાયે થયું રસ્તાઓનું નિર્માણ

- આદિજાતિ વિસ્તારના તમામ મહેસુલી ગામોને બારેમાસ રસ્તાઓ સાથે જોડવામાં આવ્યાં.
- ૨૫૦થી નીચી વસ્તીવાળા આદિજાતિ વિસ્તારોનાં ૯૮૪ પરાને રાજ્યની વનબંધુ કલ્યાણ યોજના અને ૮૩ ગામોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ એમ કુલ ૧૦૬૭ પરાઓને એસ્ફાલ્ટ રોડથી જોડવામાં આવ્યા.
- રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં અંતરિયાળ વિસ્તારમાં ૭૨૧૦ કિ.મી. લંબાઇના રસ્તાઓનું નિર્માણ
- આદિજાતિ વિસ્તારોના રસ્તાના બાંધકામ અને સમારકામ માટે વિભાગના કુલ બજેટના આશરે ૧૪.૫૦% જેટલું બજેટ.

### શિક્ષણ : શિક્ષણથી દીવા થયા, ભણતરથી અંધારા ગયા

- ૭૫૩ જેટલી આશ્રમ શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને એકલવ્ય શાળાઓના ૧,૩૭,૦૦૦ વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને અભ્યાસની સુવિધા પૂરી પાડવા ૬૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ.
- ૧૪ આદિજાતિ જિલ્લામાં મૅડિકલ અને એન્જિનિયરિંગ શાખાઓમાં પ્રવેશ પરીક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૯૦થી વધુ તાલીમ કેન્દ્ર શરૂ કરાયા. જેમાંથી ૨૭૪ વિદ્યાર્થીઓએ NEET અને JEEમાં ૩૩૯ વિદ્યાર્થીઓ પ્રવેશ મળવાપાત્ર.
- ૪૪ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ શાળા, ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળા, ૧૨ મોડલ શાળાઓ, ૨ સૈનિક શાળાઓમાં ૩૩,૬૭૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે.
- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિના સર્વાંગી વિકાસ માટે ૨ લાખ થી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપનો લાભ આપવા માટે રૂ. ૩૭૯ કરોડની જોગવાઇ.
- રાજ્યમાં ૨૯ મૅડિકલ કોલેજો પૈકી ૩ કોલેજો આદિજાતિ વિસ્તારમાં, ૯ જિલ્લામાં ૧૮ સમરસ છાત્રાલયોમાં આદિજાતિના ૩૭૫૦ વિદ્યાર્થીઓને રહેવા જમવાની વ્યવસ્થા.

### જમીનના હક : આદિવાસીઓને તેમની જમીનના માલિકીના હક મળ્યાં

- પેસા એક્ટના ત્વરીત અમલથી વનબંધુઓને વન પેદાશો - ગૌણ ખનીજના પ્રથમ અધિકાર આપી સ્થાનિક વિકાસને અગ્રતા અપાઇ
- છેલ્લા ૬ વર્ષમાં વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૪ જિલ્લાના અંદાજીત ૯૬,૦૦૦ની વધુ આદિવાસીઓને વ્યક્તિગત અને સામુદાયિક જમીનના દાવા મંજૂર કરી આદેશપત્ર એનાયત કરાયા

### સાંસ્કૃતિક વારસાનું જતન અને ટુરિઝમ : સંસ્કૃતિનું રક્ષણ પણ અને વિકાસ પણ

- આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં મહત્વનો ફાળો આપનાર આદિવાસી સ્વાતંત્રવીરોના યોગદાનને ઉજાગર કરનાર રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયબલ મ્યુઝિયમની ૬૫% કામગીરી પૂર્ણ. રૂ. ૧૦૩.૧૭ કરોડનાં ખર્ચે તૈયાર થનારું આ મ્યુઝિયમ ૨૦૨૨માં તૈયાર થશે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા નર્મદા જિલ્લામાં ટુરિઝમ સેક્ટરનો વિકાસ થયો અને રોજગારીનું સર્જન થયું.



પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
મુદ્રક : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ